ધર્મના નામે ધમપછાડા.

Reg. No. B. 2917
*Tele. Add.* 'Yuvaksangh'

# પ્રબુદ્ધ જૈન.

સમાજ, ધર્મ અને રાષ્ટ્રની સેવા બજાવતું નૂતનયુગનું જૈન સાપ્તાહિક.

| | | |
|---|---|---|
| છુટક નકલ ૧ આનો<br>વાર્ષિક રૂા. ૨-૮-૦ | શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું મુખપત્ર.<br>તંત્રીઃ-ચન્દ્રકાન્ત વી. સુતરીયા. | વર્ષ ૨ જું, અંક ૧૯ મો.<br>શનીવાર તા. ૪-૩-૧૯૩૩. |

# આટલું તો જરૂર કરો.

ત્યાગના બહાના નીચે બાળકોને ઉઠાવી જવાના ચોંકાવનારા કીસ્સાઓથી સમાજ ખળભળી ઉઠયો હતો, અને સાધુશાહી તેને ઠોકરે મારી અટ્ટહાસ્ય કરી રહી હતી. તે વખતે સુધારાના પ્રખર હિમાયતી નામદાર ગાયકવાડ સરકારે પ્રજાના રક્ષણાર્થે સંન્યાસ દીક્ષા નિયામક નિબંધ બહાર પાડયો છે.

તમારા બાલ-બચ્ચાં તમને વહાલાં હોય, ધાડપાડુઓના પંજામાંથી તેમનું રક્ષણ કરવા માગતા હો તો, નિબંધને ટેકો આપવા

## આટલું તો જરૂર કરો—

૧ અયોગ્ય દીક્ષાના હિમાયતી સાધુઓ, તેમ તેમના તરફથી ફરતા એજન્ટોના કાવાદાવાથી ચેતતા રહો.

૨ જાહેર સભાઓ ભરી સહાનુભૂતિના ઠરાવો કરો.

૩ સંસ્થાઓ તેમજ વ્યકિતઓ, તાર કે કાગળ દ્વારા સહાનુભૂતિના સંદેશા મોકલો.

દિવસો ગણ્યાંગાંઠયા બાકી છે; અયોગ્ય દીક્ષાના હિમાયતીઓ ગામડે ગામડે ઘુસી અનેક જાળો બીછાવી રહ્યા છે. એટલે વખત ગુમાવ્યા સિવાય તમારા અંતર અવાજને માન આપી વાલી તરીકેની ફરજ અદા કરો.

पुरिसा ! सच्चमेव समभिजाणाहि ।
सच्चस्स आणाए से उवाट्ठिए मेहावी मारं तरइ ॥

હે મનુષ્યો ! સત્યને જ બરાબર સમજો. સત્યની આજ્ઞા પર ખડો થનાર બુદ્ધિવાન્ મૃત્યુને તરી જાય છે.

( આચારાંગ સૂત્ર)

# પ્રબુદ્ધ જૈન.

શનીવાર તા૦ ૪-૩-૩૩.

## ધર્મના નામે ધમપછાડા.

અયોગ્ય દીક્ષાના હિમાયતીઓની બેમરિયાદ વર્તણુંકને લીધે જૈન સમાજમાં કુસંપ, કલેશ અને કંકાસે ઘર કર્યું હતું; ભાઇ-ભાઇની વચમાં, પિતા-પુત્રની વચમાં, પતિ-પત્નિની વચમાં કડવાશના બીજ રોપાઇ રહ્યા હતા; મારામારી, કોર્ટ-દરબાર વિગેરે પાછળ સમાજનું ધણું ખર્ચાઇ રહ્યું હતું. સમાજ છીન્ન ભીન્ન સ્થિતિમાં મૂકાઇ ગયો હતો; કહો કે સમાજનું નાવ સુકાની વિહોણું બની હરિફાઇમાં ખાઇ વિનાશના આરા તરફ ધસડાઇ રહ્યું હતું. તેનું મુખ્ય કારણ હતું અયોગ્ય દીક્ષા. તેમાંથી ઉગારવા સંન્યાસ દીક્ષા નિયામક નિબંધ બહાર પાડી નામદાર ગાયકવાડ સરકારે જૈન સમાજમાં સળગતા દાવાનળને બુઝવી દેવાનું પ્રસંસનીય પગલું ભર્યું. એમ કહીયે તો અમારે ખોટું નથી.

જે આગ્યો તેને મુંઢી નાંખવામાં પાવરથી બનેલી રામ-સાગરની મંડળીથી અને તેમનીજ મોરલી પર નાચતા સાધુ વર્ગથી અને ધર્મિષ્ઠ શ્રાવક વર્ગથી કહેવાતા શાસન પ્રેમીઓથી આ સહ્યું કેમ જાય! એ નામચીન સાધુ સમુદાય આજે ધમપછાડા કરતો પુરપાટ, જાણું મીર મારવા જતો ન હોય તેમ વડોદરા તરફ ધસી રહ્યો છે અને ગામડાં અને શહેરોમાંના ભોળા લોકોને સમજાવી રહ્યો છે કે " આ નિબંધ, 'આત્માઓની આધ્યાત્મિક ઉન્નતિના માર્ગને રૂંધનારો અને ધર્મની સ્વતંત્રતા ઉપર ત્રાપ મારનારો છે' માટે તેની સામે ઝુંબેશ ઉઠાવો, નહિ તો સાધુ વર્ગ નાશ પામી જશે." આવા ખોટા ગપાટા હાંકનાર એ ગપ્પીદાસોએ હજી નિબંધ વાંચ્યો નથી અને જો વાંચ્યો છે તો સ્વાર્થને ખાતર ભોળી જનતાને ધર્મ રક્ષણને નામે ખોટે રસ્તે દોરે છે.

તેમની વડોદરા તરફથી કુચ ધર્મ માટેની નથી, પણ સ્વાર્થ અર્થેની હોવાથીજ ગામડે ગામડે ભટકી તેમને વડોદરા જવાનું સુઝયું છે. અને તે ભોગે નિબંધ રદ કરાવવાના આ તેમના પેતરા છે. જો આ પેતરા ન રચાય તો ચોરીથી ઉંચ-કનારા, કાપ કઢાવનારા, પગચંપી કરનારા, વગેરે કામો માટે પોતાની ઇચ્છાઓ તૃપ્ત કરનારાઓની જમાત મહોટી શી રીતે કરી શકાય? એટલેજ આ નિબંધ સામે ધમપછાડા અને કુચ કદમો શરૂ થઈ છે, એમને સાચા સાધુઓની જરૂર નથી પણ ટોળાની જરૂર છે; એટલે ભોળી જનતાને ધર્મના નામે ભમાવવાની ચાલ આદરી છે.

ધર્મના નામે પોકારો કરતા આ મહાત્મા (!) ઓને પાલીતાણા વખતે ધર્મ ઉપર ધાડ નહોતી દેખાઇ. તે વખતે તો તેઓ અને તેમના ભક્તો મૌનજ સેવી રહ્યા હતા; જ્યારે આ અવસરે શોરબકોર કરવા મંડી પડ્યા છે. અરે! વડોદરા ઉપર ચઢી જવા સુધીની ચેસ્ટામાં ઉતર્યા છે. આ ઉપરથીજ આ ભાઈ સાહેબોના માનસનું માપ માપી શકાય છે કે, તેઓ ધર્મ માટે ખેંચતાણ કરી રહ્યા છે કે, સ્વાર્થ માટે! તે હવે સમાજને સમજાવવું પડે તેમ નથી.

**બોગસ કમીટી**-વડોદરા રાજ્યમાં લગભગ પીસ્તાલીસ હજાર જૈનોની વસ્તી છે. તેનો મોટો ભાગ આ નિબંધની તરફેણમાં હોવાથી બહારના ધાંધલીઆઓએ થોડા વખત પહેલાં દેશ વિરતિ નામનું એક નાટક મહેસાણામાં ભજવેલું તેવુંજ એક નાટક 'વડોદરા રાજ્ય જૈન પ્રજા કમીટીની સ્થાપનાનું તા૦ ૧૯-૨-૩૩ ના રોજ મહેસાણામાં કોઇના ઘરની અંદર 'તું' 'આવો' ને 'બેસો' એવા ઘાટે ભજવ્યું છે. અને જગત આગળ એવો દેખાવ કરવામાં આવ્યો છે કે વડોદરા રાજ્યની જૈન પ્રજાના પ્રતિનિધિઓની હાજરીમાંજ આ કમીટીની સ્થાપના થઇ છે. ત્યારે અમારે થોડાક પ્રશ્નો પુછવા પડે છે.

૧. વડોદરા રાજ્યની જૈન શ્વે મૂર્તિપૂજક પ્રજાના નામની જે કમીટી નીમવામાં આવી છે એ કમીટી વડોદરા રાજ્યની સમસ્ત જૈન પ્રજાએ નીમી છે? કે વડોદરા રાજ્યમાં જે બસો પાંચસો હજીઆુરીઓ છે તેણે નીમી છે?

૨ મહેસાણાના ફુલચંદ, સરૂપચંદ, ઉત્તમચંદ કે ભગતચંદમાંથી કોઇ ખુલાસો કરશે કે આપે આમંત્રણો કોને મોકલેલા? ક્યારે મોકલેલા? વડોદરા રાજ્યની જૈન પ્રજાના કેટલા પ્રતિનિધિઓએ હાજરી આપેલી? કયા સ્થળે સભા ભરેલી? કયા મહાપુરૂષ પ્રમુખ સ્થાને બીરાજેલા? જે કમીટી નીમાઇ છે તેમાં કોણ કોણ સભ્યો છે? એ નીમવાના ઠરાવ કોણે કોણે મુકેલા? આનો હેવાલ કોઇ પેપરમાં બહાર નથી આવ્યો તો તેને કેમ છુપાવી રાખવામાં આવ્યો છે? શાથી બહાર નથી મુકતા? કંઇ ભેદ છે? કે બધું ગુપ્ત છે તેથી બહાર નથી મુકતા?

# જૈનોની જાહેર સભા

રવિવાર તા૦ ૫-૩-૩૩ ફાગણ સુદ ૯ રાત્રીના ૮ કલાકે પાયધુની આદીશ્વરજીની ધર્મશાળાના વ્યાખ્યાન હોલમાં "વડોદરા રાજ્ય સન્યાસ દીક્ષા નિબંધને અનુમોદન આપવા જૈનોની જાહેર સભા મળશે. જાણીતા વકતા યોગ્ય વિવેચનો કરશે સંમતી ધરાવતા દરેક ભાઇ બ્હેનોને પધારવા વિનંતી છે.

લિ૦

મુંબઈ જૈન યુવક સંઘ.

મુંબઈ તા૦ ૨૭-૨-૧૯૩૩.

# શ્રીમંત સરકાર ગાયકવાડ વિ મે. રા. રા. વડોદરા રાજ્યના ન્યાયમંત્રી સાહેબની હજુરમાં,

મુ. વડોદરા.

સેવામાં અરજ કે—

આપ નામદાર તરફથી તા૦ ૯ માહે ફેબ્રુઆરી સન ૧૯૩૩ ની આના પત્રિકામાં સંન્યાસ દીક્ષા નિયામક નિબંધનો મુસદ્દો પ્રગટ કરવામાં આવેલો હોવાથી તેનો વિરોધ કરવા આ વખતે શ્રી વડોદરા રાજ્ય જૈન પ્રજા કમીટીના નામનો આશ્રય લેવામાં આવેલો છે તે કેટલો પોકળ છે તે આપ નામદારની નીગાહમાં રહે તે ખાતર આ પત્ર લખવા અનિવાર્ય ફરજ અદા કરવી પડી છે.

મુંબઈ સમાચાર સોમવાર તા૦ ૨૦ મી ફેબ્રુઆરી સને ૧૯૩૩ ના પૃષ્ઠ ૭ ઉપર "એ. મૂ. જૈન પ્રજાને" શ્રી વિજય સિદ્ધિસૂરિશ્વરજી મહારાજનો સંદેશ "ધર્મ સ્વાતંત્ર્ય દીન" "સંન્યાસ દીક્ષા નિયામક નિબંધ સામે વિરોધ" એ શિર્ષક હેઠળ જે કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે, તે વાસ્તવીક રીતે વડોદરા રાજ્ય જૈન પ્રજા કમીટીનો નથી. પરંતુ શિષ્ય લોભમાં અંધ બનેલા કેટલાંક અમારા આચાર્યો તથા સાધુઓના અંધશ્રધ્ધાળુ ભક્તોના નામે વડોદરા રાજ્ય બહારના સાધુઓના શિષ્ય લોભમાં મદદ કરનારી સંસ્થાનો છે. કારણ આપ નામદારની સમિતિએ તૈયાર કરેલા નિવેદનમાં છપેલા પુસ્તક પાન ૫૧ પારિગ્રાફ ૬૭ ની લાઈન ૨૭ માં જણાવેલું છે કે "વડોદરા રાજ્યના જૈન લોકોનો મોટો ભાગ કાયદો કરવાની તરફેણમાં છે. કાયદા સામે જેમના તરફથી વધારે વિરોધ થયો છે તે વડોદરા રાજ્ય બહારનો છે" આ જાતની માન્યતા ખોટી છે અને જે વિરોધ છે તે વડોદરા રાજ્યની પ્રજાનોજ છે એમ જણાવવા ખાતરજ વડોદરા રાજ્ય જૈન પ્રજા કમીટીના નામે વ્યવસ્થિત રીતે વિરોધ ઉઠાવવાનો કાર્યક્રમ ગોઠવાયો છે.

મુંબઈ સમાચાર સોમવાર તા૦ ૨૭ મી ફેબ્રુઆરી સન ૧૯૩૩ ના પેજ ૧૪ ઉપર "મતભેદ બાજુએ મૂકી કાર્ય કરો, વડોદરા રાજ્ય જૈન પ્રજા કમીટીની સુચના" એ શીર્ષક હેઠળ શેઠ ફુલચંદ ડાહ્યા અને અંબાલાલ લલ્લુભાઈ પટવા પેરેગ્રાફ બીજામાં જણાવે છે કે "શ્રી વડોદરા રાજ્ય જૈન પ્રજા કમીટીની નીમણુંક મહેસાણા જૈન ઉપાશ્રયમાં તા૦ ૧૬-૨-૩૩ ના રોજ વડોદરા રાજ્યના જાણીતા શહેરો અને ગામોના ખાસ બોલાવેલા આગેવાન જૈન ગૃહસ્થોની મીટીંગમાં થઇ હતી."

આથી એ નિશ્ચિત થાય છે કે વડોદરા રાજ્યની જૈન પ્રજાની જાહેર આમંત્રણ દ્વારા પરિષદ કે સંમેલન બોલાવીને વડોદરા રાજ્ય જૈન પ્રજા કમીટી નીમવામાં આવી નથી પરંતુ 'હું બાવો ને મંગળદાસ' એ રીતે શિષ્ય લોભી સાધુઓના અંધશ્રધ્ધાળુ રૂઢીચુસ્તોએજ ભેગા થઈને નીમેલી અમુક રૂઢીચુસ્તો જૈનોનીજ આ કમીટી છે. અને તે કમીટી સમસ્ત વડોદરા રાજ્ય જૈન પ્રજાની નથીજ અને તે કમીટીમાં વડોદરા રાજ્યની સમસ્ત જૈન પ્રજાનો અવાજ છે તેમ પણ નથી. કારણ કે વડોદરા રાજ્ય જૈન પ્રજાના નામે બોલવાનો અધિકાર તો ફક્ત વડોદરા રાજ્યની સમસ્ત જૈન પ્રજાએ નીમેલી કમીટીનેજ છે એ તો આપ નામદાર પણ સ્વિકારશો.

સંન્યાસ દીક્ષા પ્રતિબંધક નિબંધના મુસદ્દા ઉપર સૂચનાઓ મંગાવવામાં આવતાં આપ નામદાર તરફ સદરહુ મુસદ્દાનો વિરોધ કરનારા તારો, કાગળો વિગેરે એકજ જાતના કોપી-ટુ-કોપી આવેલા હોવાથી આપ નામદારની સમિતિના પ્રમુખ શ્રી રાવબહાદુર ગોવિંદભાઈ સાહેબે મૌખીક જુબાનીમાં શ્રીયુત્ ભાઈશ્રી ચીમનલાલ કેશવલાલ કડીયાને પ્રશ્ન પુછ્યો હતો. એ આપ નામદારના સ્મરણ બહાર તો નહિજ હોય. હું ન ભુલતો હોઉં તો આપ નામદારની સમિતિએ ઠરાવ્યું કે વડોદરા રાજ્ય બહારનોજ વધારે વિરોધ છે તેનું કારણ પણ એજ હોવું જોઈએ કે એકજ જાતના કાગળો અને તારો એકજ સંસ્થા કે વ્યક્તિ દ્વારા થયાનું આપ નામદારની સમિતિને ખાત્રી થતાં સદરહુ સંસ્થા કે વ્યક્તિ વડોદરા રાજ્ય બહારની હોવાનું આપ નામદારની સમિતિ પાસે પુરવાર થએલું હોવાથીજ આપ નામદારની સમિતિ નિર્ણય ઉપર આવી છે. (છપેલા નિવેદનનું પુસ્તક પાન-૨૧) "કાયદા સામે જેમના તરફથી વધારે વિરોધ થયો છે તે વડોદરા રાજ્ય બહારનાનો છે" આ જાતની ખાત્રી આપ નામદારની સમિતિને થઈ તેવી રીતેજ હું ન ભુલતો હોઉં તો મહેસાણા મુકામે નીમાએલી કમીટી એ નામનીજ કમીટી છે. અને એનો આત્મા તો વડોદરા રાજ્ય બહારનોજ છે. વડોદરા રાજ્યમાં પણ શિષ્યલોભી સાધુઓના અંધશ્રદ્ધાળુ ભક્તો નજ હોય એમ કહી શકાયજ નહિ. એટલે વડોદરા રાજ્યના શહેરો કે ગામોમાંથી તેવા ભક્તોનો સાથ લઈ વડોદરા રાજ્ય બહારની અમુક શિષ્યલોભી સાધુઓના શિષ્ય લોભમાં મદદ કરી ધર્મ માનનારી વ્યવસ્થિત રીતે સ્થપાએલી સંસ્થાએજ ગોઠવેલી—કાર્યવાહી હોવાનું માનવાને કારણ છે. અને તે કાર્યવાહી પ્રમાણે મુસદ્દાનો વિરોધ કરનારા તારો વડોદરા રાજ્યના શહેરો કે ગામોમાંથી, તે તે શહેરો કે ગામોના ચતુર્વિધ સંઘ કે સંઘના નામે આવશે એમાં શક નથી.

સંન્યાસ દીક્ષા નિયામક નિબંધને પહેલી તકે કાયદાનું સ્વરૂપ આપવામાં આવે એ વિનંતી સાથે જણાવવાનું કે અમારા એ શિષ્ય લોભી સાધુઓ શિષ્ય લોભ માટે નહિ પરંતુ કલ્યાણ ખાતરજ દીક્ષા આપવામાં આવે છે એમ કહી જનતાને ભ્રમમાં નાંખી જે દંભ સેવે છે તે કેટલો પોકળ છે તે માત્ર મુની કુસુમવિજય ને હાથના શાંતિલાલ બાગીલાલ શાહના આ સાથે રજુ કરેલા લેખ ઉપરથી જાણી શકાશે.

સદરહુ કુસુમવિજયજી આપ નામદારની સમિતિએ તૈયાર કરેલા નિવેદનના છપેલા પુસ્તક પા. ૫૮ પારેગ્રાફ ૭૦ જણાવેલા કુસુમવિજય છે કે જેઓ વડોદરા રાજ્ય-પ્રાંત મહેસાણાના શહેર પાટણના રહીશ છે. તેની સગીર ઉમરનો લાભ લઈ મુંબઈની જાહેર અમદાવાદ મોકલી મુનિ રામવિજયજીએ પોતાનાજ

# જૈન સમાજ અને દીક્ષા.

વડોદરા રાજ્ય તરફથી બહાર પાડવામાં આવેલા સંન્યાસ દીક્ષા નિયામક નિબંધથી જૈન સમાજમાં ભારે ખળભળાટ મચી રહ્યો છે. ધાર્મિક વિષયમાં ગમે તેવા સારા કે અત્યંત જરૂરી સુધારાઓનો પણ ધર્મને નામે વિરોધ કરવો એ તો હવે રૂઢી-ચુસ્ત વર્ગોને માટે એક પ્રકારની ફેશન થઇ ગઇ હોય એમ લાગે છે જેમ હિન્દુ સમાજમાં તેમ જૈન સમાજમાં પણ એવો એક વર્ગ છે કે જે ગમે તેવા સંજોગોમાં પુરાણી ધાર્મિક રૂઢીઓને ચુસ્તપણે વળગી રહેવામાંજ ધર્મનું સાચું પાલન અને રક્ષણ માને છે. આ વર્ગ આજના યુગપ્રવાહને કે આજે જગતના સમાજોમાં થઇ રહેલા પરિવર્તનને સ્વીકારવા તો શું પણ પિછાણવા પણ તૈયાર નથી. મુંબઇમાં વસતા જૈનોમાં આવા એક વર્ગ તરફથી વડોદરા રાજ્યના એ સંન્યાસ દીક્ષા નિયામક કાયદા સામે વિરોધ ઉઠાવવા રવિવારે હીરાબાગમાં યંગ મેન્સ જૈન સોસાઇટીના આશ્રય નીચે એક સભા બોલાવવામાં આવી હતી. જૈન સમાજના યુવાન વર્ગની આવી સભા પ્રત્યે સહાનુભૂતિ હોય એવું અમે માની શકતા નથી અને સભાના હેવાલ ઉપરથી જણાય છે કે વસ્તુતઃ સભા જૈન સમાજના શ્રીમંત અને વયોવૃદ્ધ વર્ગ તરફથી બોલાવવામાં આવી હતી. સભામાં મોટે ભાગે જુની અને જાણીતી દલીલોજ કરવામાં આવી છે કે એ નવો કાયદો જૈન ધર્મોના સિધ્ધાંતોની વિરૂદ્ધનો છે; એવો કાયદો ઘડવામાં વડોદરા રાજ્ય જૈનોની ધાર્મિક લાગણી દુઃખવે છે તેમજ ધાર્મિક વિષયમાં ડખલગીરી કરે છે. સભામાં ઠરાવો પણ નિયમ પ્રમાણે એ કાયદા સામે વિરોધ દર્શાવી, તે પડતો મુકવાની માગણી કરનારા હતા; અને જૈન સમાજના શ્રીમંત વર્ગનો આ કાર્યમાં મુખ્ય હાથ હોઇ એક સારૂં ફંડ ઉભું કરવામાં આવે એ પણ તદ્દન દેખીતું છે.

પરંતુ એ સભા બોલાવનારાઓએ કે સભામાં ભાષણ કરનારાઓએ એવો વિચાર સુદ્ધાં કરવાની જરાયે તકલીફ લીધી છે કે વડોદરા રાજ્યને એવો કાયદો ઘડવાની ફરજ શા માટે પડે છે? વળી જેઓ આવા જૈન સમાજને નામે એ કાયદાનો વિરોધ કરે છે તેઓ સમાજના યુવક વર્ગ તેમજ સુધારક વર્ગની તદ્દન અવગણનાજ કરે છે, પરંતુ આજના સમયમાં અને ઝડ-પથી પરિવર્તન પામતી દુનિયામાં કોઇ પણ સમાજને માટે યુવાન વર્ગની અવગણના કરવી લાંબો વખત પરવડે તેમ નથી એ તેઓએ ભુલવું નથી જોઇતું. આજે કદાચ સંખ્યાબળ કે નાણાંબળને કારણે રૂઢીચુસ્ત વર્ગ સુધારકોનો અવાજ દાબી દેવામાં સફળ થતો હોય તો પણ હવે તેમનું એ બળ લાંબો સમય ટકી શકે તેમ નથી, કારણ કે યુવાન વર્ગ ધીમે ધીમે પણ મક્કમપણે આગળ વધતો જાય છે અને અલ્પ સમયમાં તેમનું નાણાંબળ નહિ તો સંખ્યાબળ તો જરૂર વધવાનું છે, અને રૂઢીચુસ્ત વર્ગના ગમે તેવા અને ગમે તેટલા પ્રયત્નો એ બળને રોકી શકવાના નથી એ વાતનું જેટલું તેમને સત્વર ભાન થાય તેટલું સમાજને માટે હિતકર છે.

વડોદરા રાજ્યના ખરડાનો વિરોધ કરતાં એક વક્તાએ એવી દલીલ કરી છે કે આ કાયદા સંબંધી તપાસ કરવા માટે ના૦ ગાયકવાડ સરકારે નીમેલી કમીટી જૈન ધર્મના સિદ્ધાંતોનું જ્ઞાન ધરાવનારા જૈન મુનિમહારાજો અને આચાર્યોની જુબાની લેવામાં નિષ્ફળ નિવડી હતી. પરંતુ જેઓ એ ખરડાની ઉત્પત્તિનો ઇતિહાસ જાણે છે તેઓ વડોદરા રાજ્યને એ અનિષ્ટને મુળ-માંથીજ દાબી દેવાની જરૂર શા માટે પડી તે તેઓ સારી રીતે સમજે છે. બાળ દીક્ષાના પ્રશ્નની ચર્ચા અંગે જૈન સમાજમાં અને ખાસ કરીને જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સમાજમાં જે ઝગડાઓ થયા છે તે જાણીતા છે અને તે જાહેરી આપે છે કે જૈન સમાજનો એક જાગૃત વર્ગ એવા કૃત્યોથી સખ્ત વિરૂધ્ધ છે. દીક્ષાની હિમાયત કરનારાઓને અમે પુછીએ છીએ કે શું જૈન ધર્મમાં નાની વયનાં બાળકોને, તેમના માબાપ કે વાલી-વારસની સંમતિ વિના છુપી રીતે દીક્ષા આપવાનું ફરમાવ્યું છે? જૈન ધર્મના સિધ્ધાંતોનું જ્ઞાન ધરાવનારા મુનિમહારાજો અને આચાર્યોને અમે પુછીએ છીએ કે શું જૈન ધર્મના સિદ્ધાંતો જે નાના બાળકોને ધર્મનું પુરૂં જ્ઞાન પણ ન હોય અને જેમની બુદ્ધિશક્તિ પોતાનું હિતાહિત વિચારવા જેટલી હજી ખીલી ન હોય તેમને, તેમના માબાપ કે વાલીવારસની સંમતિ વિના દીક્ષા આપવાની સંમતિ આપે છે કે? સંસાર માત્રનો ત્યાગ કરવાનો દાવો કરનારા મુનિરાજો માટે ચેલાઓની સંખ્યા વધારવાનો મોહ રાખવો એ શું ધર્માનુસાર છે? ઉપરાંત અમે દીક્ષાના હિમાયતીઓનું જૈન સમાજનું કેટલાક દીક્ષિતોએ સંન્યસ્તનો ત્યાગ કરી ફરી સંસાર ગ્રહણ કર્યાના જે ઉપરાઉપરી બનાવો બન્યા છે તે તરફ ધ્યાન ખેંચીએ છીએ, અને એવી ઘટનાઓ ઉપ-રથી સાચી વસ્તુસ્થિતિને સમજવા આગ્રહ કરીએ છીએ.

---

શિષ્ય તરીકે આચાર્ય સિદ્ધિસૂરીજી પાસે દીક્ષા અપાવરાવી હતી. અને ૧૯૩૨ ના નવેમ્બરમાંજ વડવાણ મુકામેથી તેઓ રામ-વિજય પાસેથી સાધુ વેશ ત્યાગી નાસી નીકળ્યા હતા; તેથી એનો કબજો લેવા અમદાવાદના સ્ટેશન ઉપર પોલીસની ડખલગીરી સાથે અમદાવાદના સીટી મેજીસ્ટ્રેટની કોર્ટમાં કામ ચાલ્યું હતું. જે આપ નામદારની સ્મરણ બહાર તો નહિજ હોય.

આ સાથે નીચે મુજબ લેખો સામેલ છે.

૧. મુનિ કુસુમવિજય તે હાલના કાંતિલાલ ભોગીલાલ શાહના લેખો.

અ પ્રબુદ્ધ જૈન તા૦ ૩૧-૧૨-૩૨ પેજ ૭૯.

બ પ્રબુદ્ધ જૈન તા૦ ૨૧-૧-૩૩ પેજ-૧૦૨.

ક પ્રબુદ્ધ જૈન તા૦ ૨૫-૨-૩૩ પેજ-૧૪૩.

૨. મુંબઇ સમાચાર તા૦ ૨૭ મી ફેબ્રુઆરી સને ૧૯૩૩ ને સોમવાર.

હું છું આપ નામદારનો સેવક,

આપ નામદારની સમિતિ સમક્ષ જુબાની આપનાર

**કેશવલાલ મંગળચંદ શાહ.**

મંત્રી શ્રી પાટણ જૈન યુવક સંઘ.

રાજ્ય વડોદરા-પ્રાંત મહેસાણા.

મુંબઇ પોસ્ટ નં. ૪
લોણપોલ દરવાજા
બીલ્ડીંગ નં. ૧૧
રૂમ નં. ૬૨.

# સંન્યાસ દીક્ષા સંબંધે–જ્ઞાન ચર્ચા.

[વડોદરા ખાતે, વ્યાકરણાચાર્ય શ્રીયુત પં. અંબાલાલ શાસ્ત્રીએ સંન્યાસ દીક્ષા–પ્રશ્ન પર મુનિ મહારાજશ્રી ન્યાયવિજયજીનો લીધેલો ઇન્ટરવ્યુ.]

સ૦–બાલદીક્ષા શું શાસ્ત્રસિદ્ધ નથી?

જ૦–બાલદીક્ષા વિરલ વસ્તુ છે. અને અસાધારણ સંયોગમાં તેની શાસ્ત્ર સિદ્ધતા છે.

સ૦–અસાધારણ સંયોગ કયા?

જ૦–પૂર્વ સંસ્કારના મહાન્ યોગે જેનામાં સાચી જ્ઞાનદૃષ્ટિ અને વાસ્તવિક વૈરાગ્ય ભાવના જાગૃત થયાં હોય તેવો કોઇ મહાન્ બાળક હોય તો તેવાને અનુકૂળ સંયોગે વિશિષ્ટ ગુરૂ દીક્ષા આપી શકે.

સ૦–ગુરૂમાં વિશિષ્ટતા શી?

જ૦–વિમળ ચારિત્ર યોગમાં રમણતા અને જેમાં નિમિત્તાદિ જ્ઞાનનો રૂડો પ્રકાશ જળહળતો હોય એવી બહુ શ્રુત/વશક્તિ.

સ૦–પાંચમાં આરામાં બાલદીક્ષાઓ તો બહુ થાય છે એનું કેમ?

જ૦–થાય છે પણ શિષ્યાનુદષ્ટિએ એવાં જ્યાં ત્યાં ઉદાહરણોનું અવલંબન ન લેવાય. હેમચંદ્ર કે વજ્ર વિગેરેનાં ઉદાહરણ–આદર્શ ઉદાહરણ જ્યાં વિરલ કોટીનાં ગણાય, એવી અસાધારણ સ્થિતિની બાળદીક્ષા ક્વચિત્ બને. ધોરી માર્ગના વિચાર પર એવી ઘટનાઓ કામ ન આવે.

સ૦–ત્યારે દીક્ષા બાબત ઉમ્મરની હયાતી કેટલી ઠરાવવી યોગ્ય ધારો છો?

જ૦–બાળદીક્ષા એ વસ્તુ સ્વભાવે વિરલ હોઇ રાજમાર્ગની દૃષ્ટિના ધોરણે બાળ વયઃ વિત્યે દીક્ષા રખાય એમ હું માનું છું.

સ૦–બાલ વયઃ ક્યાં સુધી?

જ૦–મારા મત પ્રમાણે "સોળે સાન" એટલે સોળ વર્ષ થતાં બાળ વય ખતમ થાય.

સ૦–બાલ વય વીત્યા પછી દીક્ષા માટે વડીલ આદિની પરવાનગી લેવાની જરૂર ખરી?

જ૦–નૈતિક ધોરણે માતા-પિતા આદિ વડીલોની અનુમતિ લેવી આવશ્યક છે. ધર્મ શાસ્ત્રમાં પણ તેવું ફરમાન છે.

સ૦–તેઓ પરવાનગી ન આપે તો?

જ૦–તો તેમને વિરક્ત–ઉમેદવાર પ્રબોધવા પ્રયત્ન કરે. ધીરજ રાખી તેમને સમજાવે, યોગ્ય ઉપાયો ગ્રહણ કરે અને તેમના મન પર અસર કરવા ત્યાગવિધિને વધુ પોષે તો નવાણું ટકા અનુમતિ મળેજ.

સ૦–પણ તેમ કરવાથે કદાચિત્ એક ટકાના સ્થાને અનુમતિ ન મળે તો? પછી કેમ કરવું?

જ૦–તો 'શિવકુમાર' કે 'કૂર્માપુત્ર'ની પેઠે ઘરમાં રહી ચારિત્ર પળાય. પણ મહોપકારી માતાપિતાને અનાથમાં બળતા મૂકી દીક્ષા ગ્રહણ કરવી એ તો અયુક્ત છે, અને 'પંચસૂત્ર' એને સ્પષ્ટ શબ્દોમાં વખોડે છે.

સ૦–પણ 'પંચસૂત્ર'માં "ગ્લાનૌષધવત્ ત્યાગઃ" કહ્યું છે ને? અર્થાત્ ઔષધોપચાર ખાતર ગ્લાનને છોડી જવું પડે, તેમ માતાપિતા કોઇ રીતે ન માને તો દીક્ષા ખાતર તેમને તજે એમ નથી?

જ૦–પણ સઘળા ઉપાયો અજમાવ્યા પછી, અને તે પણ માતાપિતાની હિતદૃષ્ટિ ધ્યાનમાં રાખીનેજ, અર્થાત્ તેમને કકળતા મૂકીને તો નહિજ. શાન્ત અને મંગળ દીક્ષા જે સર્વ–સત્ત્વ હિતાવહ છે. અને જેને ગ્રહણ કરી સર્વભૂત દયાનો મહાન્ ધર્મ સાધવાનો છે. તે મહાન્ દીક્ષા ગ્રહણ કરતાં પોતાના સર્વોત્કૃષ્ટ ઉપકારી માતાપિતાને પરિતાપના કુંડમાં પડે તો તે દીક્ષા કેમ યોગ્ય ગણાય? એટલાજ માટે પરિતાપ ન થાય તેમ દીક્ષા ગ્રહણ પર 'પંચસૂત્ર' ભાર મૂકે છે.

સ૦–ઉમેદવાર વિવાહિત હોય તો તેણે પોતાની પત્નિની સમ્મતિ લેવી ખરી કે?

જ૦–એમાં તે શું પૂછવું? દમ્પતિ વિવાહ વખતે પરસ્પર જવાબદારીથી બદ્ધ થાય છે. એટલે દીક્ષા માટે પોતાની પત્નિને પતિએ અને પોતાના પતિને પત્નિએ પૂછવું અને સુલેહથી કામ લેવું જોઇએ અને વ્યવસ્થા કરવાની જરૂર હોય તે પાર પાડીને દીક્ષા લેવી શોભાસ્પદ છે, એ પુરો ધ્યાનમાં રાખવું ઘટે—

તા૦ ૨૭-૨-૩૩ }
વડોદરા. }

મંત્રી.
શ્રી જૈન યુવક સંઘ.

---

અમે જાણીએ છીએ ત્યાં સુધી ગુજરાત કાઠિયાવાડના કેટલાક ગામોના સંઘોએ બાળ દીક્ષાના કાર્યને વખોડી કાઢ્યું છે એટલુંજ નહિ પણ એવી પ્રવૃત્તિ કરનાર કોઇ પણ મુનિ–મહારાજના કાર્યમાં સાથ આપવાની સાફ ના પાડી છે અને કોઇ પણ સમજદાર, વિવેકી અને બુદ્ધિશાળી સમાજ માટે એજ પગલું વાજબી અને ગ્રાહ્ય છે. જો આખો જૈન સમાજ એવી ડહાપણભરી બુદ્ધિથી વર્તે અને અયોગ્ય રીતે કે અણુઘટતી વયે દીક્ષા આપવાના કાર્યને સંમતિ કે સાથ ન આપે તો કોઇ પણ રાજ્યને કાયદો ઘડવાની જરૂર નજ રહે એ સૌ કોઇ સમજી શકે એવી વાત છે; પરંતુ જ્યાં સુધી રૂઢીચુસ્ત અને પુરાણપ્રિય વર્ગ, ધર્મને નામે ધર્મમાં જેને કદિ સંમતિ આપવામાં આવી ન હોય એવું વર્તન કરવાનો આગ્રહ રાખશે ત્યાં સુધી તો સમાજ સુધારા માટે કાયદાઓ ઘડવા એ રાજ્યની અનિવાર્ય ફરજ થઇ પડશે.

જૈન સમાજના રૂઢી ચુસ્તોએ સમજવું જોઇએ છે કે બાળદીક્ષા એ માત્ર અયોગ્યજ નહિ પણ સામાન્ય માનવતાની દૃષ્ટિએ અનિચ્છનીય છે. એવા કાર્યોથી ધર્મનું ગૌરવ વધતું નથી, પરંતુ ઘટે છે. જ્યારે રૂઢીચુસ્ત વર્ગ વડોદરા રાજ્યના એ કાયદાનો વિરોધ કરવાનો શોરબકોર મચાવી રહ્યા છે, ત્યારે **સુધારક વર્ગે અને ખાસ કરીને યુવાન વર્ગે પોત પોતાના વિચારો વ્યક્ત કરવા ન જોઇએ? વડોદરા રાજ્યને તેમજ આખા જૈન સમાજને સાચી વસ્તુસ્થિતિનું ભાન કરાવવું એ તેમની ફરજ છે, અને જો તેઓ બાળ દીક્ષાના સંબંધમાં જૈન કોમની સાચી લાગણી જાહેર કરવામાં નિષ્ફળ જશે તો તેઓ પોતાની ફરજ ભુલ્યા છે એમ કહેવાશે. અમે આશા રાખીએ છીએ કે જૈન સમાજ કે જેને સંન્યાસ દીક્ષા-૧ વડોદરા રાજ્યના કાયદા સાથે લાગેવળગે છે તેઓ હવે ઉદાસીનવૃત્તિ ત્યાગી સાચો પ્રજામત પ્રગટ કરવાની હિમ્મત દાખવી જૈન ધર્મનું ગૌરવ જાળવશે. એ તેમનું કર્તવ્ય છે; એજ તેમનો ધર્મ છે, એવી અમારી નમ્ર માન્યતા છે.**

—નવભારત.

# આસ્તિક અને નાસ્તિક શબ્દની મીમાંસા.

[ લેખકઃ પં. સુખલાલજી. ]

— ગતાંકથી ચાલુ —

આ રીતે જ્યારે આવેશથી પુરાતન પ્રેમીઓએ આવેશમાં આવી નવાં વિચાર, નવે તેવા વિચારી અને નવે તેવા લાયક માણસને પણ ઉતારી પાડવા અને તેની વિરુદ્ધ લોકોને ઉશ્કેરવા નાસ્તિક જેવા શબ્દો વાપર્યા ત્યારે તે શબ્દોમાં પણ ક્રાન્તિ દાખલ થઈ અને તેનું અર્થસૂચક બદલામાં મતાગ્રહ બતાવવા લાગ્યું, અને સ્થિતિ લગભગ એવી આવી ઉભી છે કે રાજદ્રોહની પેઠે નાસ્તિક, મિથ્યાદૃષ્ટિ આદિ શબ્દો માન્ય થતા ચાલ્યા છે. ક્યાંયે જેના પ્રમાણમાં માન્ય ન થયા હોય તોપણ હવે એનાથી કોઈ આશ્ચર્ય ન કરે છે. ઉલટું પોતાને રાજદ્રોહી કહેવડાવવા જેમ ઘણા આગળ આવે છે તેમ ઘણા તો નિર્ભયના કેળવવા પોતાને નાસ્તિક કહેવડાવતાં જરાય ખંચકાતા નથી અને જ્યારે સારામાં સારા વિચારકો, લાયક કાર્યકર્તાઓ અને ઉદાર મનના પુરૂષોને પણ કોઈ નાસ્તિક કહે છે ત્યારે આસ્તિક અને સમ્યગ્દૃષ્ટિ જેવા શબ્દોનો અર્થ બદલાઈ જાય છે અને હવે તો આસ્તિક તેમજ સમ્યગ્દૃષ્ટિ શબ્દનો સગવડ વ્યવહારમાં લોકો એટલોજ અર્થ કરે છે કે જે આગો કે પેઢી નવે તેની જૂની રૂઢીને વળગી રહે, તેમાં ઔચિત્યપણા અનુચિતપણાનો વિચાર ન કરે, આવું કે ખોટું કાંઈ પણ તપાસ્યા સિવાય નવા વિચાર, નવી શોધ અને નવી પદ્ધતિ માત્રથી ભડકે અને જ્યાંય કાળક્રમે એને પરાણે વશ થતો જાય તે આસ્તિક, તે સમ્યગ્દૃષ્ટિ. આ રીતે વિચારક અને પરીક્ષક અગર તર્ક–પ્રધાન અર્થમાં નાસ્તિક આદિ શબ્દોની પ્રતિષ્ઠા જામતી જાય છે અને કદાગ્રહી, જૂની એવા અર્થમાં આસ્તિક આદિ શબ્દોની દુર્દશા થતી દેખાય છે. આ જમાનામાં જ્યારે શસ્ત્રથી લડવાનું ન હતું ત્યારે દરેકને માટે લડવાની વૃત્તિ તૃપ્ત કરવાનો આવો શાબ્દિક માર્ગ રહ્યો હતો અને નાસ્તિક કે મિથ્યાદૃષ્ટિ શબ્દોના ગોળા ફેંકાતા. પણ આ અહિંસક યુગે જેમ શસ્ત્રને નિષ્ફળ કર્યાં તેમ પેલા નાસ્તિક આદિ શબ્દો જે વિષમય અસ્ત્રની પેઠે ફેંકાતા તેને પણ નિર્વિષ અને ઘણીવાર તો જીવનપ્રદ અમૃત જેવા બનાવ્યા. આ ક્રાન્તિ યુગનો પ્રભાવ છે. પણ આથી કોઈ વિચારકે કે સુધારકે હરખાઈ પોતાનું કર્તવ્ય ભૂલી જવાનું નથી. ઘણીવાર સુસ્થિર વિચારકો અને બીજા સ્વાર્થી સુધારકો પોતાને નાસ્તિક કહેવડાવીને પણ સામા પક્ષને અન્યાય કરવા તૈયાર થાય છે, તેઓએ પણ ચેતવાનું છે. ખરી રીતે કોઈ પક્ષકારે આવેશ કે ઝનૂનમાં આવી જઈ બીજા પક્ષને માટે વગોવવા ખાતર કોઈ પણ જાતના શબ્દનો પ્રયોગ કરવો એ નાસ્તિક દૃષ્ટિએ હિંસાજ છે. પોતાનાથી ભિન્ન વિચાર ધરાવનાર માટે સમભાવે અને પ્રેમથી યોગ્ય શબ્દ વાપરવો એ એક વાત છે અને ઝનૂનમાં આવી બીજાને ઉતારી પાડવા ખાતર ઓછાંગી અમુક શબ્દો વાપરવા એ બીજી વાત છે; છતાં દરેક બોલનારને મોઢે કાંઈ તાળું દેવાતું નથી અગર દરેક લખનારના હાથ કાંઈ બંધાતા નથી, એટલે કોઈ ઉતાવળિયાઓ જ્યારે ભિન્ન મત ધરાવનાર માટે અમુક શબ્દ વાપરે ત્યારે ભિન્ન મત ધરાવનારની અહિંસક ફરજ શી છે તે ઉપર આપણે વિચારી જવી જોઈએ.

પહેલું તો એ કે પોતાને માટે જ્યારે કોઈએ નાસ્તિક કે એવો બીજો શબ્દ વાપર્યો હોય ત્યારે એટલુંજ વિચારવું કે તે સામા ભાઈએ મારે માટે ફક્ત જુદો મત ધરાવનાર અથવા એના મતને ન માનનાર એટલાજ અર્થમાં સમભાવે અને વસ્તુસ્થિતિ–સૂચક શબ્દ વાપર્યો છે. એ ભાઈની એ શબ્દ વાપરવાની પાછળ કોઈ દુર્વૃત્તિ નથી એમ વિચારી તેના પ્રત્યે પણ પ્રેમવૃત્તિ અને ઉદારતા કેળવવી.

બીજું એ કે જો એમજ લાગે કે અમુક પક્ષકારે મારે માટે આવેશમાં આવી નિંદાની દૃષ્ટિથી અમુક શબ્દ વાપર્યો છે, ત્યારે એમ વિચારવું કે એ ભાઈની ભૂમિકામાં આવેશ અને સંકુચિતપણાનાં તત્ત્વો છે. એ તત્ત્વોનો એ માલિક છે અને જે વસ્તુનો જે માલિક હોય તે માણસ તે વસ્તુનો મરજી પ્રમાણે ઉપયોગ કરવા સર્જાયેલ છે. તેનામાં જો આવેશનું તત્ત્વ હોય તો ધીરજ ક્યાંથી આવવાની? અને જો સંકુચિતપણું હોય તો ઉદારતા ક્યાંથી પ્રગટવાની? અને જો આવેશ અને સંકુચિતતાના સ્થાનમાં ધૈર્ય અને ઉદારતા તેનામાં આવ્યાં હોય તો, તો તે એજ રીતે આવી શકે કે તેણે અને તેવા કડવા શબ્દો વચ્ચે પણ પોતાનામાં ધીરજ અને ઉદારતા કેળવવી; કારણ કે કાદવ કાંઈ બીજા કાદવથી ન ધોવાય પણ પાણીથીજ ધોવાય.

ત્રીજું એ કે જ્યારે કોઈ પોતાના મત અને વિચારની વિરુદ્ધ આવેશ કે શાન્તિથી કાંઈ પણ કહેતો હોય ત્યારે તેના કથન ઉપર સહાનુભૂતિથી વિચાર કરવો. જો સામાના આવેશી કથનમાં પણ સત્ય લાગે તો તેને પચાવવાની ઉદારતા રાખવી અને પોતાના વિચારમાં સત્ય દેખાય તો ગમે તેટલો પ્રચંડ વિરોધ છતાં પણ અને ગમે તેટલું જોખમ આવી પડે છતાં પણ નમ્ર ભાવે એજ સત્યને વળગી રહેવું.

જો આ રીતે વિચારવામાં અને વર્તવામાં આવે તો શબ્દની મારામારીનું ઝેર ઓછું થઈ જાય. ભાષા સમિતિની અને વચનગુપ્તિની જે પ્રતિષ્ઠા લગભગ લોપ પામતી જાય છે તે પાછી જામે અને શાન્તિનું વાતાવરણ ઉભું થાય. સંપૂર્ણ.

(પર્યુષણ પર્વનાં વ્યાખ્યાનો વર્ષ ત્રીજા પરથી.)

## મહુવામાં બે બાળાને નસાડવાનો નિષ્ફળ પ્રયત્ન.

### બાળાઓ સ્ટેશનેથી પાછી આવી.

થોડા વખત આગાઉ મહુવામાંથી બે કુમારીકાઓને દીક્ષા માટે નસાડવાનો નિષ્ફળ પ્રયત્ન કરવામાં આવ્યો હતો. બન્ને બહેનોએ વેષ પણ પહેરેલ હતો અને રાત્રીના, બીજાના સાથે સ્ટેશને પહોંચી ગઈ હતી. પરંતુ તેમનાં સંબંધીઓને ખબર પડી જતાં, રેલ્વે ઉપડે તે પહેલાં સ્ટેશનેથીજ પાછી આવેલ છે.

લગભગ ચૌદ પંદર વર્ષની બાળાઓને નસાડવાના પ્રયત્ન તરફ અણગમો બતાવવા અને તેમાં સામેલ થનારને તસ્દીક કરવા સંઘ એકઠો થયો હતો. કેટલીએક ઉહાપોહ પછી ચોક્કસ સાબીતીના અભાવે હાલ કાંઈ પણ પગલું ભરાયું નથી.

યુવાન કુમારીકાઓને નસાડવામાં કેટલું ભયંકર દુઃખ સમાયેલું છે તે કહેવાતા સાધુ, સાધ્વીઓ વિચાર કરતા નથી એ ખરેખર શોચનીય છે.

જૈન સમાજ ચેતશે?

## વડોદરા તરફ કવીક માર્ચ કરતી સાધુઓની ફોજ.

સંભળાય છે અને ચોક્કસ પાયે એમ જાણવામાં આવ્યું છે કે, ચારેય દિશામાંથી ને ખુણે ખુણેથી અયોગ્ય દીક્ષાના હિમાયતી સાધુ-બાવાઓની કવીક માર્ચ કરતી સેનાઓ વડોદરા ઉપર ધાડ પાડવા ઉપડી પડી છે. મુંબઇથી સાગરજી, સાગર ડોળવા દંડ-કમંડળ લઇને ચતુરંગ સેનાથી સજ્જ થઇ દોડતા આવે છે; પાલીતાણાથી રામવિજયજી અને દાનવિજયજી ભાગ્યા ભાગ્યા આવે છે; અને સુરતથી લબ્ધિવિજયજી પણ અવિશ્રાન્ત પગલાં પાડતાં, સેનાને તૈયાર કરતાં કરતાં તે ધર્મઘેલી પ્રજામાં રણશીંગડા ફુંકતાં ફુંકતાં દોટે દોટે દોડયા આવે છે. દૂર દૂરથી વડોદરા સરકારને દમદાટી અને ધોંસ, ધમકીઓ દઇ રહ્યા છે. આ સુ મહારાજોને હવે ધર્મને બ્હાને સ્વાર્થનું રક્ષણ કરવાની તીવ્ર તાલાવેલી લાગી છે, અને ભોળી જનતામાં ભુંગુ ભર્યું છે કે, 'વડોદરા સરકાર આવો કાયદો કરી આમારૂં સર્વસ્વ લુંટી રહ્યા છે-ધર્મનો નાશ કરી રહ્યા છે !'

પણ ભાઇઓ ! એમનો ધર્મ શું ? એ જિનેશ્વર ભગવાને ભાખેલો ધર્મ નહીં પણ ચેલાઓના મોહથી પોતાની સ્વાર્થવૃત્તિનું પોષણ એ એમનો ધર્મ થઇ પડયો છે.

જિનેશ્વર ભગવાને ભાખેલા ધર્મનું રક્ષણ કરવાનો જમાનો પાલીતાણામાં શત્રુંજયની યાત્રા બંધ થઇ ત્યારે હતો. પણ તે વખતે તો શિયાળીયાં અને હરણીયાં ઝાડીમાં ભરાઇ જાય તેમ આ સાધુ-બાવાઓ ઉપાશ્રયની દિવાલોમાં ગોંધાઇ રહ્યા હતા. ને કોણ ક્યાં છે તેનો પત્તોય લાગતો ન હતો; કારણ કે, તે વખતે તો કોઇ સાધુ ફાવવાના હતા અને પગ પર કુહાડી લેવાની હતી.

પણ આજ તો એમના ચેલાઓ આવડી પડે છે, એટલે બધાય કીડીઓની માફક ઉભરાઇ રહ્યા છે અને ચારેય તરફથી ભરવાડોના ટોળાંની માફક નીકળી પડયા છે. કારણ કે અહીં તો પોતાના સ્વાર્થ પર ઘા પડે છે.

વિચારમાં પડયા છે કે, હવે અમે ચેલાઓની વાસનાને કેમ તૃપ્ત કરીશું ? અને ગુરૂદેવોના ફુમળી વયનાં બાળકોને સંતાડવા છાણી જેવાં ગામ હવે ક્યાં ગોતવા જઇશું ?

આવા વિચારોથી બધાય, જાણે કે ગવર્મેન્ટનું રાજ્ય લુંટવું હોય તેટલી તૈયારીઓ કરી રહ્યા છે; કેશરીઓ તૈયાર રાખવાનો ઉપદેશ અપાઇ રહ્યા છે; વડોદરાની પ્રજાને નામે બહારની પ્રજાને આગળ કરી દાવ પેચાઇ રહ્યા છે અને કાગારવ મચાવી મૂક્યો છે.

હોળી ઉપર દાવ ખાવા જેવી તૈયારી કરી રહ્યા હોય તેમ ચારે તરફથી હોહાહો થઇ રહી છે; **સાધુઓ સાવધાન! આવકો સાવધાન! નાણાં કોથળી સાવધાન!** ના ગુંજારવ થઇ રહ્યા છે; ગાયકવાડી સેનાને હંફાવવા આકાશ પાતાળ એક કરી રહ્યા છે.

પણ આવા ધમપછાડા ધર્મને ખાતર નહીં, જિનેશ્વર દેવની આજ્ઞા ખાતર નહીં, ધર્મ રક્ષાને માટે નહીં પ...ણ ચેલાઓની વાસના પોષવા અને સ્વાર્થને સિદ્ધ કરવાની ખાતર !

પણ સંભાળજો ! વડોદરામાં ખરનાં સરઘસો ન નીકળે ! ફરીને અપમાનિત થઇને નીકળવું ન પડે ! જુઠે હાથે ભાગવું ના પડે ! માટે ચેતજો......!

મગનલાલ ડી. શાહ.

## ધર્મ સ્વાતંત્ર્ય દિનની ફજેતી ભરી ઉજવણી.

સગીર દીક્ષા પ્રતિબંધ કાયદા સામે વિરોધ દાખવતી પેલી કહેવાતી કમીટીએ જે ફરમાન જાહેર પાડયું હતું તેનું પરિણામ સત્ય જેવું આવ્યું છે.

**મુંબઇ**-પ્રચાર અને ઢોલપ્રચાર છતાં મુંબઇના ધંધા રોજગાર બંધ ન જ રહ્યા; માળે અને બજારે ફરીને ભીક્ષા ઝોળી ઉપરાવવાના સેવેલા મનોરથો પડતાં મુકવામાં આવ્યા. હીરાબાગમાં સભા થઇ, મુંબઇની જૈનોની વસ્તીના હીસાબે ત્રીસ-પચાસ બ્હેનો અને સો-સવાસો ભાઇઓની હાજરીમાં ભાષણ ખોરી ચાલી, ધર્મ રસાતાળ જવાનાં ગાણા ફુંકાયા. એમ વાણી વીલાસની મોજ ઉડાવ્યા પછી પૈસાની માંગણી થઇ અને ફરી ગુરૂઓએ એટલે સોસાયટીનાં સ્થંભોએ અંદર અંદર ટીપ કરી નાખું એટલું કર્યું આ સિવાય મુંબઇ શહેરમાં હડતાલ, ભીક્ષા ઝોળી, વગેરે એમનાં કાર્યક્રમમાં જણાવેલું, જ્યાં કોઇએ સાથ દીધો નહિ એટલે મુંબઇના આંગણે તો એમની ઉજવણી ફજેતી ભરેલી ઉજવાઇ એમ કહેવાય.

**અમદાવાદ**-સોસાયટીનું હેડ ઓફીસનું ધામ અને દરેક સોસાયટીના આચાર દોરીના સાંધા રૂપ અમદાવાદને સગીર દીક્ષા પ્રતિબંધ નિબંધ સામે વિરોધ દાખવવા અનેક હુકમો છુટેલા તે હુકમોનું ઉલ્લંઘન થવા જેવું પરિણામ આવ્યું. ઘણાં પ્રયત્નો કર્યા છતાં ૨૨ મીએ ધર્મ સ્વાતંત્ર્ય દિનની ઉજવણી પણ ફજેતી ભરેલી નીવડી. સવારે વિદ્યાશાળામાં મળેલી મીટીંગમાં અમદાવાદના જૈનોની વસ્તીના હીસાબે માત્ર એક ટકા જેટલાજ જૈનોએ હાજરી આપી હતી. કોઇપણ પ્રતિષ્ઠિત શેઠીઆઓએ એ સભામાં હાજરી આપી ન હતી. અનેક પ્રકારની યોજનાઓ કર્યા છતાં કોઇ ભાઇએ હડતાળ પાળી ન હતી. એટલે કે પાણી પાણી નહતી. આ રીતે અમદાવાદના રૂઢી ચુસ્ત જૈનો જેઓ મહીનાઓ થયાં વડોદરા રાજ્યના મંજુર નિબંધ સામે ખુબ પોકાર કરતા હતા તેમની મજબુર વીધીઓ પીછે હઠ થઇ છે.

**પાલીતાણા**-રૂઢીચુસ્તોના ધર્મ સ્વાતંત્ર્ય દિને આયંબીલ, એકાસણા ઉપવાસ આદિની ઉદ્ઘોષણા કરવામાં આવેલી છતાં કદંબગીરીની પ્રતિષ્ઠા અંગે હજારો માણસ મીઠાઇઓ જમ્યા અને તેપણ રૂઢીચુસ્તોજ. એટલે જાહેર રીતે યોજનાનો અનાદર થયો.

સમાજ સમજે છે, નિબંધ તરફ સહાનુભુતિ ધરાવે છે, એટલેજ આ એમના કહેવાતા ધર્મ સ્વાતંત્ર્ય દિનનો અસહકાર થયો. કોઇપણ સ્થળે તેનો યોગ્ય સત્કાર થયો હોત તો લાંબા લાંબા રીપોર્ટો તાર દ્વારા પેપરમાં આવત. પરંતુ જ્યાં સમાજ નિબંધની તરફેણમાં હોય ત્યાં રૂઢીચુસ્તોની ગણના ખોટીજ છે. દીક્ષા અંગે સાધુઓના કાવાદાવા અને ઝગડાપ્રપંચથી સમાજ ત્રાસી ગયો છે. એટલે આવી ખોટી યોજનાઓથી ભેળવાય તેમ નથી.

## ચોપડીઓ આવી ગઇ છે.

**પર્યુષણ વ્યાખ્યાન માળાની ચોપડીઓ છપાઇને આવી ગઇ છે. ગ્રાહકોએ યુવક સંઘની ઓફીસમાંથી લઇ જવા મહેરબાની કરવી**

# વડોદરા નરેશના દીક્ષા નિયામક નિબંધને ટેકો.

## મુંબઇના કચ્છી જૈનોની જાહેર સભા.

### નાના બાળકોને દીક્ષા આપવી એ જૈન સમાજને અધોગતી પર લઇ જનારૂં છે.

મુંબઇના શ્રી. કચ્છી જૈન યુવક સંઘના આશ્રય નીચે કચ્છી જૈનોની એક જાહેર સભા મંગળવાર તા૦ ૨૮ મીની સાંજે ૭ વાગે માંડવી ચાયા બિલ્ડીંગમાં શ્રીયુત હામજી શીવજી શાહના પ્રમુખપણાનીચે મળી હતી. જે વેળાએ વડોદરા રાજ્ય તરફથી સંન્યાસ દીક્ષા નિયામક નિબંધ પ્રગટ થયો છે તે પર વિચાર કરવામાં આવ્યો હતો.

શરૂઆતમાં પ્રમુખે જણાવ્યું કે વડોદરા રાજ્યે જે ઠરાવ કર્યો છે તે જૈનોના હિતનો છે અને સાધુઓ નાના બાળકોને લઇ જઇ તેમને દીક્ષા આપે તે કાર્ય જૈન સમાજને અધોગતી પર લઇ જનારૂં છે. પ્રમુખે વધુમાં વડોદરા રાજ્યનું અનુકરણ કરીને તેમના જેવા ઠરાવો રાજ્યમાં ચાલુ કરવા માટે કચ્છ નરેશને અપીલ કર્યા બાદ દીક્ષાથી જૈન સમાજને થતા ગેર-લાભોનું ટુંકમાં વિવેચન કરી બતાવ્યું હતું.

ત્યાર પછી શ્રીયુત્ હીરજી ચના સાવલાએ પોતાના ભાષણમાં જણાવ્યું કે લગભગ એક સૈકા પહેલાં કચ્છ રાજ્યે દીક્ષા પ્રતિબંધ જાહેર કર્યું હતું પણ સંજોગોવશાત્ તેનો અમલ થતો બંધ થઇ ગયો હતો, તો અત્યારે પાછો એવો ઠરાવ કરવાની તાત્કાલીક આવશ્યકતા ઉભી થઇ છે. એ વેળાએ કચ્છ રાજ્ય વગર વિલંબે વડોદરા રાજ્યના આ સ્તુત્ય પગલાને આવકાર દાયક લેખીને પોતાના રાજ્યમાં આ કાર્ય કરીને આ ત્રાસદાયક રૂઢીને અટકાવી દેશે એવી અમારી તેઓશ્રીને અરજ છે.

ત્યારબાદ શ્રીયુત્ એસ. એસ. લાલને જણાવ્યું કે દીક્ષાને માટે વડોદરા રાજ્યે જે કાનુનો કરેલા છે તે અમલમાં મુકવાની આવશ્યકતા છે. અને કચ્છમાં પણ આ દીક્ષાની રૂઢી ઉત્તરોત્તર વધતી ચાલી છે, તેના ઉપર પણ સખ્ત પ્રતિબંધ મુકવાની અમે નામદાર કચ્છના મહારાજા સાહેબને વિનંતિ કરીએ છીએ. તેમણે વધુમાં કચ્છી પ્રજાકીય પરિષદને આવા ઠરાવો કચ્છમાં દાખલ કરાવવા માટે પ્રયાસો કરવાની વિનંતિ કરી હતી.

ત્યાર બાદ નીચેના ઠરાવો રજુ કરવામાં આવ્યા હતા.

(૧) પ્રથમ ઠરાવ શ્રી. લાલને રજુ કર્યો હતો કે વડોદરા રાજ્ય આજ્ઞાપત્ર તા૦ ૯-૨-૩૩ ના અંકમાં પ્રગટ થએલ દીક્ષા નિયામક નિબંધના મુસદ્દાને શ્રી કચ્છી જૈન યુવક સંઘની આ જાહેર સભા વધાવી લે છે અને જૈન શાસ્ત્રોથી વિરૂદ્ધ જઇને કેટલાક કહેવાતા સાધુઓએ અને તેમના અંધભક્તોએ ઉભી કરેલી હાલની ભયંકર પરિસ્થિતિમાં સુલેહ શાંતી સ્થાપવાનો અને સગીરોનું હિત સાચવનારો આ એકજ નિબંધ હોઇને હવે વધુ ઢીલ નહિ કરતાં તાકીદે આ નિબંધ મંજુર કરેલા શ્રીમંત સરકાર સયાજીરાવ મહારાજાને કચ્છી જૈનોની આ જાહેર સભા વિનંતિ કરે છે અને એ નામદારનું અનુકરણ કરવાની શ્રી. કચ્છ નરેશને વિનંતિ કરે છે, શ્રી. એસ. એસ. લાલને આ ઠરાવ રજુ કર્યા બાદ શ્રી. હીરજી ચના સાવલાએ તેને ટેકો આપ્યો હતો અને તે સર્વાનુમતે પસાર થયો હતો.

(૨) બીજો ઠરાવ શ્રી. કે. એમ. શાહે રજુ કર્યો તેને એન. ડી. મહેતાએ ટેકો આપ્યો હતો. એ ઠરાવમાં એમ જણાવ્યું હતું કે પરદેશના કેટલાક જૈન સમાજના રૂઢીચુસ્તો દીક્ષાની અયોગ્ય રૂઢીથી ઉકળી પરિસ્થિતિ ઉભી કરનાર કેટલાક ગર્વ પડેલા સાધુઓના હથીઆર જેવી અયોગ્ય દીક્ષાને ઉત્તેજન આપવા વડોદરા રાજ્ય જૈન પ્રજા કમીટીના ઉપજાવી કાઢેલા નામ નીચે પોતાની મેળે ઉભી થયેલી ટોળીનો કચ્છી જૈનોની આ જાહેર સભા ખુલ્લી રીતે અસ્વીકાર કરે છે. અને વડોદરા રાજ્યની જૈન પ્રજાએ જાહેરમાં નહિ નીમેલી એવી આ ટોળીનો વડોદરા રાજ્ય જૈન પ્રજા કમીટી તરીકે અસ્વીકાર કરવાની અમે શ્રીમંત ગાયકવાડ મહારાજાને નમ્રતાપૂર્વક અરજ કરીએ છીએ.

ઠરાવો ઉપર મત લેવાતાં તે સર્વાનુમતે પસાર થયા હતા. અને પ્રમુખનો આભાર માનીને સભા વિસર્જન થઇ હતી.

# જૈન સમાજને નમ્ર નિવેદન.

વડોદરા રાજ્ય જૈન કમીટીને નામે વડોદરા રાજ્યે પ્રસિદ્ધ કરેલા "સંન્યાસ દીક્ષા નિયામક નિબંધ" સામે વિરોધ દર્શાવવા જૈન સમાજમાં પ્રચાર કાર્ય શરૂ કરવામાં આવ્યું છે. જૈન સમાજ જાણે છે કે વડોદરા રાજ્ય જૈન કમીટી નીમાએલ નથી. તેની કમીટીના પ્રમુખ, સેક્રેટરી કે મેમ્બરો કોણ છે? એની જૈન સમાજને ખબર નથી. છતાં આવી કમીટીને નામે પ્રચાર કાર્ય કરી શ્રીમંત ગાયકવાડ સરકારે લોકહિત માટે કરેલા નિબંધ સામે જૈન સમાજનો વિરોધ જણાવવાનો ખોટો પ્રયત્ન ચાલી રહ્યો છે.

જૈન સમાજ જાણે છે કે દીક્ષા એ આત્મોન્નતિના માટે છે. દીક્ષા એ વ્યાપાર નથી કે ગમેત્યારે ને ગમેત્યારે બાળ યા છુપી દીક્ષા આપવાથી ધર્મનું શ્રેય: થાય યા દીક્ષા લેનારનું શ્રેય: થાય! જૈન સમાજના થોડા મુનિમહારાજો કે જેઓ આત્માની ઉન્નતિનો માર્ગ છોડી દીક્ષાનો વેપાર કરી રહ્યા છે. તેનાથી સમાજને કે મુનિ મહારાજોને કંઇ પણ ફાયદો થયો નથી. ઉલટું ધર્મની હાની થાય છે અને અન્ય સમાજમાં મુનિવર્ગ નિંદા પામે છે.

આવી સ્થિતિમાંથી મુનિવર્ગ અને સમાજનો બચાવ કરવો એ દરેક જૈન સંઘ, યુવક સંઘ અને પ્રત્યેક વ્યક્તિની ફરજ છે. તેને માટે વડોદરા સરકારે પ્રસિદ્ધ કરેલા 'સંન્યાસ દીક્ષા નિયામક નિબંધ'ને ટેકો આપનારા ઠરાવો કરી તા૦ ૮ મી માર્ચ ૧૯૩૩ સુધીમાં મે. રા. રા. ન્યાયમંત્રી સાહેબ, વડોદરા, એમના ઉપર મોકલી આપવા આગ્રહપૂર્વક વિનંતિ કરીએ છીએ—

મંત્રીઓ,

**શ્રી. જૈન યુવક સંઘ, વડોદરા.**

Printed by Lalji Harsey Lalan at Mahendra Printing Press, Gaya Building Masjid Bunder Road Bombay, 3 and Published by Shivlal Jhaverchand Sanghvi for Jain Yuvak Sangh. at 26-30, Dhanji Street Bombay, 3.

શ્રી જગતમાં ખળભળાટ.

Reg. No. B. 2917
*Tele Add.* 'Yuvaksangh'

# પ્રબુદ્ધ જૈન.

સમાજ, ધર્મ અને રાષ્ટ્રની સેવા બજાવતું નૂતનયુગનું જૈન સાપ્તાહિક.

છુટક નકલ ૧ આનો. વાર્ષિક રૂ. ૨-૮-૦ | શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું મુખપત્ર. તંત્રી:-ચન્દ્રકાન્ત વી. સુતરીયા. | વર્ષ ૨ જું, અંક ૨૦ મો. શનીવાર તા. ૧૧-૩-૧૯૩૩.

## જૈન પ્રજાને વિજ્ઞપ્તિ.

લેખક: ભોગીલાલ પેથાપુરી.

અત્યારે આપણે એક વસ્તુ વિચારવી ઘટે છે કે, શ્રીમાન્ વડોદરા નરેશે જે **સંન્યાસ દીક્ષા નિયામક નિબંધ** પ્રજાના અવાજને માન આપી અમલમાં મુકવાની જરૂરીયાત પીછાની, તે વિરૂદ્ધ આજે જૈન સમાજનો અમુક ભાગ કે જે (શાસનપ્રેમી કે ધર્મપ્રેમીને નામે ઓળખાવવા માગે છે) આ કાયદાની વિરૂદ્ધ પડી પાંચ દશ માણસો યાતો કોઇ ગામમાં એક મનુષ્ય પણ સંઘના નામે વિરોધ દર્શાવવા લાગ્યા છે, પરંતુ તેમાં ખરી વસ્તુસ્થિતિ શું છે એ વિચારવાની જરૂર છે.

પ્રથમ તો આ કાયદામાં સંડોવાએલી સમસ્ત રાજ્યની પ્રજા છે, તેમાં આ કાયદાનો વિરોધ કરનાર એક જૈન સમાજ અને તેમાં પણ અમુક વ્યક્તિઓજ છે. તે પણ વડોદરા રાજ્યમાં વસતી પ્રજા હોય તો જાણે સમજી શકાય તેમ છે, પરંતુ પરરાજ્યના આંકુતીઓ આ રાજ્યના જૈન સમાજની અમુક વ્યક્તિઓને ધર્મના નામે ઉશ્કેરી વિરોધ દર્શાવવા પૈસાનું પાણી તેમજ સમયનો વ્યય કરી રહ્યા છે. વડોદરા રાજ્યના નામદાર ન્યાયમંત્રીજી તેમજ માનવંતા નરેશ શ્રીમાન્ સયાજીરાવ મહારાજા સાહેબ પણ સમજી ચૂક્યા છે કે આ ધાંધલીઓની ખાંખલ પોકળ છે, કાયદાની જરૂરીયાત છે. અને કાયદો અમલમાં આવવાથી પ્રજામાં વધતી જતી દુઃખની જ્વાળાઓ, નાસભાગ અને જવાબદારીથી બનાવતા ભેખધારીઓની સંખ્યા ઓછી થશે અને સાથે સાથે સમાજમાં પેઠેલી નંદા શીસાદની આગ પણ કાયદો અમલમાં આવવાથી નાબુદ થશે; માતાપિતાઓની રોકકળ અને ધર્મના નામે પોષાતા અનાચારો ઓછા થશે અને પ્રજા આશિષ દેશે.

બીજી વસ્તુ એ છે કે ગમે તેટલાં જુઠાણાં **વીરશાસન** દ્વારાએ યા તો એવાં બીજાં પેપરદ્વારાએ પ્રસિદ્ધ કરી જનતા તેમજ શ્રીમાન્ નરેશપર પોતાના અવળા વિચારોની છાપ મારવાના હેતુએ એવાં બીજાં આડંબરી સરઘસો કે સભાઓ ભરી ઠરાવો કરવામાં આવે તો પણ જ્યાં સુધી એ પ્રજાપાલક નરેશને પ્રજાનું ભવિષ્ય ઉજ્જ્વળ જોવાની હોંસ છે, પોતાની કકળતી પ્રજાને સંતોષ આપી દુવા લેવાની અભિલાષા છે અને પ્રત્યેક કોમમાં સંસ્કાર અને કેળવણી ફેલાવવાની ઉત્કંઠા છે, ત્યાં સુધી એ પ્રજાપાલક નરેશ પર એવાં સેંકડો છાપાઓ એમના સામે મુકવામાં આવે અને એવી બાળ આડંબરથી હજારો સભાઓ અને સરઘસો કાઢવામાં આવે તો પણ એ ન્યાયી રાજવી પર કોઇ જાતની અસર થશે નહિ.

હિન્દુ સમાજ ગણો કે જૈન સમાજ ગણો પરંતુ એ અનેક જ્ઞાતી સાધુત, કેટલાક નામધારી પાખંડી સાધુઓએ પોતાનાં પાશવિક તાંડવનૃત્ય સમાજ આગળ ધર્મના નામે મૂકી, તે હથીઆરથી સમાજમાં આગ પેટાવી પોતે તટસ્થવૃત્તિ બાળતા થયા, અને સાધુસંસ્થા આવી રીતે નસાડી ભગાડી યા તો લાયકાત વિના બીનજવાબદારીથી ભેખધારી બનાવવાથી તે સડેલી બનતી જાય છે, એ નરેશે બરાબર નિરીક્ષણ કરી આવી સડેલી સંસ્થા ઉન્નત અને આદર્શમયી બને, તે માટે આ કાયદો અમલમાં લાવવાની જરૂર છે.

હું પણ એ પ્રજાપાલક નરેશને આ કાયદો કરી પ્રજાને સંતોષ અને ધૈર્ય આપી, પ્રજાનોજ સહકાર મેળવ્યો છે, તે બદલ ધન્યવાદ આપ્યા સિવાય રહી શકતો નથી. અને આવાંજ બીજા સમાજ સુધારણા અર્થે નવીન કાયદાઓ અમલમાં આવે તેમ ઇચ્છું છું, તેમ બીજાં રાજવીઓને પણ વિનંતિ છે કે આવી રીતના પગરણને વધાવી લઇ સમાજ સેવા કરવા તત્પર થાય અને છેવટમાં જૈન પ્રજાને પણ વિનંતિ કરી લઉં કે આ કાયદો અમલમાં ન આવે તે માટે આવા ખોટા બખાળાથી, તેમ સભા સરઘસોથી ન દોરાતાં શ્રીમાન્ વડોદરા નરેશે પ્રસિદ્ધ કરેલા નિબંધને માન આપી અભીનંદન પાઠવે એજ અભિલાષા.

## ગ્રાહકોને સૂચના.

**૧ આવતો અંક વી. પી. કરવામાં આવશે. એટલે જેઓને વી. પી. ના ખરચમાં ન ઉતરવું હોય તેઓ લવાજમ મનીઑર્ડથી મોકલે, તેમ જેઓને ગ્રાહક તરીકે ન રહેવું હોય તેઓ મહેરબાની કરીને ખબર આપે.**

**૨ સ્થાનીક ગ્રાહકોનું લવાજમ માણસદ્વારા વસુલ કરવામાં આવશે.**

पुरिसा ! सच्चमेव समभिजाणाहि ।
सच्चस्स आणाए से उवट्ठिए मेहावी मारं तरइ ॥

હે મનુષ્યો ! સત્યને જ બરાબર સમજો. સત્યની આજ્ઞા પર ખડો થનાર બુદ્ધિવાન્ મૃત્યુને તરી જાય છે.

( આચારાંગ સૂત્ર)


# પ્રબુદ્ધ જૈન.

શનીવાર તા૦ ૧૧-૩-૩૩.


## સ્ત્રી જગતમાં ખળભળાટ.

આપણા સમાજમાં આજે અયોગ્ય દીક્ષાના ત્રાસથી નારીઓનાં હૃદય કેટલાં વલોવાય રહ્યાં છે તે સંબંધી શ્રી જૈન મહિલા સમાજના ઉપપ્રમુખ શ્રીમતિ લીલાવતી દેવીદાસ કાનજીએ ના. ન્યાયમંત્રી બરોડા સ્ટેટ ઉપર એક અંગ્રેજીમાં પત્ર લખ્યો છે, તે જનતાની જાણ માટે અત્યંત ઉપયોગી હોય અમે રજુ કરીએ છીએ.

"અમે નીચે સહી કરનાર ઘણી નમ્રતા અને માન સાથે નીચેના થોડા શબ્દો આપ માયાળુ નામદારના ધ્યાનમાં લેવા વિનંતી કરીએ છીએ.

તા૦ ૯ મી ફેબ્રુઆરીના દીક્ષા નિબંધ કે જે આપની સમિતિ તરફથી બહાર પાડવામાં આવ્યો છે તેના સંબંધમાં અમે આપને નિવેદન કરવા રજા લઈએ છીએ કે તેને અમે અહૃદય વધાવી લઈએ છીએ.

તાજી પરણેતર કન્યાઓના પતિઓના, જાહેર જનતાના સંરક્ષણની ખાતર તેમજ વિધવાઓના સગીર બાળકોની સહિસલામતિ ખાતર અમે આ દીક્ષા નિબંધને અમલમાં મૂકવા આ નમ્ર અરજ આપ નામદારની હજુરમાં રજુ કરીએ છીએ.

આજકાલ કહેવાતા આચાર્યો અને બીજા સાધુઓનું એક મોટું ટોળું પોતાના કહીયુસત, તથા **ભાડુતી ભક્તો સાથે** જેઓ બાળકોને અને નવપરિણીત નારીઓના પતિઓને અયોગ્ય દીક્ષા આપનાર **સોનેરી ટોળી તરીકે ઓળખાય છે** અને જેઓ જૈન કોમને માત્ર ત્રાસદાયક છે તેઓ દીક્ષા નિબંધ સામે મોટો વિરોધ દર્શાવવા વડોદરા મળ્યા છે.

આ કહેવાતા પાષાણ-હૃદયના સાધુઓ પોતાની જૈન કોમ પ્રત્યે મનુષ્યત્વની લાગણી વગરના છે. કારણ કે તેઓએ તદ્દન નાજુકના સગા વહાલાઓમાં પણ તેમના બાળકોને દીક્ષા માટે નસાડી અને પોતાના અજ્ઞાન અને અભણ ભક્તોની જમાત વધારી અંદરો અંદર કંકાસનાં બીજ રોપ્યાં છે.

અયોગ્ય દીક્ષાનો એક કિસ્સો એક ૨૫ વર્ષના જુવાનને દીક્ષા આપવાનો કે જે ૯ મી ફેબ્રુઆરીએ બન્યો છે તે તરફ આપ નામદારે લક્ષ આપવા જેવો છે.

વડોદરામાં મળેલા આચાર્યોમાં એક સાગરાનંદે ૨૫ વર્ષના એક નવપરિણીત-શેઠ છગનલાલ નગીનચંદ સુરતવાળા કે જે સાગરાનન્દના ચુસ્ત ભક્ત છે તેમના દીકરાને તેની પત્નિ અને પિતા પાસેથી રાત્રે ઉપાડી જઈ મુંબઈના પરા ઘીઓપારલેમાં અયોગ્ય દીક્ષા આપેલી. તેની પત્નિ અને પિતા પોતાના વ્હાલા પુત્રના કમનસીબ બનાવથી આખા દિવસનો ઉપવાસ કરી તે જગ્યાએ આવી પહોંચ્યા. અને પોતાના પુત્રનો કબજો લઈ એક પળ પણ ન ગુમાવતાં પાછા લઈ આવ્યા અને આ ગુનેહગાર ધાડપાડુ સાધુને સખત મારવામાં આવેલા.

વ્હાલા સાહેબ, આપ સાહેબનું ખાસ ધ્યાન ખેંચવા માગીએ છીએ, કે ઉપર જણાવેલ જુવાન પૈસાદારનો પુત્ર હોઈ તેના પિતા વગેરે બળજબરીથી તેને સાધુઓ પાસેથી પાછો લઈ આવ્યા. ગરીબ માણસની આ જગ્યાએ શી વલે થાય? હેની જુવાન સ્ત્રીને એક ખુણે આંસુ સારવા સિવાય બીજો શો રસ્તો? તેથી સાધુ વેષમાં સાગરાનંદની જેમ રહેલા લફંગા આચાર્યો કે જેઓ જૈન સમાજને ભયંકર ત્રાસ આપી રહ્યા છે તેમનો સમાજને મોટો ભય છે.

તેથી ગરીબ અને અનાથને આ ત્રાસમાંથી બચાવવા આપ નામદારને દીક્ષા નિબંધ તુરત અમલમાં મૂકવા અમે અરજ ગુજારીએ છીએ.

અમે ખરી સાચી દીક્ષા કે જે અમારા ધર્મનો એક મંગળ અવસર છે તેને હૃદયથી માનીએ છીએ પણ અયોગ્ય દીક્ષા કે જે કહેવાતા આચાર્યોથી અપાય છે તેમને અમારા સંપૂર્ણ હૃદયથી ધિક્કારીએ છીએ."

ઉપરોક્ત પત્રથી આજનું નારી જગત કઈ બાજુ વહી રહ્યું છે હેનો સંપૂર્ણ ખ્યાલ આવી શકે છે. આપણા સમાજમાં ઉપરોક્ત લેભાગુ સાધુઓને કોઈ સાથ દેતું હોય તો તે કેટલીક અંધશ્રદ્ધાળુ બ્હેનો છે. આવી અંધશ્રદ્ધાળુ બ્હેનો આ પત્રનું હાર્દ સમજે અને ના૦ ન્યાયમંત્રી પણ આ પત્રની પાછળ રહેલા ઉદ્દેશને સમજે એટલું જણાવી સમાજને ચેતવીએ છીએ કે હવે સાધુઓ ઉપર જો યોગ્ય અંકુશ નહિ મૂકાય તો સમાજનું નારી જગત એ કાર્ય કરશે.

---

"શ્રી ઘોઘારી વિશા શ્રીમાળી જૈન ડીસ્પેન્સરી"ના માનદ્ મંત્રીઓ, મજકુર સંસ્થાને આપવાથી નીચે મુજબની ભેટ આભાર સાથે સ્વીકારી લે છે.

રૂા. ૨૫૦) શેઠ માણેકજી ઝવેરભાઈ
રૂા. ૧૦૧) શેઠ માણેકચંદ જેચંદ
રૂા. ૫૧) શેઠ ભોગીલાલજીભાઈ ધનજી

માનદ્ મંત્રીઓ.
શ્રી ઘોઘારી વિશા શ્રીમાળી જૈન ડીસ્પેન્સરી.

---

**ધરાદ જૈન સંઘનો તાર—**

વડોદરા રાજ્યના માનવંતા-ન્યાયમંત્રી સાહેબ,
વડોદરા.

ધરાદ જૈન સંઘ, વડોદરા રાજ્ય તરફથી બહાર પડેલ સંન્યાસ દીક્ષા નિયામક નિબંધને હૃદયથી વધાવી લે છે આ પગલું ઘણુંજ સુંદર અને યોગ્ય છે, અને તે જૈન સમાજમાં તેમજ પબ્લીકમાં પણ લાભદાયક થઈ પડશે.

આ સિવાય બારડોલી, માંડવી, વાંકાનેર. વાઘોડ, ખાજીપુરા, બોડાણ, ડભોઈ, વગેરે ગામના જૈનોએ ગયા રવિવારે સભા ભરીને દીક્ષા નિયામક નિબંધને ટેકો આપ્યાના સમાચાર આવ્યા છે.

**તરૂણ ભારત જૈન કલબનો તાર—**

ન્યાયમંત્રી,

તરૂણભારત જૈન કલબ દીક્ષા નિયામક નિબંધને ટેકો આપે છે ને જલ્દી અમલમાં મૂકવા વિનંતિ કરે છે.

# સંન્યાસ દીક્ષા નિયામક નિબંધને સ્થળે સ્થળેથી મળેલો ટેકો.

## નામદાર વડોદરા નરેશને મજકુર નિબંધ તાત્કાળીક અમલમાં મુકવાની વિનંતિ.

**બલોલના સંઘનો ટેકો**—તા. મહેસાણા. તા. ૩-૩-૧૯૩૩.
શ્રીમંત સરકાર ગાયકવાડ મે. રા. રા. ન્યાયમંત્રી સાહેબની હજુરમાં.

મુ૦ વડોદરા.

અમો—ગામ બલોલનો જૈન સંઘ—નમ્રતા પૂર્વક અરજ કરીએ છીએ કે "આજ્ઞા પત્રિકામાં પ્રગટ થએલ સંન્યાસ દીક્ષા નિયામક નિબંધ"ને હર્ષથી વધાવી જલ્દી પહેલી તકે કાયદા તરીકે અમલમાં મૂકવા વિનંતિ કરીએ છીએ."

વડોદરા રાજ્ય જૈન પ્રજા કમીટી એ વડોદરા રાજ્યની જૈન પ્રજાએ નીમેલી નથી અને એમાં અમારો અવાજ નથી. એવી અમારી અરજ છે.

**જૈન મહિલા સમાજ અભિનંદે છે**

પ્રજાવત્સલ નામદાર શ્રીમંત સરકાર, સયાજીરાવ મહારાજા સાહેબ—વડોદરા. નમ્ર વિનંતિ સાથે અમો જણાવવાનું કે આપ સાહેબના રાજ્ય તરફથી સગીર બાળકોનું અને જૈન જનતાનું રક્ષણ કરનારો જે "દીક્ષા નિયામક નિબંધ" બહાર પડેલો છે. તે ઠરાવને અમે "શ્રી જૈન મહિલા સમાજ" તરફથી સંપૂર્ણ ટેકો આપીએ છીએ અને તે ઠરાવને સત્વર કાયદાના રૂપમાં મૂકવા અરજ ગુજારીએ છીએ.

અમારી "શ્રી જૈન મહિલા સમાજ"ની સંસ્થા મુંબઈમાં છેલ્લા ત્રેવીસ વર્ષ થયા જૈન સ્ત્રીઓની ઉન્નતિ અર્થે કામ કરી રહી છે, અને ત્રણસો ઉપર સુશિક્ષિત બ્હેનો આ સંસ્થાના સભાસદ છે. આ સમાજનું પ્રતિનિધિત્વ ધરાવતી શ્રી જૈન મહિલા સમાજની કાર્યવાહક સમિતિ તરફથી જૈન જનતાનું રક્ષણ કરનારા આ ખરડાને અમે હાર્દિક અભિનંદન આપીએ છીએ.

તા૦ ૨-૩-૩૩ ના રોજ શ્રી કચ્છઓસવાળ જૈન મિત્ર મંડળની એક સભા મળી હતી. જે વખતે સંન્યાસ દીક્ષા નિયામક નિબંધને વધાવી લેતો નીચે મુજબનો ઠરાવ સર્વાનુમતે પસાર થયો હતો.

"આપ નામદારને વિનંતિ કે" વડોદરા રાજ્ય આજ્ઞા પત્રિકામાં 'સંન્યાસ દીક્ષા નિયામક નિબંધ'નો મુસદ્દો પ્રગટ કરવામાં આવ્યો છે તેને અમારી કમીટી વધાવી લે છે અને સંપૂર્ણ ટેકો આપી સદરહુ મુસદ્દો તાકીદે કાયદાનું સ્વરૂપ લે એવી વિનંતિ કરે છે.

**ઉનાવા સંઘના અભિનંદન**

તા૦ સિદ્ધપુર તા. ૨૫-૨-૩૩.

મહેરબાન રા. રા. વડોદરા રાજ્ય સન્યાસ દીક્ષા નિયામક નિબંધ કમિટીના ન્યાયમંત્રી સાહેબ. વડોદરા.

વિનય પૂર્વક જણાવવાનું કે, અમો ઉનાવા ગામમાં વસતો સમસ્ત જૈન પ્રજા સંઘ—અભિનંદન સાથે નીચે પ્રમાણે કરેલા ઠરાવો આપ નામદારની હજુરમાં રજુ કરીએ છીએ.

ઠરાવ ૧

જૈન શાસ્ત્રો વિરૂદ્ધ થતી અયોગ્ય દીક્ષાને અનુમોદન આપતા કેટલાક સાધુઓ સાથે, અંધ શ્રધ્ધાળુ ભકતોએ સામેલ થઇ જે ભયંકર પરિસ્થિતિ ઉત્પન્ન કરી છે તેને દૂર કરતો અને અમારા જૈન ધર્મને અને દીક્ષાના સાચા સ્વરૂપને નિંદાતું અટકાવતો તેમજ સમાજનું હિત સાચવતો તા. ૯-૨-૩૩ની વડોદરા રાજ્ય આજ્ઞા પત્રિકામાં પ્રસિદ્ધ થએલા દીક્ષા નિયામક નિબંધના મુસદ્દાને અમારો સંઘ હાર્દિક અભિનંદન સાથે વધાવી લે છે અને તે મુસદ્દાને સત્વર મંજુર કરવા કૃપાળુ રાજ્ય પિતા શ્રીમંત સરકાર સયાજીરાવ ગાયકવાડ મહારાજા સાહેબને આગ્રહ ભરી વિનંતિ કરે છે.

ઠરાવ ૨.

અમારા જૈન સમાજમાં શાસ્ત્ર વિરૂદ્ધ થતી અયોગ્ય દીક્ષાને ઉત્તેજન આપવા માટે કેટલાક સાધુઓની ઉશ્કેરણીથી નિમિત્ત રૂપ બનેલા મુઠ્ઠીભર જૈનોની એક "વડોદરા રાજ્ય જૈન પ્રજા કમીટી" એ નામથી ઉત્પન્ન થએલ ટોળી તે અમોએ અમારી જૈન પ્રજા તરફથી નીમેલી નથી. જેથી અમો તેનો અગર તે તરફથી થતા કોઈ પણ વર્તનનો સ્વીકાર કરતા નથી અને આ ટોળીને અમારી વડોદરા રાજ્યની જૈન પ્રજા તરફથી ઉત્પન્ન થએલી ટોળી તરીકે અસ્વિકાર કરવા માટે અને તે ટોળી તરફથી દીક્ષા નિયામક નિબંધ વિરૂધ્ધ થતી હીલચાલનો પણ અસ્વિકાર કરવા માટે કૃપાળુ રાજ્ય પિતા શ્રીમંત સરકાર સયાજીરાવ ગાયકવાડ મહારાજા સાહેબને અમારી નમ્રતા પૂર્વક વિનંતિ છે.

**મહેસાણા પ્રાન્તના જૈનોનો ટેકો.**

મહેસાણા પ્રાન્તના મુંબઈમાં વસતા જૈનોની મળેલ સભાએ દીક્ષા નિયામક નિબંધને ટેકો આપતો ઠરાવ પસાર કરી નીચે મુજબનો તાર નામદાર ગાયકવાડ સરકાર ઉપર મોકલી આપેલ છે.

મહેસાણા પ્રાન્તના જૈન રહીશોની એક સભા આજે મુંબઈમાં મળી હતી. તેમાં સર્વાનુમતે ઠરાવ પસાર કરવામાં આવ્યો છે કે મહેસાણામાં સ્થપાયેલી વડોદરા રાજ્ય પ્રજા કમીટી કે જે દીક્ષા પાર્ટીનાજ સભ્યોની બનેલી છે તેની તરફથી જે દીક્ષા નિયામક નિબંધ વિરૂધ્ધ પ્રચાર કરવામાં આવ્યો છે તેનો આજની સભા સખ્ત વિરોધ દર્શાવે છે અને શ્રીમંત સરકાર ગાયકવાડને નમ્ર વિનંતિ કરે છે કે ઉપરોક્ત નિબંધ બનતી ત્વરાએ કાયદાના રૂપમાં અમલ કરવામાં આવે એવી શુભ ઇચ્છા દર્શાવે છે.

**શ્રી જૈન યુથલીગનો ટેકો,** અમદાવાદ.

અમદાવાદ જૈન યુથલીગ.

ઝવેરીવાડ કે રીચી રોડ, અમદાવાદ.

નેક નામદાર મહારાજા સાહેબ ગાયકવાડ.

અમદાવાદ જૈન યુવક સંઘ દિક્ષા નિયામક કાયદા ને આવકાર આપે છે અને કદર કરે છે. તેમજ સમાજના હિતની ખાતર હઠીસુરતોના મનને નમતું નહિ આપવા આગ્રહપૂર્વક વિનંતિ કરે છે.

અનુસંધાન..............પૃ. ૧૬૦ મે

# મુંબઈમાં જૈનોની જાહેર સભા.

## સંન્યાસ દીક્ષા નિયામક નિબંધને સંપૂર્ણ ટેકો.

### અયોગ્ય દીક્ષાના હિમાયતીઓને ચેલેન્જ.

"અંધશ્રધ્ધાળુઓ પર નિરભર થવાના દિવસો વહી ગયા છે."

શ્રી મુંબાઈ જૈન યુવક સંઘના આશ્રય નીચે તા.-૫-૩-૩૩ ને રવિવારના રોજ રાત્રીના આઠ વાગે શ્રી આદિશ્વરની ધર્મશાળાના વિશાળ હોલમાં શ્રીયુત્ મોહનલાલ પનજી શાહ સોલીસીટરના અધ્યક્ષપણા નીચે મુંબઈના જૈન ભાઈઓની એક જાહેર સભા વડોદરા રાજ્યના સંન્યાસ દીક્ષા નિયામક નિબંધને અનુમોદન આપવા મળી હતી. જેમાં સમાજના આગળપડતા ગૃહસ્થો અને અન્ય ભાઈ બહેનોથી હોલ ભરાઈ ગયો હતો.

સભાની શરૂઆતમાં યુવક સંઘના મંત્રી શ્રીયુત્ રતિલાલ સી. કોઠારીએ સરક્યુલર વાંચી સંભળાવ્યા બાદ, પ્રમુખશ્રીએ જણાવ્યું કે જ્યારે જ્યારે આપણે અયોગ્યદીક્ષાના અનિષ્ટ પરિણામોનો વિચાર કરવા એકત્ર થઈએ છીએ ત્યારે દીક્ષાના વિરોધી તરીકે સંબોધવામાં આવે છે. પણ મારે કહેવું જોઈએ કે આપણા વિરોધનો અર્થ જ તેઓ બરાબર સમજતા જણાતા નથી. આપણે યોગ્ય દીક્ષા સામે કદિએ વિરોધ કર્યોજ નથી અને એમ કરવાની આપણી ઇચ્છાએ નથી. યોગ્યદીક્ષાના ઉપાસકો સામે અમારો વિરોધ કે વાંધો નથી; તેમનાં પ્રત્યે અમારી સંપૂર્ણ સહાનુભૂતિ છે. અમારો વિરોધ અયોગ્ય દીક્ષા સામેજ છે. કુમળી વયના બાળકોને નસાડીને, ભગાડીને, અને પુખ્ત વયના અજ્ઞાન માણસોને ભરમાવીને તેમના કુટુંબની રજા વગર તેમની પત્નિ અને બાળકોને નીરાધાર સ્થિતિમાં મૂકી દઈને છુપી રીતે ગમે તે સ્થળે લઈ જઈને મુંડી નાંખવામાંજ સાધુઓ પોતાની સાધુતા સમજે છે.-તેની સામે વિરોધ છે.

અમે આ સ્થળેથી જાહેર સમાજને વિદીત કરીએ છીએ કે અમારો વિરોધ ધર્મ સામે નથી કે યોગ્ય દીક્ષા સામે નથી: પણ દીક્ષાની અયોગ્ય રૂઢી અને તેની પદ્ધતિ સામે છે. વિરોધી વર્ગનો આપણા ઉપર એવો આક્ષેપ છે કે આપણે સાધુ સંસ્થાઓનું અસ્તિત્વ મીટાવી દેવા માગીએ છીએ. પણ આવો આક્ષેપ કરનારાઓ ગંભીર ભૂલ કરે છે, અથવા તો આપણા વિરોધને ન સમજી શકવાથી કે અંધશ્રદ્ધાથી અવળો અર્થ કરે છે. મારે કહેવું જોઈએ કે સાચી દીક્ષાના સાચા ઉપાસકો આપણેજ છીએ. તેમ અમે ગૌરવતાથી માનીએ છીએ કે સાચા સાધુઓની સાધુ સંસ્થા સમાન ત્યાગવાળી સંસ્થા ધર્મના ક્ષેત્રમાં અન્ય કોઈ નથી. બીજી કોમો સાથે સરખાવી જોઈશો તો જણાશે કે ત્યાગની ભાવનાથી ભરેલી સાધુ સંસ્થા ધરાવવાનું સદ્ભાગ્ય જૈન સમાજનેજ સાંપડ્યું છે. બીજી કોમના સાધુઓ ગૃહસંસાર ભોગવી શકે છે, જ્યારે જૈન સમાજ એકજ એવી છે કે જેની સાધુ સંસ્થા ત્યાગની ભાવનાજ સેવે છે.

આવી દીક્ષાની જવાબદારી સમજી, પંચ મહાવ્રતને પાળનાર સાચા સાધુને અમારા દંડવત છે-વંદન છે તેઓના ચરણમાં અમારૂં શીર ઝુકી પડે છે, પણ અયોગ્ય દીક્ષા સામે તો અમારો વિરોધજ-છે. અને તે પદ્ધતિ નાબુદ નહિ થાય ત્યાં સુધી રહેશે અને રહેશેજ. આવી દીક્ષાના હિમાયતી સાધુઓ એમ સમજાવે છે કે સોળ વર્ષનાં માણસને દીક્ષા આપવી શાસ્ત્ર સંમત છે. તેથી કોઈ પણ રાજ્યને વચમાં દખલગીરી કરવાની જરૂર નથી. પણ આ દલીલ નથી. આતો અર્થ વગરની વાત છે. સાધુ તો તે કહેવાય કે જે રાજા અને પ્રજામાં પ્રતિષ્ઠા પામેલો હોય, નીડર હોય, કર્મની સામે યુધ્ધ કરનાર યોધ્ધો હોય, આત્મસમર્પણી હોય. આદર્શવાદી હોય, અને જગતના ભલા માટે ખપી જનારો હોય. એજ સાચો સાધુ છે.

જે સગીર બાળકોને દીક્ષા આપી દેવામાં આવે છે તેનું જ્ઞાન તો જુઓ! મુખાકૃતિ તો જુવો! જેને હજી સારાસારનો વિચાર કરવાની શક્તિપણ ખીલી નથી, જેને ધર્મનું રહસ્ય પણ સમજાયું નથી, તેવાં બાળકોને મુંડી નાંખવાથીજ માત્ર શો લાભ છે તે સમજી શકાતું નથી. આજે એથીજ જૈન કોમ અને જૈન ધર્મ જાહેરમાં વગોવાય છે, નિંદાય છે. આ વસ્તુસ્થિતિ અટકાવવાનો પ્રયાસ છેલ્લા પાંચ વર્ષથી ચાલુજ છે અને એનાં વિરોધમાં એમ કહેવામાં આવે છે કે, એથી સાધુ સંસ્થાનો લોપ થઈ જશે. આ અર્થ વગરની સ્વાર્થી વાત છે. દીક્ષા નિયામક નિબંધ સામે રૂઢી ચુસ્તોએ અને અયોગ્ય દીક્ષાના હિમાયતી સાધુઓએ પ્રચાર કાર્ય ઉપાડ્યું છે. ભલે તેમની દ્રષ્ટિએ ગમે તેટલું નકકર લાગ્યું હોય પણ તે પોલું છે, એટલે એની પોલ ગમે ત્યારે ખુલ્લી તો થવાની જ.

સન્યાસ દીક્ષા નિબંધનો વિરોધ કરનારને સમિતિનો રીપોર્ટ વાંચી જવાની હું ભારપૂર્વક ભલામણ કરૂં છું. વડોદરાની ધારાસભામાં શ્રી લલ્લુભાઈ કીશોરભાઈ પટેલે એક ઠરાવ રજુ કર્યો હતો પણ નજીકનાંજ ભવિષ્યમાં વડોદરા રાજ્ય તે માટે ખાત્રી આપવાથી તે પાછો ખેંચી લેવામાં આવ્યો હતો. તે પછી રાવબહાદુર ગોવીંદભાઈ હાથીભાઈના પ્રમુખપદે નીમાયેલી વિદ્વાન સમિતિએ તૈયાર કરેલો રીપોર્ટ વાંચવાથી આ અનિષ્ટ રૂઢીની અનર્થ પરંપરા તમારી સમજમાં આવશે. તેમ એમાં દીક્ષાનો ઇતિહાસ આપવામાં આવ્યો છે. અયોગ્ય દીક્ષા નિયામક નિબંધ પ્રગટ કરવા માટે અમે નામદાર વડોદરા નરેશને અભિનંદન આપવા સાથે એને જેમ બને તેમ જલદી અમલમાં મૂકવા વિનંતી કરીએ છીએ.

ત્યાર બાદ ભાઈશ્રી પરમાનંદ કુંવરજી કાપડીઆ જેઓ

સત્યાગ્રહની લડત અંગે કારાવાસમાંથી હમણાંજ છૂટીને આવ્યા છે તેમણે નીચે મુજબ ઠરાવ રજુ કર્યો હતો.

"જૈનોની આ જાહેર સભા વડોદરા રાજ્ય તરફથી પ્રસિદ્ધ કરવામાં આવેલા સંન્યાસ દીક્ષા નિયામક નિબંધને અંતઃકરણ પૂર્વક અનુમોદન આપે છે, અને કેટલાક રૂઢીચુસ્ત બંધુઓના વિરોધને ધ્યાનમાં ન લેતાં સમાજ અને દેશનું જેમાં સાચું શ્રેય રહેલું છે તેવા સુધારાઓને દૃઢતા પૂર્વક અમલમાં મૂકતા રહેવાની રાજનીતિને માટે નામદાર શ્રીમંત ગાયકવાડ સરકારને આ સભા સહર્ષ અભિનંદન આપે છે."

શ્રીયુત્ કાપડીઆએ ઠરાવ ઉપર બોલતાં જણાવ્યું કે દીક્ષા માટે જે કાંઈ વિચારો દર્શાવાય છે કે વિરોધ થાય છે તે અયોગ્ય દીક્ષા અંગેજ છે. છતાં રૂઢીચુસ્ત વર્ગ એવો આક્ષેપ કરે છે કે આપણે દીક્ષાનાજ વિરોધી છીએ. પણ વસ્તુસ્થિતિ એથી તદ્દન ઉલટીજ છે. આપણી સંસ્કૃતિનો પાયો દીક્ષા ઉપર રચાયેલો છે. સાચી દીક્ષા અમને અવશ્ય સ્વીકાર્ય છે. પણ મતભેદ માત્ર ગમે તેમ મુંડી નાખવામાંજ છે. અયોગ્ય દીક્ષા બે પ્રકારની છે-છાનીની અને પુખ્ત વયની. આ બન્નેને માબાપની સંમતી વગર અને સગાં સંબંધીઓનાં વિરોધ છતાં દીક્ષા આપી દેવામાં આવે છે તે સામે આ વિરોધ છે. કુટુંબની વ્યવસ્થા કર્યા સિવાય સ્ત્રી બાળકોને અનાથ દશામાં મૂકી દઈને નાસભાગની રીતિથી જે દીક્ષા અપાય છે તે જરાયે ઇચ્છવા યોગ્ય નથી.

સાચી દીક્ષાને આપણું અંતઃકરણ નમે છે. પણ અયોગ્ય દીક્ષા સામે એજ અંતઃકરણ જાગ્યો કરી ઉઠે છે. સમાજનું સાચું બંધારણ જાળવવાનો આગ્રહ એનું નામ સામાજીક અંતઃકરણ, પણ એને અવગણીને જે દીક્ષા લે છે તે અયોગ્ય છે એટલુંજ નહિ પણ **"એ એક સામાજીક ગુન્હો છે."** આપણા કેટલાક ભાઇઓના મગજમાં દીક્ષાનું ભૂત ભરાયું છે કે કોઇ પણ પ્રકારની દીક્ષા માટે વાંધો નથી. આ સામાજીક ગુન્હો અટકાવવા વડોદરા રાજ્ય પ્રેરાયું છે, રાજ્ય પણ યોગ્ય યોગ્યનો સ્વીકાર કે અનાદર કરે છે. આના સંબંધમાં વિરોધી વર્ગની એવી દલીલ છે કે આ ધર્મ ઉપર સીધું આક્રમણ છે. ધર્મ તો મનુષ્ય માત્રને સ્વેચ્છાથી પાળવાની છુટ હોવી જોઇએ. અને આ એક મોટું રાજ્ય તેના પર આવું આક્રમણ કરે તેનો વિરોધ કરવો જોઇએ.

આ માટે હું પ્રથમ મારૂં મંતવ્ય આપને જણાવીશ કે આક્રમણ ધર્મ પર નથી પણ રૂઢી પર છે. ધર્મ સામે કોઇ પણ રાજ્યનો વિરોધ નથી. વડોદરા રાજ્યને જૈનો સામે કાંઇ દ્વેષ નથી કે નથી તિરસ્કાર, પણ ખોટી રૂઢી પર રાજ્ય જો નિયમન ન કરે તો જમાનાના અન્ય સમાજને સાથે પ્રગતિ કરવામાં જૈન સમાજ જરૂર પાછળ પડી જાય. સુધારા સામે વિરોધ થયાજ કરવાનો છે. શારદા એક્ટ સામે સનાતનીઓ અને મુસ્લીમોએ ધર્મને નામેજ વિરોધ કરેલો. અસ્પૃશ્યતાના સંબંધમાં પણ સનાતનીઓ ધર્મને નામેજ વિરોધ કરે છે. આજે આપણે સ્વતંત્રતા માગીએ છીએ તો તે મેળવવા માટે આપણા સામાજીક બંધારણોમાં મહત્વના ફેરફાર કરવાની આવશ્યકતા નથી શું?

એક એવી દલીલ પણ કરવામાં આવે છે કે આ પ્રશ્નનો નિર્ણય આપણે આપસમાં કરી લેવો પણ રાજ્યને તેમાં વચ્ચે આવવા ન દેવું. દલીલ તો ઘણીજ સુંદર છે. પણ એનો વિચાર વહેવારિક દૃષ્ટિએ કરવો જોઇએ. આપણે એમ જરૂર ઇચ્છીએ પણ એમ કરવું આપણે માટે શક્ય છે ખરૂં? કોણ કોનાવતી કબુલાત આપી શકે એમ છે? એક બીજા સંઘોને કઇ રીતે લાગુ પડવા? કોઇનું પ્રતિનિધિ મંડળ નથી. ત્યાંસુધી રાજ્યની મદદ વગર આ નિયમન થઇ શકેજ નહિ એવો મારો દૃઢ અભિપ્રાય છે.

આ ઉપરાંત એવી પણ ધમકી આપવામાં આવે છે કે વડોદરા રાજ્ય આને માટે કાયદો કરશે તો અમે બીજા રાજ્યમાં જઇને એ કરશું. પણ આ ધમકી નિરર્થક છે કારણ કે વડોદરા રાજ્યે કરેલી પહેલનું અનુકરણ બીજા રાજ્યો અને બ્રિટીશ સરકાર પણ જરૂર કરશે.

એક વધુ દલીલ વળી એવી પણ કરવામાં આવે છે કે જે ત્યાગની ઉંચી ભાવના પર જૈન ધર્મ રચાયો છે તેનો પણ તમે વિરોધ કરો છો. હું કહું છું કે ત્યાગ સમાજ અને દેશને બન્નેને એટલોજ આવશ્યક છે, ત્યાગ અને વૈરાગ્યનું મહત્વ કોઇ ઓછું આંકતું નથી, પણ એ ભાવના સ્વીકારવી એ એક વસ્તુ છે અને તેને કઈ રીતે કેળવવી અને કેવા સંજોગોમાં સ્વીકારવી તે બીજી વસ્તુ છે. વિચારપૂર્વકનો ત્યાગ ધર્મમાં પ્રશંસનીય માન્યો છે. પણ આજે જે ત્યાગની ભાવના છે તેને તો પગલાવી નાંખ્યોજ છુટકો છે. સાધુ જીવન ત્યાગ માટે અનુકુળ છે એ વાતનો હું સ્વીકાર કરૂં છું. પણ ત્યાગ એક આંતરિક પલટો છે. એ બાહ્ય રંગ નથી પણ અંતરનો છે. સંસારમાં રહીને પણ ત્યાગની ભાવના કેળવી શકાય છે અને આચરી શકાય છે. વિચાર વગરનો ત્યાગ એ તો નરી જડતા સિવાય બીજું કાંઇજ નથી.

જે અનુકુળ સંજોગો ઉત્પન્ન કરીને ત્યાગ કરે છે તેજ સાચો વૈરાગી છે. એને સમાજમાં કોઇ પણ રોકી શકતું નથી. કાચો વૈરાગ્ય કદીએ ફળદાયી નથી. અને એથીજ ત્યાગનો સર્વદેશી દૃષ્ટિએ પણ વિચાર કરવાની જરૂર છે. શાસ્ત્રોના પ્રમાણ આપીને સાધુઓ હેમચંદ્રાચાર્યનો દાખલો આપે છે. એનો સામાન્ય ઉત્તર એટલોજ છે કે એ અપવાદરૂપજ છે. સગીર વયે દીક્ષા આપવાનો માતા પિતાને અધિકાર નથી. પણ આ ગરીબ દેશમાં એમ કરવું અશક્ય નથી.

સામાન્ય જનસમાજ મોટી વયે ઘણાં લગ્નોમાં માનતો થયો છે એજ રીતે દીક્ષાનું પણ છે. સમાજમાં દીક્ષા અને ત્યાગની અગત્ય છે પણ એને ગામ મુંડી નાખવા કરતાં બાળકોને ધાર્મિક શિક્ષણ લેવાની સગવડો આપવી એની એથી પણ વધુ અગત્ય છે. જૈન સમાજના ઉત્કર્ષ માટે સર્વનું એકજ ધ્યેય છે. જે સમાજ દેશકાળને અનુસરતા ફેરફારો કરતો જશે તેનુંજ અસ્તિત્વ ટકી રહેશે એ પણ એટલુંજ સત્ય છે. સુધારા વગર એનું અસ્તિત્વ અશક્ય છે.

આવા પ્રકારની અયોગ્ય દીક્ષા પર યોગ્ય નિયમન કરવાની પહેલ કરવા માટે ગાયકવાડ રાજ્યને ખરેજ ધન્યવાદ ઘટે છે. સામાજીક સુધારાની પહેલ તેઓજ કરે છે અને આપણે આશા રાખીએ છીએ કે નામદાર ગાયકવાડ સરકાર મતભેદોને લક્ષમાં ન લેતાં વસ્તુતઃ સમાજનું શ્રેયજ વિચારશે. આ માટે આપણે તેઓ નામદારને જેટલો ધન્યવાદ આપીએ તેટલો ઓછોજ છે અને એ બાબતમાં રૂઢીચુસ્ત સાધુઓ જે ચેલેંજ આપી રહેલા છે કે "અમે તો નાસાડશુંજ" એ ચેલેંજ ઝાંખો વખત ચલાવી શકાશે નહિ. આથી સર્વ આ ઠરાવને અનુમોદન આપશો.

ત્યારબાદ શ્રી. મોહનલાલ મણીલાલ પાદરાકરે ઠરાવને ટેકો આપતાં જણાવ્યું કે ત્યાગ વગર ધર્મ ટકી શકે નહિ. પાટણમાં મળેલી સભામાં મેં મારા વિચારો દર્શાવ્યા છે. જો જૈન સમાજને જીવવું હોય તો તે માટે એકજ માર્ગ છે કે હૃદયનું પરિવર્તન. દીક્ષાના હિમાયતીઓ વડોદરા નરેશને સમજાવવાની ધમાલ કરી રહ્યા છે પણ એ કાયદો હવે દૂર થવાનો નથી એ નક્કી છે.

તે પછી શ્રી. ચન્દ્રકાંત સુતરીઆએ ઠરાવને ટેકો આપતાં જણાવ્યું કે ત્યાગ કોને કહેવાય, તે સંબંધી દેશ માટે ફનાગીરી વ્હોરનાર એક સાચા ત્યાગી ભાઈ પરમાનંદે તમારી પાસે ખુબ ચર્ચા કરી છે, આપણા ધર્મમાં એક એવો રૂલ છે કે પીનલકોડની કલમમાં જેમ હજારો ગુન્હેગારો ભલે છુટી જાય પણ એક બીન ગુન્હેગાર ન માર્યો જવો જોઈએ તેમ એક જીવ ધર્મ ન પામે તો કંઈ નહિ પરંતુ હજારોને અધર્મ નહિ પમાડવા જોઈએ. આપણા સાધુઓ તરફથી આ સુત્રનું આજે ઉન્મૂલન થઈ રહ્યું છે, એક જીવને ખાતર આજે હજારોને દીક્ષા પ્રતિ તિરસ્કાર ઉત્પન્ન કરાવાય છે, આજથી દશ વર્ષ પહેલાં જે સાધુઓનું સ્થાન અને માન હતું તે આજે નથી તે માટે તેઓ સુધારકો ઉપર દોષનો ટોપલો ઓઢાડે છે પણ તેઓ પોતાનો દોષ જોઈ શકતા નથી. સાધુઓ ઉપરથી સમાજની શ્રદ્ધા ઉઠાડનાર કોઈ પણ હોય તો તે ખુદ સાધુઓજ છે, તેમણે પોતાના પગ ઉપરજ કુહાડો માર્યો છે, આજની આ સ્થિતિ પ્રવર્તી રહી હોય તો તેમાં સાધુઓ પોતેજ કારણભૂત છે, શા માટે તેમણે લોકની વિરૂદ્ધ આચરણ આચરવાં જોઈએ? આજે સંન્યાસ દીક્ષા પ્રતિબંધ નિબંધને આપણે એટલા માટેજ ટેકો આપીએ છીએ કે આપણી પાસે સાધુઓની સ્વચ્છંદતા ઉપર કાપ મુકવાને કોઈ પણ સત્તા નથી, સાધુઓની સ્વચ્છંદતાથી સમાજનું અસ્તિત્વ ભયમાં આવી પડયું છે, આજનો સામાન્ય માણસ યા બાળક દીક્ષા લેવાથી સાથે સમાજને પૂજ્ય બને છે; તેથી યોગ્યાયોગ્યતા જોવાની સમાજની ફરજ છે, અને એ ફરજ અદા કરવાની સમાજની શક્તિ ન હોય તો એ ફરજ અદા કરવાની રાજ્ય ઉપર ફરજ આવી પડે છે, શ્રીમંત નામદાર ગાયકવાડ સરકારે આ નિબંધ ઉપસ્થિત કરી પોતાની ફરજ અદા કરી છે, હું ઇચ્છું છું કે આ નિબંધને જલ્દીથી કાયદાના રૂપમાં ફેરવી નાખવામાં આવે.

વધુમાં આ ઠરાવને પાટણવાળા શ્રી. લહેરૂ ભાઈએ ટેકો આપતાં જણાવ્યું કે સંઘની સત્તાને કોઈ માનતા નથી એટલેજ આપણે કાયદાને ટેકો આપવો પડે છે. શ્રીયુત ફુલચંદભાઈ માંગરોળ નીવાસીએ જણાવ્યું કે આ બાબતમાં સાધુઓનો કેવળ કદાગ્રહજ છે માટે સાચા સાધુઓને ઓળખતા શીખવું જોઈએ.

આ ઉપરાંત, વીસનગરના બાબુભાઈ હીરાલાલ, મહેસાણાના ચંદુલાલ નગીનદાસ, વીજાપુરના અમૃતલાલ ડાહ્યાભાઈ, નરોત્તમ બી. શાહ, માણેકલાલ એ. ભટેવરા, જયચંદ માધવલાલ, અમીચંદ ખેમચંદ, શાહ વગેરેએ ટેકો આપ્યો હતો.

તે પછી શ્રી. અંબાલાલ જગજીવનદાસે જણાવ્યું કે વડોદરામાં જે સાધુઓ અને શ્રાવકો આવે છે તેઓને વડોદરાના સંઘ તરફથી કોઈએ આમંત્રણ કર્યું નથી. વડોદરામાં ફક્ત એક યુવકસંઘ કામ કરે છે. બીજી કોઈ સોસાયટી જેવું કાંઈ ત્યાં છેજ નહીં. આ કાયદો પસાર થવાનો છે અને વડોદરાની પ્રજા તરીકે હું તેને ટેકો આપું છું. શ્રી. તારાચંદ કોઠારીએ ઠરાવના ટેકામાં ટુંક ભાષણ કર્યાં બાદ પ્રમુખે ઠરાવ પર મત લેતાં તે સર્વાનુમતે પસાર થએલો જાહેર કરવામાં આવ્યો હતો.

પ્રમુખે તે બાદ ઉપસંહારમાં જણાવ્યું કે ભાઈ પરમાનંદે ખરી દીક્ષાનું રહસ્ય સમજાવ્યું છે. કેટલાક એમ દલીલ કરે છે કે નાની વયમાં દીક્ષા આપવામાં આવે તો હેમચંદ્રાચાર્ય જેવા નીકળી આવે પણ ત્રીજા ચોથા અને પાંચમા આરામાં દીક્ષા લેનાર ભાઈઓ બચપણ પછીજ દીક્ષા લેનાર હતા. હેમચંદ્રાચાર્ય જેવો દાખલો ભાગ્યેજ મળી આવશે. છાણી, ડભોઈ અને ચાણસ્માના દીક્ષાના બનાવો વિષેનો કેટલોક રિપોર્ટ વડોદરા રાજ્યે નિમેલી કમીટીના રિપોર્ટમાંથી સભામાં વાંચી સંભળાવ્યો હતો. બાદ સભા બરખાસ્ત થઈ હતી.

---

**મહેસાણા સંઘ............**અનુ. પૃષ્ઠ ૧૫૯ થી

જણાતા લખાણો બહાર પાડી સમાજમાં પોતાનાજ દ્રષ્ટિબિન્દુનો ફેલાવો કરે છે. માટે આ ઉપરથી "શ્રી ચતુર્વિધ સંઘ" એટલે મહેસાણાના સમગ્ર જૈન સંઘ એમ સમજવાનું નથી. અગાઉ મારા કહ્યા મુજબ રૂઢીચુસ્ત પક્ષના વિચારોથી મોટો ભાગ મહેસાણામાં વિરૂદ્ધ છે. માટે આ ખુલાસો મારે કરવો પડયો છે. તા૦ ૨૩ મીએ મળેલી મહેસાણાની સભામાં મહેસાણા સકળ જૈન સંઘ સમ્મત છે. એમ કોઈએ સમજવાનું નથી.

અમદાવાદની શ્રી યંગમેન્સ જૈન સોસાયટી પક્ષવાળા દરેક ગામમાં જઈ આવી વાતો ઉભી કરે છે. સમગ્ર સંઘના નામે એકજ જાતનું લખાણ પ્રગટ કરવામાં આવે છે. મહેસાણામાં પણ એમજ થવા પામ્યું છે, અત્યારે મહેસાણાના જૈન સંઘમાં સંપ નથી અને એ પ્રસંગનો આ પક્ષ ગેરલાભ લઈ રહ્યો છે, એ જાણી ખેદ થાય છે.

મહેસાણાના વતની તરીકે મને વધુ ખેદ થાય છે કે, અમારા વડોદરા રાજ્ય તરફથી બહાર પડેલ "સંન્યાસ દીક્ષા નિયામક નિબંધ" ઉપર કેવળ અજુગતા આક્ષેપો થાય છે. જ્યારે એ નિબંધમાં રહેલી ન્યાયશીલતા અને ચારીત્રપદ પ્રત્યે બહુ માન આ રૂઢીચુસ્ત પક્ષ જોઈ શકતો નથી. અને "આધ્યાત્મિક પ્રગતિના ન્યાયપૂર્વકના માર્ગને રૂંધનારા હોવાથી આત્મઘાતક છે." "ધર્મ સ્વતંત્રતા ઉપર ઘાવ મારનાર તેમજ ચારિત્રપદનો નાશ કરનાર" ચારિત્રપદ ઉપર કાપો કરવો તે દેહ પદને હણવા બરોબર છે" આવા આક્ષેપો કયારે થઈ શકે? આ નિબંધમાં એવું નથી. સમાજ સુધારક, પ્રજા વત્સલ, દયાળુ નામદાર ગાયકવાડ સરકારે આવો નિબંધ ઘડવાનું યોગ્ય શા માટે ધાર્યું? એ ઇતિહાસ જો જણાય તો આ બાબત માટે નામદાર ગાયકવાડ સરકારને તો ધન્યવાદજ આપવો ઘટે.

આશ્ચર્ય તો એ છે કે "સંન્યાસ દીક્ષા નિયામક નિબંધ" રદ કરાવવા નિમાયેલી શ્રી વડોદરા રાજ્ય જૈન પ્રજા કમિટી કે જેની મુખ્ય ઓફીસ મહેસાણામાં રાખવામાં આવી છે અને આ કમિટી તરફથી તા૦ ૨૬-૨-૩૩ રવિવારનો દિવસ પાખી તરીકે પાળવા જાહેર કરવામાં આવ્યું, જ્યાં ખુદ મહેસાણામાંજ પાખી પળાઈ નથી. આથી વધુ આશ્ચર્ય શું હોઈ શકે? અને આ ઉપરથી જાહેર જનતા જોઈ શકશે કે મહેસાણાની જૈન સંખ્યા આ નિબંધના વિરોધમાં કેટલી સામેલ હશે. એ વાત દીવા જેવી સ્પષ્ટ છે કે દીક્ષા જેવી પવિત્ર અને ઉત્તમ ધર્મારાધન માટેના સાધન માટે રાજ્યને વ્યવસ્થા કરવી પડે તે જેવી તેવી બાબત નથી, રૂઢીચુસ્તોના ઉન્માદનું એ પરિણામ છે. પરંતુ રાજ્ય પોતાની ફરજ બજાવતાં ચુકતું નથી તેથી રાજ્યને તો આ વસ્તુ ખરેખર શોભાવનારીજ છે. જ્યાં સુધી યોગ્ય સંપ સંઘમાં ન થાય ત્યાં સુધી "સંન્યાસ દીક્ષા નિયામક નિબંધ" જેવા નિયમોનો અંકુશ સ્વીકાર્યા વિના સિદ્ધિ નથી.

# સડેલા સમાજનું દિગ્દર્શન.

લેખક: ભોગીલાલ પેથાપુરી.

— તા૦ ૧૮-૨-૩૩ ના અંકથી ચાલુ —

**ધર્મ કેવો જોઇએ ?**

આજકાલ પેપરોનાં પાનાં ઉઘાડતાં એમજ વાંચવામાં આવે છે કે સુધારકો ધર્મનો નાશ કરવા બેઠા છે. અધર્મી થએલા છે, અને સાધુ ઉપર કે ગુરૂ ઉપર કે ખુદ પરમેશ્વર પરથી પણ શ્રદ્ધા ઉઠાવી લીધી છે, અને નાસ્તીક જીવન જીવી રહ્યા છે, આવા પોકારો સવાર ઉઠતાં કાનપર આવે છે, આનંદની વાત છે કે ઉપદેશમાં થાતો તેમના મુખપત્રદ્વારાએ પોતાના સડેલા ભેજામાંથી પણ આવું ગાંડુ-ઘેલું લખાણ નીકળે છે, પરંતુ આ કથનમાં કેટલું સત્ય છુપાએલું છે તે આપણે વિચારવાની જરૂર છે.

જેઓ અધર્મો કરે છે અને જેને સંબોધી કહેવામાં આવે છે એ બન્નેના વર્તન વ્યવહારમાં કેટલી ત્રુટીઓ છે. એ તપાસી હોય તો જરૂર એ લખનાર તેમજ જે પેપરમાં પ્રસિદ્ધ થાય છે તેના તંત્રી સાહેબના ગરમ ભેજામાંથી આવી રીતના વિચારો ન નીકળે, પરંતુ તેમની આંખે કમળો છે. પોતે પોતાના ઉપરથી જગત પીછાણે છે, પરંતુ એ સાહેબ જો હૃદયપૂર્વક કબુલ કરે કે ધર્મી સામાયિક પ્રતિક્રમણ પ્રભાવના પૂજા આદિ કરે છે, એ વાત ખરી પરંતુ આખા દિવસનો જીવનક્રમ ગાળવામાં તોળવામાં આવે તો જરૂર તે ક્રિયાઓ કરવા છતાં અધોગતિની ઉંડી ખાયમાં ઉતરતો જાય છે, કારણ એ છે કે ઉપરની ક્રિયામાં નથી શુદ્ધતા કે નથી હૃદયની સાચી ભક્તિ. ફક્ત બાહ્ય આડંબર અને લોક આચાર સિવાય ઉંડો અર્થ કંઇજ નથી, આજનો જમાનો બાહ્ય ક્રિયાઓ આડંબરને પોષે છે, અને ક્રિયા બાહ્ય દેખાવ અને વાહ વાહ બોલાવવા પુરતીજ કરવામાં આવે છે, ન મળે તેમાં શુદ્ધ ભાવના કે ન મળે શુદ્ધ પ્રેરણા. માત્ર ગાડરીયા પ્રવાહની માફક કરતા આવવાનુંજ. અને એને આજની સમાજ ધર્મિષ્ઠ ગણે છે, જ્યારે સુધારક ગણો કે નાસ્તિક ગણો, પરંતુ તે બાહ્ય ક્રિયાને પુરતું માન નથી આપતા પણ હૃદયમાં શુદ્ધતા હોય છે, બીજાના દુઃખની દરકાર કરે છે. અને અંતઃકરણ પૂર્વક ચિંતન કરે છે કે કુકર્મોથી બચાવ. સત્ય અને નીતિના પાઠ ભણાવ. જ્યારે કહેવાતા ધર્મી અને ધર્મનું ખરૂં સ્વરૂપ છોડી બાહ્ય આડંબરને ધર્મ માને છે ત્યારે નાસ્તિક બાહ્ય આડંબર છોડી સત્ય સ્વરૂપ પકડવા માગે છે.

ઘણા એમ પણ માને છે કે ભલેને ગાડરીયા પ્રવાહની માફક ક્રિયા કરતો હોય છતાં કોઇ દિવસ સાચા ભાવ જાગે આ કથન સત્ય માનીએ તો આજે સમય વ્યતિત થએ જાય છે. કાળના વ્હેવા સાથે જો આવી રીતે જ્ઞાન પ્રાપ્ત થતું હોય તો કોઇએ સત્ય વસ્તુ શોધવાની તસદીજ ન લીધી હોત, એની મેળેજ આંધળી, અજ્ઞાનપણાથી કરેલી ક્રિયા ફળદાયી થતી હોય તો, પરમાત્મા મહાવીર સ્વામી કે મહાન્ આચાર્યો સત્ય સ્વરૂપ જાણી મોક્ષગામી થવાની તસદી ન લીધી હોત, ત્યારે ખરી વસ્તુ તો એ છે કે પરમેશ્વરની ભક્તિ કરી તે જ્ઞાન અને શુદ્ધ હૃદયપૂર્વક સમજીને કરેલી જ [illegible] તે અમલમાં આવેલી મનુષ્ય નિર્મળ અને આત્માને ઉજ્વળ બનાવી શકે.

આપણે હરેક ધર્મ ધર્મ કરીએ છીએ પરંતુ આપણે ધર્મ એવો જોઇએ છે કે **જ્યાં કલેશ, સંતાપ કે રાગદ્વેષની ઝાંખી ન હોય;** આપણે એવો ધર્મ જોઇએ છીએ કે **એને શરણે જવાથી માનવજાતને આધિવ્યાધી ઉપાધીમાંથી શાંતિ મળે.** અને આ મેળવવા માટે ભગવાનને લાલચ આપવા કે મંદિરોમાં ભેંટ મુકવાની જરૂર ન હોય. આપણે ગરીબ છીએ, અનાથ છીએ; ઇશ્વરજ અમારો સ્વામી છે ત્યાં ભેટ આપી રીઝવનાર આપણે કોણ ? સાચા ધર્મને રસ્તે લઇ જનાર ધર્માચાર્યોની જરૂર આજે સમાજને છે; નિસ્વાર્થભાવે સુખ દુઃખ સહન કરી માનવજાતની મુક સેવા કરનાર સેવા ભાવી ધર્માચાર્યોની આજની સમાજ રાહ જોઇ રહી છે.

આપણે ધર્મ જોઇએ છીએ, પરંતુ અમુક વર્તુળમાં ભરાઇ બેઠેલો નહિ, ઉપાશ્રયોના ખુણામાં પણ ભરાઇ બેઠેલો નહિ, અજ્ઞાનનાં આવરણને વધુ ગાઢો કરતો નહિ, ભક્તોની ભાવનાઓનો ગેરલાભ લેતો નહિ, તરકટી અને પ્રપંચીની ઉપદેશદ્વારાએ પોષાએલો નહિ, કારણ એ ધર્મ નથી પણ હડહડતો અધર્મ છે. પરંતુ સાચો ધર્મ તો એ છે કે એ સત્ય જીવનોને તો હરકોઇ વ્યક્તિ ઝીલી શકે છે. મોહ, માન, માયા, રાગદ્વેષ જેવા પ્રચંડ શત્રુને મુઠીમાં રાખી ફરે છે, અને શુદ્ધ અને સાચા હૃદયથી એના પગલે ચાલે તો મનુષ્ય સેવાભાવી બની ઉચ્ચ પદ પામવાને લાયક બની શકે, કહો ! ક્યાં છે આજના કહેવાતા ધર્મોઓની આવી ભાવના, અને જ્યારે વર્તન અને ઉપદેશમાં જુદું સ્વરૂપ છે ત્યાં સુધી જીવનને સાચું કહેવામાં આવે છે.

# જૈન મહેસાણા સંઘ અને દીક્ષા વિરોધી પ્રચારકાર્ય.

ગઇ તા૦ ૨૭ મી ફેબ્રુઆરીના મુંબઇ સમાચારમાં "મહેસાણામાં શ્રી ચતુર્વિધ સંઘે સર્વાનુમતે પસાર કરેલો ઠરાવ" એ મથાળાં નીચે એક લખાણ પ્રગટ થયું છે. આ લખાણના અંગે જાહેર પ્રજામાં ગેરસમજ ઉભી થવા સંભવ હોવાથી તે બાબત સ્પષ્ટ કરવી જરૂર જણાવાથી નીચે મુજબ બે બોલ જાહેરને જણાવું છું.

વર્તમાન સમયમાં જૈન સમાજમાં બે પક્ષ પડયા છે. અને એ પક્ષો કયા મંતવ્યના આધારે ઉત્પન્ન થયા છે, એ વસ્તુ હવે જગજાહેર થઇ ચુકી છે. તેમાંનો રૂઢીચુસ્ત પક્ષ વડોદરા રાજ્ય તરફથી પ્રગટ થતા સંન્યાસ દીક્ષા નિયામક નિબંધ અંગે વિરોધ કરી રહ્યો છે. આ પક્ષ પોતાના મંતવ્ય બાબત કોઇ પણ સત્ય પ્રયત્ન કરે એ સાથે અમને કશો વિરોધ નજ હોય. પણ પોતાના મંતવ્યની સિદ્ધિ માટે એક ગામમાં તેનાથી મોટો ભાગ વિરૂદ્ધ છતાં ગામના "સકળ સંઘ"ના નામે જાહેર પેપરોમાં બાબતો બહાર પડે ત્યારે તેનો સત્ય ખુલાસો કર્યા વિના ચાલતું નથી.

ગયા સોમવારના પેપરમાં પ્રગટ થયેલ લખાણમાં જે "શ્રી ચતુર્વિધ સંઘે સર્વાનુમતે કરેલા ઠરાવો" એમ મથાળું બાંધેલ છે. એ વાકયને અંગે ગેરસમજ થવા સંભવ છે. ઉપર કહ્યા મુજબ રૂઢીચુસ્ત પક્ષ સંઘની વ્યાખ્યામાં માત્ર ચારજ વ્યક્તિ હોય તો પણ તેને ચતુર્વિધ સંઘ કહે છે અને તેના નામે

(અનુસંધાન............પૃષ્ઠ ૧૫૮ મે.)

સંન્યાસ દીક્ષા..................પૃ૦ ૧૫૫ થી

વડોદરા રાજ્યની આજ્ઞા પત્રિકામાં. તા. ૯-૨-૩૩ ના અંકમાં પ્રસિદ્ધ થયેલ દીક્ષા નિયામક નિબંધનો મુસદ્દાને ખંભાત જૈન યુવકસંઘ વધાવી લે છે. અને તેને કાયદા તરીકે સત્વર અમલમાં લાવવા આગ્રહ પૂર્વક વિનંતિ કરે છે.

**મુંબઈ જૈન સ્વયંસેવક મંડળનો ઠરાવ.**

મુંબઈ તા. ૮-૩-૩૩.

મુંબઈ જૈન સ્વયંસેવક મંડળની મળેલી સાધારણ સભામાં નીચેનો ઠરાવ પસાર કરવામાં આવ્યો છે.

"દીક્ષા નિયામક નિબંધને શ્રી મુંબઈ જૈન સ્વયંસેવક મંડળ અંતઃકરણ પૂર્વક ટેકો આપે છે અને તેને સત્વર કાયદા તરીકે બહાર પાડવા વિનંતિ કરે છે.

**નવસારીનો તાર—**

નવસારી તા. ૨૮-૨-૩૩,

નવસારીના જૈનો તરફથી નીચેનો તાર રવાના કરવામાં આવ્યો છે.

ન્યાયમંત્રી સાહેબ,

વડોદરા,

નવસારી પ્રાન્તની જૈન કમીટી મેસાણામાં સ્થપાએલ જૈન કમીટીનો વિરોધ કરે છે અને દીક્ષા નિયામક નિબંધને સંપૂર્ણ ટેકો આપે છે.

**જામનગરના તારો—**

જામનગરથી—જૈન સંઘ, શાન્તિ પ્રચારક મંડળ, યુવકસંઘ, વિશાશ્રીમાળી જૈન યુવક મંડળ, આ સંસ્થાઓ તરફથી દીક્ષા નિયામક નિબંધને ટેકો આપતા તારો ન્યાયમંત્રી સાહેબ ઉપર કરવામાં આવ્યા છે.

**વડોદરાના નાગરીકોનો ટેકો.**

તા૦ ૭-૩-૩૩ ના રોજ સાંજે ૬॥ વાગતા શહેરના નાગરિકોની એક જંગી સભા ભરવામાં આવી હતી. જેમાં "દીક્ષા નિયામક નિબંધને ટેકાના ઠરાવો પસાર થયા હતા. તેના પ્રમુખ સ્થાન માટે ડૉ. **સુમન્ત મહેતાને** ખાસ આમંત્રણથી બોલાવવામાં આવ્યા હતા. વડોદરાના મુખ્ય મુખ્ય નેતાઓ; નગરશેઠ ડાહ્યાભાઈ, લક્ષ્મીચંદ દીવાનજી ડૉ. પ્રાણલાલ શ્રી પ્રાણલાલ મુનશી, વકીલ હીરાલાલ સુતરીયા, ડૉ. નાનુભાઈ, ડૉ. ચંદુલાલ, વકીલ ચુનીભાઈ, વકીલ શ્રી નિકતે વિગેરે હાજર હતા કુલ સંખ્યા ૭૦૦, ૮૦૦ હતી જેમાં ૧૦૦, ૧૫૦ મહિલાઓએ પણ હાજરી આપી હતી.

શરૂઆતમાં શ્રી મોતીલાલ મગનલાલ મોદીએ સભાનો હેતુ સમજાવવા સાથે પ્રમુખની દરખાસ્ત મુકી હતી અને ઝવેરી લાલભાઈએ તેને અનુમોદન આપ્યું હતું.

ડૉ. સુમન્ત મહેતાએ પ્રમુખસ્થાન સ્વીકારતાં જણાવ્યું હતું કે આ સભા એકલા જૈનો માટે નથી. અને મુસદ્દો પણ જૈનો માટેજ નથી. પણ સમસ્ત હિંદુઓને માટે છે એટલે આ સભા સમસ્ત શહેરીઓની છે. હું કોઈ એક પક્ષ તરફથી નહીં પણ તટસ્થ રીતેજ પ્રમુખ પદ લેવા આવ્યો છું. સમાજ અને રાજદ્વારી જીવનમાં ભારે પલટો થઈ રહ્યો છે. આજની જાગ્રતિ કેવળ શહેરોમાંજ નહીં પણ ગામડાઓમાંય મેં અનુભવી છે. સ્ત્રીઓમાં પણ ભરપુર જાગૃતિ આવી છે. સમાજ અને કુટુંબ જીવનમાં પણ ભારે જાગૃતિ અને પરિવર્તનશીલ ભાવનાઓ ફેલાઈ રહી છે. વિગેરે પ્રાસ્તાવિક પ્રવચન સાથે પ્રમુખપદ સ્વીકાર્યું હતું. આજે જે ઠરાવ રજુ થવાનો હતો તે જનતા સમક્ષ વાંચી સંભળાવ્યો હતો:

મી. સુતરીઆએ પોતાના ઠરાવ પર વિવેચન કરતાં કહ્યું કે આ મુસદ્દો સમસ્ત હિંદુ કોમ માટેનો હોવા છતાં જૈનોમાંજ મોટો કોલાહળ મચ્યો છે. સરકારનો હેતુ દીક્ષા અટકાવવાનો નથી પણ અયોગ્ય દીક્ષા પર મોટો અંકુશ મુકવાનો છે. સરકારે દખલ ન કરવી જોઈએ. પણ „આપણે આપણું હિત ન સમજી શકીએ તો સરકારને દરમ્યાનગીરી કરવાની જરૂર રહે છે.

બાદ અનુમોદન આપતા ડૉ. ચંદુલાલે કહ્યું કે મેં એક બીના જોઈ—એક નવદીક્ષિત બાળક, બાળક બુદ્ધિને અનુસાર પોતાના સ્વચ્છંદ વર્તન પ્રમાણે અજાણપણે ઢોલ વગાડનારા પાસે દોડી આવ્યો ને ઢોલ વગાડવા મંડી પડયો. બીજા મુનિરાજો તેને સમજાવી ધમકાવીને અંદર લઈ ગયા. કહેવાની મતલબ એ કે આવા બાળકને વિકસવા દીધા વિના દીક્ષા આપવી એ અત્યાચાર છે. આવા બાળકોને દીક્ષા ન આપે તો મહાવીરનો ધર્મ જતો રહે છે? વગેરે કહી યુવક સંઘના ધગશભર્યા કામને અભિનંદન આપતાં વિવેચન બંધ કર્યું હતું.

વચમાં સુંદરલાલ કાપડીઆએ પોતાનો અભિપ્રાય જાહેર કરતાં કહ્યું કે ૧૬-૧૮ વર્ષની ઉંમરના માટે સંમિત ન હોવી ઘટે. કારણ કે ધણીને સ્ત્રી દીક્ષા લેવા માટે સંમતિ ન આપે.

બાદ પં. લાલચંદ ભગવાનદાસે જણાવ્યું કે મારા પચીસ વર્ષના શાસ્ત્રના અનુભવમાં મને માલમ પડયું છે કે એવા ઘણા દાખલાઓ શાસ્ત્ર આપણને પુરા પાડે છે જેમણે સ્ત્રીની સંમતિપૂર્વક દીક્ષા લીધી છે. અને સ્ત્રીની સંમતિ લેવી હું આવશ્યક સમજુ છું.

પ્રમુખ મહાશયે આ સંબંધી લંબાણથી ખુલાસો કર્યો હતો. અને બાદ સુંદરલાલે પોતાનો અભિપ્રાય સરકારને જણાવવો ઘટે અને તેના પર વિચાર ચલાવવા યોગ્ય કરે.

અંતે તે ઠરાવ પસાર થઈ ગયો હતો.

બીજો ઠરાવ નગરશેઠ ડાહ્યાભાઈએ મુકયો હતો. અનુમોદન ઝવેરી કલ્યાણચંદ કેશવચંદે આપ્યું હતું અને ઠરાવ પસાર થઈ ગયો હતો.

ઠરાવ ૩ જો. ડૉ. પ્રાણલાલ મુનશીએ વાંચ્યો હતો અને દાખલા દલીલો સાથે જુસ્સાપૂર્વકથી, લંબાણથી અને અસરકારક વ્યાખ્યાન આપી જનતાને ખુબ ખેંચી હતી.

ડૉ. શ્રી નિકત વકીલે અનુમોદન આપ્યું હતું અને ઠરાવ પસાર થઈ ગયો હતો.

બાદ ચોથો ઠરાવ શેઠ હરગોવિંદદાસે મુકયો હતો. અનુમોદન ડૉ. નાનુભાઈએ આપ્યું હતું અને ઠરાવ પસાર થઈ ગયો હતો.

આમ લગભગ ૨॥ કલાક સભાનું કામ ચાલ્યું હતું અને પ્રમુખ મહાશય તેમજ નાગરિક જનતાનો આભાર માની સભા વિસર્જન થઈ હતી.

Printed by Lalji Harsey Lalan at Mahendra Printing Press, Gaya Building Masjid Bunder Road Bombay, 3 and Published by Shivlal Jhaverchand Sanghvi for Jain Yuvak Sangh. at 26-30, Dhanji Street Bombay, 3.

ઓશવાળ યુવક પરિષદ્.

Reg. No. B. 2917
Tele. Add. 'Yuvaksangh'

# પ્રબુદ્ધ જૈન.

તંત્રીઃ રતીલાલ સી. કોઠારી. સહતંત્રીઃ કેશવલાલ મંગળચંદ શાહ.

છુટક નકલ ૧ આનો. વાર્ષિક રૂ. ૨-૮-૦ | શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું મુખપત્ર. વ્યવસ્થાપકઃ-અમીચંદ ખેમચંદ શાહ. | વર્ષ ૨ જુ, અંક ૨૧ મો. શનીવાર તા. ૧૮-૩-૧૯૩૩.

# વિચારનાં......વહેણમાં.

તારાચંદ.

**ચેલા-ધનની ઘેલછા.**

શાસ્ત્રોનાં પુરાણ શોધી શોધી, કેટલીય વખત એનો અનર્થ નિપજાવી, બાળ દીક્ષા શાસ્ત્ર માન્ય છે એમ આપણને બતાવવામાં આવે છે. કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્યનું જ્વલંત જડી આવતું દૃષ્ટાંત રજુ કરવામાં આવે છે.

શાસ્ત્રનાં એ પ્રમાણો અને હેમચંદ્રાચાર્યનો એ દીક્ષા પ્રસંગ એ એ કાળના સમય સંજોગ અનુસાર વ્યાજબી હશે. પણ અનેક વર્ષોના અંતર પછી, સમયને સામાજિક નિયમનના સંજોગ પલટા પછી, પણ એમને એમ એ પુરાણ ઉક્તિઓ આપણને મંજુર કરવાનું કહેનાર નર્યો મૂર્ખ છે અને એની બુદ્ધિએ દેવાળું કાઢયું હોય છે.

મુનશી કહે છેઃ

"પૂજ્ય ભાવ એટલે કદર. પ્રણાલિકા એટલે અંધ શ્રદ્ધા. જે પૂજ્ય ભાવ રાખે તે પ્રાચીનો પર પ્રેમ રાખે, તેમનો સમય અને સંજોગો સમજવા મથે. પણ જ્યારે તે પ્રણાલિકાવાદી બને છે ત્યારે તે માત્ર પ્રાચીનો પાછળ ઘેલો બની તેમના અને પોતાના સંયોગોનો વિચાર કરવો વિસરી જાય છે. પુરાણી પ્રણાલિકાને તે સ્વતઃ સિદ્ધ ધોરણ માને છે, અને તેનાથી વિરુદ્ધ દરેક વસ્તુનો તે દ્વેષ કરે છે. વર્તમાન જીવનને ભૂતકાળના સંયોગો નથી, અને પરિણામે તે સંયોગોથી મળતી પ્રેરણા નથી. ભૂતજીવનપર રચાયલી પ્રણાલિકાઓ નવું જીવન ઘડવામાં થોડોકજ ભાગ લે છે. નવું જીવન ઘડવામાં ખરો ભાગ તો વર્તમાનના સંયોગો અને પ્રેરક બળોજ ભજવે છે. દરેક જીવંત વ્યક્તિને, રાષ્ટ્રને, સમાજને કે સંસ્કૃતિને ટકવા માટે પોતાના સંયોગોનેજ અનુકૂળ થવું પડે છે. એક ચીજ એક જમાના માટે સારી હોય, પણ જમાનો પલટાતાં તે શા માટે સારી લેખાવી જોઈએ? હું બદલાયો, સંસાર ને સમય બદલાયો, પણ શા માટે પુરાણા ધોરણપર જીવન ઘડવું?"

વર્ષો પહેલાં જુગલ જોડીનાં લગ્ન થતાં અને ભગવાન ઋષભદેવ એમની સગી બ્હેન સાથે પરણ્યા હતા. આજે સંયોગો બદલાતાં, એજ વસ્તુની પુનરાવૃત્તિ કરનારને લોક ગધેડેજ બેસાડે એમાં શંકા નથી. પાંચ પતિ તો શું પણ એવી કલ્પના કરનાર કોઈક દ્રૌપદી જેવી છોકરીની શી દશા થાય એ કલ્પનાથી કમકમાં આવે.

આજની જેમ, પૈસાની ભૂખે સામાજિક તરછોડાટે, સાધુ થવા નીકળેલા, કોઈ શાસ્ત્રમાંથી કે એ યુગના ઇતિહાસમાંથી બતાવી શકશે નહિ. આજની જેમ ઠુંટકાટ ને ફોસલાવણીથી, ચોરીને વેશ પલટાથી **ધર્મનો ઉદ્ધાર** કરવા નિકળેલા આચાર્યદેવો એ સમયમાં શોધ્યા જડશે નહિ.

આમ આજની ને એ વેળાની પરિસ્થિતિ સાવ જુદી છે. લોક મંતવ્યો જુદાં છે. સામાજિક બંધનો જુદાં છે. દીક્ષા લેવાનાં કારણો જુદાં છે. અને દીક્ષા આપનારના 'ધર્મલાભ'ની પાછળ **ચેલા-ધન** વધારવાની પાગલ ઘેલછા છે. એટલે શાસ્ત્રોની એ 'સાબીતીઓ' આજના જુવાનને મંજુર નથી.

**બેવકૂફીનું પ્રદર્શન**

દીક્ષા પ્રબંધક નિબંધથી ગંભીર અંધકારમાં સડતાં નામર્દો તમતમી ઉઠે છે. પેલું પાંજરાપોળમાં વસી વસી બુદ્ધિએ છીંડાળુ જણી રહેલું સાત વારીયું, જાણે ધર્મ રસાતાળ જતો હોય તેમ **'કર્તવ્યની ચીસ'** પાડે છે. ધર્મના ધુરંધરો કહેવડાવતા સ્વાર્થાંધ સાધુઓ ટોળાબંધ થઈ વડોદરા જઈ પહોંચે છે. અને આમ વડોદરામાં 'બેવકૂફીનું પ્રદર્શન' ભરાયું છે.

ચેલા ધન એકઠું કરવાની પાગલતાને રોકવા સર સયાજીરાવ આગળ આવે છે. એ ભાનભુલ્યા સાધુઓની પાગલતાથી પાયમાલ થયેલાં સેંકડો નરનારની વેદના ભરી ચીસ હમદર્દીથી એ સાંભળે છે. ધાર્મિક બીનાઓથી પર, સામાજિક છિન્ન વિછિન્નતા અટકાવવા એ રાજવી તરીકેની એની વ્યાજબી માનવ-ધર્મ પ્રેરિત, ફર્જ સમજે છે.

અને આ પ્રશ્નની પાછળની સ્વાર્થવશ ધાંધલ સમજી શકે એટલા એ નિપુણ છે.

તેથી સર સયાજીરાવના હાથમાં આજના જુવાનોનો પ્રશ્ન સાવ સહિસલામત છે. અને ધર્મના નામે ધતિંગો કરવાનો જમાનો હવે વહી ગયો છે. એ સત્ય આ પ્રદર્શન-પ્રેરકોને ચાબૂક પડતાં કપરી રીતે સમજાઈ જવાનું છે.

**અસંગતતા.**

'આ પ્રભુને ઢોળવાનાં ચમ્મર જંગલી ગાયની જીવતાંજીવ કાપેલી પુચ્છોના વાળનાં બનાવવામાં આવે છે. એટલે કે એ ગાયોનાં પુચ્છ કાપવાનાં કૃત્યના તમે સીધા જવાબદાર છો.' એક અજૈન મિત્રે કહ્યું તે સાચું હોય તો આ પ્રણાલિકા એકાએક રદ થવીજ જોઈએ. અહિંસા પરમો ધર્મના ઉપાસક આપણે આવી અસંગતતા કેમ કરી સાંખી શકીએ?

**સંગઠન.**

**ભરતપુર,** કરૌલીના શ્રીમાળ-ઓસવાળોનાં સંગઠનના સમાચાર જૈન સમાજની પ્રગતિ સૂચવે છે, ન્યાતો અને તડોમાં ગોંધાઈ રહેલા આપણે, એ ન્હાનકડા-અર્થ વિનાના ભિન્ન ભાવ ભૂલી એકત્રીત થઈ, બળ જમાવીએ ને વિકાસ સાધીએ નહિ તો આંતર કલહનો ધસારો આપણા સર્વ નાશ સુધી અટકવાનો નથી.

पुरिसा ! सच्चमेव समभिजाणाहि ।
सच्चस्स आणाए से उवट्ठिए मेहावी मारं तरइ ॥

હે મનુષ્યો ! સત્યને જ બરાબર સમજો. સત્યની આજ્ઞા પર ખડો થનાર બુદ્ધિવાન્ મૃત્યુને તરી જાય છે.

( આચારાંગ સૂત્ર)


# પ્રબુદ્ધ જૈન.

શનીવાર તા૦ ૧૮-૩-૩૩


## ઓશવાળ યુવક પરિષદ્.

સમસ્ત જગતમાં આજે યુવાનીનો તનમનાટ, અનેરો ઉત્સાહ અને ગગનચુમ્બિત ભાવનાના પૂર ફરી વળ્યાં છે, યુવાનીની વસંત ચારે બાજુ ખીલી રહી છે, આશ્ચર્યની વાત તો એ છે કે સાઠ સાઠ વરસના જીવનની સંધ્યામાં જઈ પહોંચેલા માનવીઓ પણ પોતાને યુવક તરીકે ઓળખાવવામાં ગમરૂરી લે છે, એટલુંજ નહિ પણ પોતાના જીવનમાં એવો ઉત્સાહ અને ખંત રાખવે છે કે પચીસ પચીસ વરસના જુવાનોને શરમાવું પડે. આવું યુવાનીનું એક મોજું આર્યાવર્તમાં પણ આવી ચડયું છે, લોકોમાં અનેરો ઉત્સાહ વ્યાપ્યો છે, પુરાણી સંસ્કૃતિના અવશેષોમાંથી નૂતન સંસ્કૃતિનો જન્મ થઈ રહ્યો છે. જૈન સમાજ અને તેની આંતરજ્ઞાતીઓ ઉપર પણ તેનો પ્રભાવ પડયા વગર રહી શકયો નથી. તેનો જીવતો પુરાવો શ્રી અખિલ ભારત વર્ષીય ઓસવાળ નવયુવક પરિષદ્ના મંત્રી શ્રીયુત્ સિદ્ધરાજજી ઢઢ્ઢાએ એક નિવેદન બહાર પાડયું છે, તે છે. તે નિવેદનમાં તેઓશ્રી જણાવે છે કે "આપણા સમાજમાં અજ્ઞાનતાને વશ થઈ કુરૂઢીઓ અને કુરીતિઓએ વાસ કર્યો છે, સંકુચિત મનોદશાથી સાંપ્રદાયિક મમત્વ અને આપસની ફૂટે સમાજ ઉપર પોતાનું સામ્રાજ્ય જમાવ્યું છે. સમાજની આવી શોચનીય દશા જોઈને નવયુવકોના હૃદય ખળભળી ઉઠયાં છે, તેનાં ફળરૂપે દેશના પ્રત્યેક ભાગમાં નવયુવકોની સંસ્થાઓ જોઈ શકાય છે. પરંતુ એક દેશ વ્યાપી કોઈ પણ સુસંગઠિત આંદોલનનો અભાવથી છુટી છવાઈ શક્તિનું ફળ સમાજને બરાબર મળ્યું નથી, અને તેટલાજ ખાતર જનતા આજે યુવકો ઉપર એ આક્ષેપ કરી શકે છે કે યુવકો વાતો તો મોટી મોટી કરે છે, પરંતુ કંઈ કાર્ય કરતા નથી. આ વસ્તુને ટાળવાને માટે અને સમગ્ર ઓશવાળ નવયુવકને સુસંગઠિત કરી તે સંગઠન દ્વારા સમાજને ઉન્નત બનાવવાની ધગશથી પ્રેરાઈને આવી પરિષદ્ બોલાવવાનું નક્કી થયું છે. એમાં કયો રાહ નક્કી કરવો તે જાણવાનું કાંઈ પણ સાધન નથી. અને તે રાહ તો એક બીજાના વિચારોની આપલેથીજ નક્કી થઈ શકે છે." આ નિવેદનથી એટલું તો જરૂર જણાય આવે છે કે સમાજનો નવયુવક વર્ગ હવે કેવળ વાતો કરવાનો નથી. પરંતુ કંઈક રચનાત્મક કાર્યક્રમ તરફ વળ્યો છે. આવા સમેલનો સમાજ માટે જરૂર આવકારદાયક છે, કારણ કે તેનાથી ભવિષ્યનો કાર્યક્રમ નક્કી કરી શકાય છે. પરંતુ કાર્યકર્તાના લક્ષ ઉપર એ વાત લાવવી જરૂરી છે કે આપણે રાહ નક્કી કરવામાં જેટલા શક્તિવાન થઈએ છીએ તેટલા તે રાહમાં આગળ વધવામાં શિથિલ છીએ તે ભુલવું જોઈતું નથી. આપણે ઠરાવોની પાછળ ઉત્પન્ન કરવું જોઈતું પીઠબળ ઉત્પન્ન કરી શકતા નથી એ આપણામાં ઉણપ છે. આ ઉણપને દૂર કરવા માટે આપણે નીચેની બીનાઓ ધ્યાનમાં રાખવા જેવી છે.

૧. સમેલન સ્થળ એવું જોઈએ કે ભારત ભરના નવયુવાનોને આવવું સુગમ પડે, એટલે કે રેલ્વે, તાર, ટપાલ વગેરે સગવડવાળું મધ્યસ્થ સ્થળ જોઈએ.

૨. તે માટે પુરેપુરો લોકમત કેળવવો જોઈએ. જેથી સમાજનો તમામ વર્ગ તેમાં સાથ આપે.

૩. ઠરાવોની હારમાળાનો મોહ ન રાખતાં જેટલા આચારમાં મુકી શકીએ અને જે શક્ય હોય તેવા ઠરાવો કરવા કે જેથી જનતાનું પીઠબળ ઉભું કરી શકાય.

૪. જેટલું ખાન સહેલું છે તેટલી ઉન્નતિ કઠીન છે. એ બાબત ધ્યાનમાં લઈ કોઈ એવું ઉતાવળીયું પગલું ન ભરવું કે સમાજને અલગ રાખીને આપણે કાંઈ પણ કરવું પડે, કારણ કે સમાજના સાથ વગર આપણે કોઈ પણ કાર્યમાં સફળતા મેળવી શકીએ નહિ, એ બાબત સ્પષ્ટ છે.

જો કે હજુ પરિષદ્ ક્યારે અને ક્યાં ભરાશે તે નક્કી નથી, પરંતુ મુંબઈ ઇલાકાના કોઈ પણ સ્થળમાં જ્યાં અખિલ ભારતવર્ષીય ઓશવાળ મહા સંમેલન ભરાશે ત્યાંજ આ પરિષદ્ ભરવી એવો તેના કાર્યકર્તાઓએ નિશ્ચય કર્યો છે. અમને એ જાણીને બહુ આનંદ થાય છે, કે બંધારણમાં ઓસવાળનો અર્થ એકલા ઓસવાળોજ એમાં ભાગ લઈ શકે 'એ' નથી પરંતુ તેમાં પોરવાડ, શ્રીમાળ આદિ તમામ જ્ઞાતીઓ ભાગ લઈ શકે એવી વિસ્તૃત વ્યાખ્યા કરવામાં આવી છે. આ દૃષ્ટિએ આ પરિષદ્ ઘણીજ આવશ્યક છે, એટલુંજ નહિ પરંતુ જેટલો સહકાર આ પરિષદ્ને આપી શકાય તેટલો આપવો એ દરેક યુવકની સામાન્ય ફરજ થઈ પડે છે. એ ખૂબ ખ્યાલમાં રાખવું જોઈએ કે કેવળ જાગૃતિજ એકલી સમાજોન્નતિ કરી શકતી નથી. પરંતુ તે જાગૃતિનો સદુપયોગ કરી સમાજને વ્યવહારૂ કાર્યમાં ઉતારવાથી ઉન્નતિ થઈ શકે છે. આપણા સમાજમાં અનેક પરિષદો, કોન્ફરન્સો, સમેલનો વગેરે થયાં છે. જાગૃતિ પણ ખુબ આવી છે, પણ તેનું ફળ સમાજને મળ્યું હોય તેમ ઇતિહાસ સ્પષ્ટ ના સુણાવે છે. આમ કેમ બન્યું તે શોધવા જવું પડે તેમ નથી. આપણે અત્યાર સુધી વ્યાખ્યાન બાજી અને ઠરાવો પસાર કર્યાં એટલે આપણી ઉન્નતિ થઈ ગઈ એમ માનતા હતા. પણ અત્યારે એ સ્થિતિ નથી આપણી અત્યાર સુધી પ્રગતિ ન થઈ હોય તેમાં ઉપરોક્ત માન્યતાજ કારણભૂત હતી. સદ્ભાગ્યે આપણી આજે એ બાબતમાં આંખ ઉઘડી છે.

અમે આશા રાખીએ છીએ કે ઉપરોક્ત બીના અખિલ ભારતવર્ષીય ઓશવાળ નવયુવક પરિષદ્ના કાર્યકર્તાઓ લક્ષમાં લે અને જે ત્રુટી પોતામાં દેખાય તે દૂર કરી સમાજને પ્રગતિકારક રાહમાં યોજી યશ મેળવે.

## ચોપડીઓ આવી ગઈ છે.

**પજુસણુ વ્યાખ્યાન માળાની ચોપડીઓ છપાઈને આવી ગઈ છે. ગ્રાહકોએ યુવક સંઘની ઓફીસમાંથી લઈ જવા મહેરબાની કરવી.**

# પ્રાસંગિક પ્રબોધન.

## સુગમબળના મૂલ્ય.

સમસ્ત આર્યાવર્તના સ્થા. જૈન મુનિઓનું મહા સંમેલન ભરવા માટે ચૈત્ર સુદી ૧૦ નો દિવસ નક્કી કરવામાં આવ્યો છે. મળતા સમાચારો પરથી જણાય છે કે, ઉપરોક્ત સંમેલનમાં ભાગ લેવા દૂર દૂરથી અનેક મુનિવરોએ વિહાર ક્યારનોએ શરૂ કરી દીધો છે જૈન સમાજના ચોપડે આવો અમૂલો અવસર ફરી ફરી દેખાતો નથી. તેમાંય આજના કલહપ્રિય યુગમાં એક સંઘાડાનો સાધુ બીજા સંઘાડાના મુનિવર સાથે બેસે, આહાર લે, અને અરસપરસ આંતરિક મલીનતા દૂર કરી મળે તે એક આનંદદાયક અને ચિરસ્મરણીય બનાવ ગણાય. ભાઇશ્રિ કામનું "જૈન પ્રકાશ" પત્ર તેમજ બીજી રીતે જોતાં યોગીઓનું આ મહા સંમેલન જરૂર પ્રભુ મહાવીર સમવસરણની અવશ્યાંકી યાદ આપશે. સંમેલનને સફળ બનાવવા એમના સંચાલકો તનતોડ મહેનત કરી રહ્યા છે.

વિરલ ત્યાગી મુનિવરોએ અનેક મુશ્કેલીઓનો સામનો કરી દૂર દૂરથી અજમેર પહોંચવાને ઝડપભેર આગળ વધી રહ્યા છે. આપણા મૂર્તિપૂજક સમાજના કેટલાક ભોળાં મુનિઓની માફક આડંબર કામના પૂ. મુનિવરો એમ નથી કહેતા કે અમારે સંઘની જરૂર નથી, શ્રાવકોની મદદની અપેક્ષા નથી. પણ તેઓએ તો શ્રાવકોને હાથમાં લઇ ભાવીના જૈનત્વને ઉજ્વલ બનાવે તેવી રૂપરેખા દોરવા નક્કી કર્યું છે. સ્થા. સમાજનું આ એક પરમ સૌભાગ્ય છે ક્રાન્તિકારી ભગવાન મહાવીરના બન્ને સંતાનો—સાધુ અને શ્રાવક—હાથમાં હાથ મીલાવી કાર્ય કરે તેનાથી કયા હતભાગીની છાતી ગર્વથી નહિ ઉછળે ?

તે ઉપરાંત સ્થા. જૈન કોન્ફરન્સના કાર્યવાહકોએ તેનું નવમું અધિવેશન ભરવાનો નિરધાર કર્યો છે એ માટે ૨૨-૨૩-૨૪ એપ્રિલ ની તારીખો નક્કી કરી છે. આ બન્ને સંમેલનો માટે અજમેરમાં અપૂર્વ તૈયારીઓ થઇ રહી છે. જોસભેર પ્રચાર કાર્ય શરૂ કર્યું છે. આ ઉત્સવભર્યા પ્રસંગે સૌ એક તારની માફક સાથ આપવા તલસી રહ્યું છે, એ ભાગ્ય કયા જૈનને ગૌરવનો વિષય ન થાય! જેઓએ આ સુંદર યોજના ઘડી છે અને જહેમત ઉઠાવી છે તેમની દરેક મુરાદ એ પરમ શાંતિ બર લાવે એમ અમે ઇચ્છીએ છીએ, સાથે સાથે મૂર્તિપૂજક સમાજમાં શિષ્ય મોહ અને પદવી મોહના ટુકડા ખાતર લડતા સાધુઓ આ સફળ સંમેલન પરથી ધડો લે, તેમજ તેમને સાથ આપતા ધર્માંધ શ્રાવકો પણ સુગમબળનાં મૂલ્ય આંકતા શીખે. આટલું ઇચ્છી અત્યારે તો વીરમીએ છીએ.

**☞ જરા આ તરફ.**

**કેટલાંક વાંચકો એમ માને છે કે પ્રબુદ્ધનું વર્ષ ચૈત્ર સુદ ૧ થી શરૂ થાય છે. એ સમજફેર દૂર કરવા અમે ખુલાસો કરીએ છીએ આ પત્રનું કાર્તિક માસથી આસો સુધીનું છે. પણ કામકાજની અગવડને લઇને અત્યાર સુધી વી. પી. નહોતા કર્યા, એટલે જે ગ્રાહકો અમને લવાજમ મનીઓર્ડરથી અથવા બીજી રીતે મોકલી આપશે તેમના સિવાય દરેકને વી. પી. કરવામાં આવશે માટે જેઓ ગ્રાહક તરીકે રહેવા ઇચ્છતા નહોય તેઓ મહેરબાની કરી આજ સુધીનું ચડેલું છ માસનું લવાજમ જવાબની સાથે મોકલી આપે, એટલે નકામાં ખર્ચથી સંસ્થા ખોટમાં ન ઉતરે.**

**આપ જાણતા તો હશોજ કે સેવાની ભાવનાથી સમાજમાં અર્ધા લવાજમે ચાલતું આ એકજ પત્ર છે. અને તેને દરેક રીતે સાથ આપવો તે સૌની ફરજ છે.**

**વ્યવસ્થાપક.**

## ગોડીજી ટ્રસ્ટડીડ

યુવક સંઘ પત્રિકાની શરૂઆતમાં એક વહીવટી યોજના તેમાં રજુ કરવામાં આવી હતી, તેનો કંઇક અંશે અમલ થવાની આગાહી સાંભળી આનંદ થાય છે અને જે રીતે તે યોજના તૈયાર થયાનું સંભળાયું છે તેમ તેમાંની થોડીક ગોપ્ય હકીકતો મળી છે તે ઉપર નીચે મુજબ સૂચનાઓ કરીએ છીએ.:

૧ દેવસુર સંઘના વહિવટનીચે શ્રી ગોડીજીનું દહેરાસર છે તેના વહીવટ અંગે એક વહીવટી યોજના તૈયાર કરવામાં આવી છે. તેને જાહેર પત્રોમાં મુકી સમાજના અભિપ્રાય માગવા જોઇએ તેમ તેની એક એક નકલ દેવસુર સંઘમાં જેને મત આપવાનો અધિકાર છે તેને મોકલી આપી. અમુક મુદત અંદર સુધારા વધારાની માગણી કરવી એ તમામ સુધારા વધારા ઉપરથી એક ખરડો તૈયાર કરી દેવસુર સંઘની મહામીટીંગમાં રજુ કરી પાસ કરાવવો જોઇએ.

૨ ટ્રસ્ટીઓની નિમણુંક અમુક વર્ષો માટે નક્કી થવી જોઇએ. દાખલા તરીકે ત્રણ કે પાંચવર્ષે મહિજ દેવસુર સંઘ નિમણુંક કરે તેમાં પેઢી ઉતાર કરતાં લાયકાત પ્રમાણેજ મુદત પૂરી થતાં નવી નિમણુકો થવી જોઇએ.

૩ કોઇપણ સંજોગોમાં મુદત અંદર ટ્રસ્ટીની જગ્યા ખાલી પડે તો તે જગ્યા પૂરવાનો અધિકાર ટ્રસ્ટીઓને ન હોવો જોઇએ. પરંતુ જે જગ્યામાંથી ચુંટાયા હોય તે જગ્યાને જણાવવું જોઇએ અને તેઓ ચુંટીને મોકલે. તેમ કરવામાં તેઓ પ્રમાદ કરે તો દેવસુર સંઘની મીટીંગે તે જગ્યામાંથી (જે જગ્યામાંથી જગ્યા ખાલી પડી હોય તે) નિમણુંક કરી લેવી જોઇએ.

૪ પેઢીની હસ્તકની તમામ મીલકત દેવસુર સંઘની ગણાય એટલે તેનો વહીવટ કરવાનો અધિકાર દેવસુર સંઘને છે એટલે તેના ટ્રસ્ટીઓ તો દેવસુર સંઘમાંથીજ આવવા જોઇએ બીજા નીમાય તે અમારે કલ્પનાયોગ્ય નથી જ્યાં જેઓ દેવસુર સંઘમાં હક ભોગવતા નથી તેવાઓમાંથી તો તેઓ બહુ ત્યારે મતદારનો હક ભોગવી શકે તેમાંય દેવસુર સંઘના મતદારોની સંખ્યાતો વધુજ હોવીજ જોઇએ. એટલે બીજાઓને અમુક સંખ્યા સુધીજ ઉમેરી શકાય.

૫ કોઇપણ વ્યક્તિ પાસે લહેણું હોય તો તે માંડીવાળવાની સત્તા ટ્રસ્ટીઓ ને ન હોવી જોઇએ. પરંતુ લહેણામાં જે નહાની રકમો હોય દાખલા તરીકે સો અંદરની લહેણી રકમો ટ્રસ્ટીઓ માંડી વાળીશકે બાકી મોટી રકમો માટેતો મહામીટીંગના હાથમાં સત્તા હોવી જોઇએ.

૬ ટ્રસ્ટીઓની સંખ્યા અગીયારની નક્કી કરવામાં આવી છે. એટલે દરેક પેટા વિભાગને બરાબર ન્યાય મળે તે ખાતર ૪ ગુજરાતી, ૪ ઘોઘારી, બે સુરતી અને એક ખાપરીયા એ પ્રમાણે મુકરર થાય તેજ વધારે વ્યાજબી છે.

અનુસંધાન..................પૃષ્ઠ ૩૬૭

# અયોગ્ય દીક્ષા પધ્ધતિ એ સામાજિક બદી છે.

(તા૦ ૫-૩-૩૩ ના રોજ મુંબઇમાં મળેલી જાહેર સભામાં શ્રી પરમાનન્દ કાપડીઆએ 'અયોગ્ય દીક્ષા' અંગે જે મંતવ્યો રજુ કર્યાં, તે સમાજ આગળ વિસ્તારથી અત્રે રજુ કરીએ છીએ. —તંત્રી.)

આપણી ઉપર સામાન્યતઃ એવો આક્ષેપ કરવામાં આવે છે કે આપણે ત્યાગની વિરૂધ્ધ છીએ, દીક્ષાની વિરૂધ્ધ છીએ, વૈરાગ્યની વિરૂધ્ધ છીએ. આ સંબંધમાં આપણે સ્પષ્ટ કહી દઇએ કે અમે ત્યાગની વિરૂધ્ધ નથી પણ ત્યાગની અમુક પદ્ધતિની વિરૂદ્ધ છીએ; અમે દીક્ષાની વિરૂદ્ધ નથી પણ જેને આજે અયોગ્ય દીક્ષાના નામે ઓળખવામાં આવે છે તેની વિરૂદ્ધ છીએ, અમે વૈરાગ્યની વિરૂધ્ધ નથી પણ વૈરાગ્યના ઓઠા નીચે અજ્ઞાનથી ભરેલાં નાનાં બાળકોને દીક્ષા જેવા જીંદગીભરના કઠણ વ્રતથી બાંધી લેવામાં આવે છે તેની વિરૂધ્ધ છીએ.

અયોગ્ય દીક્ષાને સંક્ષિપ્તમાં વર્ણવીએ તો એમ કહી શકાય કે નાની ઉમ્મરના છોકરાઓને ભગાડી નસાડીને સાધુ બનાવવામાં આવે છે તેમજ મોટી ઉમ્મરનાં બૈરાં છોકરાંઓને રખડતાં મુકી છુપી રીતે નાસી ભાગી દીક્ષા લે છે તે અયોગ્ય દીક્ષા કહેવાય.

જો દીક્ષા સ્વતઃ આદરણીય પ્રવૃત્તિ છે તો પછી અમુક પ્રકારની દીક્ષાને આજે આપણે વખોડી કેમ રહ્યા છીએ? તેનું કારણ એ છે કે આપણા હૃદયમાં "સામાજિક અન્તઃકરણ" રહેલું છે તે આવી દીક્ષાઓથી ખૂબ દુભાય છે. "સામાજિક અન્તઃકરણ" એટલે શું? સમાજ એટલે વ્યક્તિઓનો સમૂહ. સમાજ અને વ્યક્તિનો સંબંધ શરીર અને અવયવ જેવો છે. સમાજનું કલ્યાણ કેમ થાય અને સમાજની વ્યવસ્થા કેમ જળવાય એ ચિન્તા દરેક વ્યક્તિમાં સ્વાભાવિક પણે રહેલી હોય છે કારણ કે સમાજના કલ્યાણ–અકલ્યાણ કે વ્યવસ્થા સાથે નિર્ભર પણે વ્યક્તિના કલ્યાણ–અકલ્યાણ કે વ્યક્તિના જીવનની વ્યવસ્થા જોડાયલાં છે. આ કારણથી જે પ્રવૃત્તિ સમાજ વ્યવસ્થાની બાધક હોય તેની સામે સ્વાભાવિક રીતે આપણું ચિત્ત બળવો કરે છે. અયોગ્ય દીક્ષા એક એવી પ્રવૃત્તિ છે કે જેની સામે આપણા ચિત્તમાં બળવો થયા વિના રહે તો જ નથી. કોઇ પણ કારણે–પછી તે દીક્ષાના નામે હો કે વ્યાપારના નામે હો કોઇનાં છોકરાંઓ ભગાડવામાં આવે, નસાડવામાં આવે, છુપાવવામાં આવે તેને આપણું સામાજિક અંતઃકરણ–સમાજના હિતાહિત સાથે જોડાયલી આપણી ચિત્તવૃત્તિ–સહી શકતું જ નથી. આપણને કુદરતી રીતેજ એમ થાય છે કે આ પ્રવૃત્તિની કોઇ પણ હીસાબે અટકાયત થવી જ જોઇએ. આવીજ રીતે ત્યાગ અને વૈરાગ્યના બહાના નીચે જે પુરૂષો પોતાના સ્ત્રી બાળકોને નિરાધાર મુકી ચાલી જાય છે અને છુપી રીતે દીક્ષા લઇ બેસે છે તેઓ પણ સમાજના મોટા ગુન્હેગાર બને છે. જે લોકો પોતાના માથે પડેલી અને હાથે સરજેલી જવાબદારી આમ ફેંકીને ચાલી જઇ શકે છે તેઓ દીક્ષાને લગતી વધારે ગંભીર જવાબદારી શી રીતે નિભાવી શકવાના હતા? **દયા અને અહિંસા ધર્મના ઓઠા નીચે આ નરી નિષ્ઠુરતા નહિ તો બીજું શું છે?** સમાજમાં આવા બનાવો સદ્ભાગ્યે હજુ અપવાદ રૂપ છે તે એ સામાન્ય બની જાય તો સમાજની શી દશા થાય? વર્તમાનકાળમાં અયોગ્ય દીક્ષાના આવા બનાવો વધતા જતા હોવાથી સમાજનું તે તરફ સહેજે ધ્યાન ખેંચાયું છે અને તે વિષયમાં યોગ્ય પ્રતિબંધો મુકવાનું ભિન્ન ભિન્ન રાજ્યો વિચારી રહ્યાં છે. **ગાયકવાડ સરકારે કરવા ધારેલ કાયદો આ દિશાએ પ્રથમ પગથિયું છે.**

પ્રસ્તુત નિબંધના પ્રતિપક્ષીઓની મુખ્ય દલીલ એ છે કે, આ નિબંધ આપણા ધર્મના ક્ષેત્ર ઉપર આક્રમણ કરી રહેલ છે, જે હજુ સુધી કોઇ કાળે બન્યું જ નથી અને તેથી તેવા નિબંધ સામે આપણે બળવાન વિરોધ કરવો જોઇએ, રાજ્યના ધર્મ ઉપરના આક્રમણનો પ્રશ્ન જરા ઝીણવટથી વિચારવો ઘટે છે, કારણ કે સામાન્ય નજરે કોઇને પણ એમ લાગે તેમ છે કે રાજ્યે ધર્મની બાબતમાં દખલગીરી કરવી ન જોઇએ અને તેમ છતાં પણ ધર્મની કંઇ કંઇ બાબતોમાં કાળે કાળે રાજ્ય તંત્રને દખલગીરી કરવાની ફરજ પડતી રહી છે અને સમાજે કેટલીક વારતો તેવી દરમ્યાનગીરીને નિમંત્રણ આપ્યું છે. ધર્મ એક વસ્તુ છે અને ધર્મના નામે ચાલતી પ્રથા બીજી વસ્તુ છે. ધર્મ અને તેના સિધ્ધાંતો શુદ્ધ કાંચન સમા નિર્મળ હોય; ધર્મની કાળે કાળે બદલાતી અને નવી ઉભી થતી પ્રથાઓ નિર્દોષ તેમજ સદોષ પણ હોય; વળી કોઇ પ્રથા મૂળમાં નિર્દોષ હોય પણ પાછળથી સદોષ બની જાય, આવી સદોષ પ્રથા ધર્મ, સંપ્રદાયને બાધા ભરી લાગતી ન હોય છતાં સમાજ એને ભારે બાધક અને ઘાતક હોય એમ સંભવે છે દાખલા તરીકે બાળ લગ્ન કે અસ્પૃશ્યતાની પ્રથા. આવી પરિસ્થિતિમાં સમાજ અને રાજ્ય શું હાથ જોડીને બેસી રહે? પૂર્વકાળમાં સતી થવાની પ્રથા ધર્મના નામેજ ચાલતી હતી. તે બંધ કરનાર સરકારને શું કદિ કોઇએ દોષ પાત્ર ગણી છે ખરી? આપણા દેશમાં અનેક ધર્મો અને ધર્મના નામે ચાલતી અનેક રૂઢીઓ છે, તેમાંની કેટલીક રૂઢીઓ એવી ઘાતક છે કે તેની કાયદાથી અટકાયત કર્યા સિવાય છુટકોજ નથી, સમાજને આગળ વધવું હોય દેશને અન્ય આગળ પડતા દેશોની હરોળમાં ઉભા રહેવું હોય, જો સ્વરાજ્ય જોઇતું હોય અને સ્વરાજ્ય મળે ત્યારે તેને ટકાવવું હોય તો આપણી સામાજિક વ્યવસ્થામાં અનેક ફેરફારો કરવાજ પડશે. અને આપણી રૂઢિઓના કેટલાંય બંધનો તોડવા પડશે. દેશ અને સમાજનાં અંતિમ ધ્યેયને જે પોષક ન હોય તેવી રૂઢી, પ્રથા કે પરંપરા–પછી તે ધાર્મિક હો, સામાજિક હો, કે આર્થિક હો, તે સર્વનો છેદ કર્યેજ છુટકો છે અલબત, જો કોઇ રાજ્ય કોઇ અમુક ધર્મના જ અસ્તિત્વને હાની પહોંચાડે અન્ય ધર્મના સવિશેષ પ્રચારના આશયથી કોઇ અમુક ધર્મની પરંપરા ઉપર આક્રમણ કરે, કોઇ અમુક ધર્મ પ્રત્યેના અંગત દ્વેષથી પ્રેરાઇને જ કોઇ કાયદા કાનુન કરવા માંગે તો તેનો આપણે જરૂર વિરોધ કરવો જોઇએ. પણ અહિં એવો આક્ષેપ તો કોઇ પણ માણસ નામદાર, ગાયકવાડ સરકાર ઉપર કરી શકે તેમ છે જ નહિ. અહીં તો દીક્ષા દેવાના સંબંધમાં કેટલાક સાધુઓ જે કેટલાક વખતથી બીન જવાબદાર વર્તન ચલાવી રહ્યા છે. તેની ઉપર વ્યાજબી અંકુશ મુકવો એવો પ્રસ્તુત નિબંધનો આશય છે, આજે જૈન દુનિયામાં ચારે બાજુએ દીક્ષાના

અનુસંધાન.........પૃ. ૧૬૬ મે.

# ન્યા ત ની ની..........બે ઠ ક.

લે—પદ્મકુમાર.

(આજનો સમાજ (ન્યાત કે જમાત) એટલે સમયની કિમ્મત આંકવામાં પાંગળું ને સામાન્યને દંડવામાં શૂરું. જ્યાં ધનિકની શેહમાં તણાઈ ન્યાયનીતિને ધરાશે મુકનારું એક ટોળું.
—પ્રાસંગિક.)

"આવો, આવો ચંદ્રકાંતભાઈ સમય થવા આવ્યો છે. આપણા કેટલાક સભ્યો તો પરબાર્યા ત્યાં પહોંચી ગયા હશે!" શરદચંદ્રે ઉતાવળ કરતાં બુમ પાડી.

"ભાઈ શરદ? હારી ઝડપ તો સદાયે પંજાબ મેલની રહી! જરા ઉપર આવતો, આઠ વાગ્યામાં તે કોણ આવ્યું હશે? હજુ શેઠનું તો પડિક્કમણું ચાલતું હશે?" શરદના પિતાએ કહ્યું.

"કાકાશ્રી, ગોર તો સાડાઆઠ વાગ્યાનું કહી ગયા છે ને?"

"એ તો એમજ કહેવાય, બાકી આ કંઈ મંડળની સભા કે મુન્સફની કોરટ નથી, કે જે વખત પ્રમાણે કામ ચલાવે. સાડાઆઠના સાડાનવ તો સમજીજ લેવાના! પછી ધીમે ધીમે મોટેરાઓના કદમ થવા માંડે, મારા કાળાનાં ધોળાં થયાં, ત્યાં લગી મને પણ એમાં રસ હતો, એટલે એમ ન સમજતો કે મારી વાત ઉપર જાણી છે. આ તો જ્યારથી મામા માસીના થવા માંડ્યા ત્યારથી મેં સાજનને (ન્યાતને) નવ ગજના નમસ્કાર કર્યા, માટે જરા બેસ. પાણીબાણી પી, પાન સોપારી લે, પછી જાવ. જશો તો પણ મોડી તો થવાનું છે."

"મુરબ્બી, ત્યારે તો જરૂર આજે એક કે બે વાગવાના! ઉજાગરો પણ થવાનો, સમયની કાંઇ કિમ્મતજ ન મળે."

"શરદ, એમાં સંદેહ શો?" ચન્દ્રકાન્તે આવતાંજ ઉચ્ચાર્યું.

"આ તો વિલાયતની પાર્લામેન્ટને ટપી જાય તેવી સમાજ એમાં પડી જાય તો ભાગ્યશાળી, આગાહિ એકવાર સવાર પડેલી." "અને ઉજાગરાથી અકળાય તો કંઇ કરી શકવાના નહીં; મંડળને કામ કરતું બતાવવું હોય તો આવા કેટલાયે ઉજાગરા દરેકને વેઠવા પડશે. જ્યાં સુધી એ પટેલશાહી જડમૂળથી ઉખેડી નાંખવામાં આવશે નહિ, ને બંધારણને ચુંટણીના ધોરણ પર ઘડવામાં નહિ આવે, ત્યાં લગી તમોને એક ડગલું પણ આગળ વધવા દે એ માનવું તે ધુમાડાના બાચકા ભરવા જેવું છે! પેલા કલ્યાણચંદનો ધંધોજ ચિઠ્ઠી શોધવાનો છે, એને તોડફોડમાંજ રસ પડે છે, કાચા હૃદયવાળાને તો એ ઉભવાજ દે તેમ નથી." અનોપચંદ કાકાએ પોતાનો અનુભવ કહ્યો.

શરદ અને ચન્દ્રકાન્ત જ્યાં વાડીના ઉંબરામાં પગ મેલે છે ત્યાં તો પિતાશ્રીની વાત સો ટચની લાગી. કેટલાક સભ્યો સિવાય ને એકાદ બે હાજીઆ સિવાય કોઈ નજરે નજર આવ્યું, એક સમાચાર સાંભળ્યા કે હજુ તો બજારમાં ચર્ચાઓ ચાલે છે, ને જમાને આવતાં સહેજે કલાક લાગશે. મળેલા સમયનો ઉપયોગ સભ્ય મંડળીએ દેશના નવા જુના વિચારવામાં કર્યો. દશના ટકોરે શેઠ મોટા પાઘડીવાળા સાથે આવી પહોંચ્યા, તથા સંખ્યાબંધ ટોપીવાળાથી સ્થાન ભરાવા માંડ્યું. લાઇનસર બેઠકની આશા ન્યાતની બેઠકમાં તે રખાય! મરજી માફક નાના મોટા કુંડાળામાં ગોઠવાઇ સૌ કોઇ કાનફુસી કરવા લાગ્યા. શેઠ તો આવ્યા જ્યાં ધરાર પટેલ કલ્યાણચંદ ક્યાં? સૌ ચાંકા વળી જોવા મંડ્યા. ગોર, જરા જુઓ તો કલ્યાણચંદ બહાર ઓટલે તો નથીને?

ત્યાં તો હોડી વેગે પગલાં મુકતા કલ્યાણ કાકા આવી આગળ ગોઠવાયા, ગોરે કામ શરૂ કરતાં જણાવ્યું:

૧ તારકપુરના ફુરકણશા સામે તેમની પુત્રવધુની અરજી એમાં વહુએ પોતે વિધવા થઇ હોવાથી પોતાના ખર્ચાં પહેરામણીના રૂપીઆ તથા ભરણપોષણ સંબંધી માંગણી કરેલી છે, માંગણી કર્યાં છતાં દાદ ન મળવાથી ન્યાતનું શરણું શોધવું પડ્યું છે.

એક અવાજ—"આખી અરજી વાંચી જાવ."

શેઠ—"બોલો ફુરકણશા, તમારો શો જવાબ છે?"

કલ્યાણચંદ વચમાંજ બોલી ઉઠ્યા—"આ સવાલમાં આને શા સારૂ માથું મારવું જોઇએ? ન્યાતની અદાલતો ખુલી છે. શા સારૂ બાઇ પગલાં ભરતી નથી?"

શરદ—કાકા, તમો વચમાં શા સારૂ બોલો છો? ફુરકણશાના વકીલ તો નથીને?

બાઇનો ભાઈ—"શેઠ સાબ, આજે ન્યાય મોંઘો થઇ પડ્યો છે ને વિધવા બાઇ પાસે વકીલાતની ફી ભરવાના પૈસા બાંધી નથી મેલ્યા. ન્યાત મળી છે, ન્યાય કરે. શા સારૂ કોરટના બારણા બખડાવવા જવું ને ભંડાશ વહોરવી?"

ફુરકણશા—બાવો બોલાઇ માંગતાં લાજ નથી આવતી! મારે ઘેર રહે ને ખાય પીએ, એમાં કે દિ ના પાડી છે? પણ પહેરામણીના રકમ તો જમે છે ને તેનું વ્યાજ ચડે છે. બાકી જુવાનજોધ બાઇના હાથમાં એ રકમ સોંપાયજ કેમ? કંઇ વિપરીત કરી બેસે તો? હવા ખાવા સહુ તૈયાર, પણ કોની આબરૂને બટ્ટો લાગે તેનો વિચાર કર્યો? ધરમમાં કહ્યું છે કે "સ્ત્રી જાતનો વિશ્વાસ ન કરવો, તેને તો અંકુશમાંજ રાખવી."

છેલ્લી લીટી સાંભળતાંજ સભ્યોના પેટનું પાણી હાલી ઉઠ્યું, શરદને માંડમાંડ ચંદ્રકાન્તે થંભાવી રાખ્યો, ત્યાં તો છોટુ ધડાકો કરતાં કુદી ઉઠ્યો.

"કાકા, જરા બતાવશો ક્યા ધરમમાં તમોએ કહ્યું તે કહેલું છે? જરા મારા સામું જોઇ જણાવશો કે પણ પહેરામણી પર હક કોનો? વળી વિપરીત કરનારને આબરૂ વહાલી નહિજ હોય એમજ ને! પૈસા હોય તોજ વિપરીત કરી બેસે નહિ તો નહિ કરશે એની કંઇ ખાત્રી?"

કલ્યાણચંદ ને મલુકચંદ સાથેજ બબડી ઉઠ્યા—"તને કોણે પુછ્યું? ધરમ સાંભળવો હોય તો સવારે વ્યાખ્યાનમાં આવજે. નાના મોટાનો જરા સરખો વિનયજ ન મળે!"

એક હલેવાતો ધર્મી—કરો એને ન્યાત બહાર! આ મંડળવાળા તો ધરમ અને વહેવારનું સત્યાનાશ વાળવા બેઠા છે! બસ મરજી માફક વર્તવું અને ગમે તેમ લખવું."

બસ ધર્મીબંધુના ધબકારા સાથેજ વાતાવરણમાં ગરબડ વધી પડી, હો હા થવા માંડી. પરસ્પર ઘુસપુસ ચાલી રહી. શાન્ત થવાના પોકારો પડી રહ્યા.

—ચાલુ.

# શ્રીમંત વડોદરા નરેશની ચાણસ્મામાં પધરામણી.

## દરબારમાં નગરશેઠ રવચંદભાઇએ કરેલી અરજ.

મહાજનના દરબારમાં શિષ્ટાચાર થયાપછી શ્રીમંતે શેઠને કહ્યું કે તમારે કંઇ અરજ કરવી છે? કંઇ કહેવું છે? તો ખુશીથી કહો. મને ઉતાવળ નથી. હું તમને સાંભળવાજ આવ્યો છું. તે ઉપરથી નગર શેઠ રવચંદભાઇએ ઉભાથઇ દીક્ષા પ્રતિબંધના મુસદ્દા સંબંધમાં વિનંતિ કરી કે દીક્ષા એ ધર્મને સદાચારની સંસ્થા છે, તે માટે સજા થાય તેથી અમારી લાગણી દુખાય છે.

શ્રી૦—પણ સગીર છોકરાં ધર્મ કે સંસ્કાર ન સમજી શકે. તેમનું રક્ષણ કરવાનો રાજ્યનો હેતુ છે.

શેઠ૦—અમે ઘરમાંજ શીક્ષણ આપીએ છીએ કે જેથી નાની ઉમરમાં સેવા, સંસ્કાર અને લાયકાત આવે છે.

શ્રી.—જૈન ધર્મ હીંદુ ધર્મના સુધારા રૂપે છે. તત્વોમાં ફરક નથી; મને જૈન ધર્મ માટે એટલુંજ માન છે. પાટણના અમૂલ્ય ભંડારોમાંથી મેં સંશોધન કરાવી પ્રચાર માટે પ્રયત્ન કર્યો છે. આમાં સગીરોના હીતનો સવાલ છે.

શેઠ.—અમારા આચાર્યો વગેરેને સાંભળીને કરો તો સારું.

શ્રી.—તમને સાંભળવા માટે તો મેં ખાસ કમિટી નીમી છે અને તેણે બધાંને સાંભળ્યા છે. પછી આવી વાત કરો તો કામનો અંત ક્યાંથી આવે? દરેક કામને થતા જોઇએ ને?

શેઠ.—અમે ૧૬ વર્ષની અંદરનાને દીક્ષા આપતા નથી. આતો સંસ્થા છુંદી નાંખવાનો હેતુ છે.

શ્રી.—સંસ્થા છુંદી નાંખવાનો હેતુ નથી પણ સુધારવાનો હેતુ છે. જ્યાં તમારે જે હરકત હોય તે ખુશીથી લખીને આપજો મનમાં ન રાખશો કે મહારાજે ધ્યાન દીધું નહી. તમારી અરજી હું વાંચીશ. ભુલી નહી જાઉં એ ખાત્રી રાખજો. (સયાજી વિજય.)

(નોંધ—શેઠ રવચંદભાઇના ચાણસ્મા ગામમાંજ એક નારંગી નામની ૧૦॥ સાડાદશ વરસની કુમળી બાળાને દીક્ષા અપાઇ છે. તે ઉપરાંત વડોદરા રાજ્યની દીક્ષા તપાસ સમિતિ આગળ સોળ વરસની અંદરના છોકરાઓને દીક્ષા આપ્યાના બનાવો સાબીત થઇ ચુકયા છે. જ્યાં વડીલ શ્રીમંત મહારાજા આગળ કહે છે કે "અમે સોળ વરસની અંદરનાને દીક્ષા આપતા નથી." ધન્ય છે!! શું આવા જુઠાણાથી જૈન ધર્મની ઉન્નતિ થવાની છે? મને લાગે છે કે ધર્મના નામે જુઠું બોલવાની તેમના અયોગ્ય દીક્ષાના હીમાયતી ગુરૂઓ તરફથી છુટ આપવામાં આવી હશે. અને તેવી છુટનો આ પ્રસંગે ઉપયોગ કર્યો જણાય છે. લી૦ સયાજી વિજય પત્રનો એક વાચક.)

---

પંજાબની ધારાસભામાં શ્રીયુત મોહનલાલજીના મૃત્યુપછી ખાલી પડેલી જગ્યાએ લાલા સુમતિ પ્રસાદજી વકીલ (અંબાલા સીટી) ના ધર્મપત્નિ શ્રીમતિ લેખવતીએ ઉમેદવારી માટે અરજી કરી છે. આ ઉત્સાહી જૈન બ્હેન સામાજીક અને રાષ્ટ્રીય વિષયોમાં ઠીક ભાગ લે છે અગાઉ તેઓ ડીસ્ટ્રીક્ટ કોંગ્રેસ કમીટીના ઉપપ્રમુખ હતાં.

# શ્રી કચ્છી જૈન યુવક સંઘની જાહેર સભા.

### તેનો વિરોધ કરનારાઓ કોણ છે?

આહેવ-શ્રી કચ્છી જૈન યુવક સંઘની એક જાહેર સભા તા૦ ૧-૩-૩૨ ના રોજ શ્રીયુત દામજી શીવજીના પ્રમુખપણા હેઠળ મળી હતી તે સભા બોલાવ્યા પહેલાં તેનો યોગ્ય રીતે જાહેર સરક્યુલર ફેરવવામાં આવ્યો હતો અને તેની યોગ્ય જાહેરાત વર્તમાનપત્રો મારફતે આપવામાં આવી હતી. એટલે તે સભા જાહેરજ હતી અને તેમાં વિરોધીઓને આવવાનો પૂરતો હક્ક હતો. આજ વર્તમાન તા૦ ૮-૩-૩૩ ના અંકમાં મજકુર સભા સામે કોઇ આઠ ભાઇઓએ સહી કરી હતી કચ્છી જૈનોની સમસ્તસભા નહિ હતી એવો જણાવો જાહેર કર્યો છે. આજકાલ જૈન સમાજ દીક્ષાના દાવાનળમાં સળગી રહ્યો છે ને અયોગ્ય દીક્ષાના હિમાયતીઓની ધર્માંધ શ્રીમંત પાર્ટી જૈન સમાજના સુધારાને દરેક રીતે અટકાવવા અને સુધારકોની પ્રવૃત્તિઓને હલકી પાડવાના પ્રયાસો કરી રહેલ છે અને તેઓ નામદાર ગાયકવાડ સરકારે મંજુર કરેલ "દીક્ષા નિયામક નિબંધ" સામે નિરર્થક કોલાહલ કરી રહ્યા છે તે ધર્માંધતા પોકળ હજારો રૂપીયાનો વ્યય કરી રહ્યા છે.

અમારા સંઘની જાહેર સભા સામે ગડબડાટ કરી એ સભા સાથે કચ્છી જૈન ભાઇઓને કાંઇ લેવા દેવા નથી એમ કહેવા પડનારાઓ શું લાયકાત ધરાવે છે તે અમો જાણતા નથી. કચ્છી જૈનોમાં સેંકડો વેપારીઓ, શ્રીમંતો, સુધારકો અને લાગવગ ધરાવનારા અનેક આગેવાનો મોજુદ છે તેમ જ્યાં જાહેર જીવનમાં પ્રથમજ દર્શન દેતા આઠ ભાઇઓ આગળભર ધરના ફુવારા પાસે બેસી આવો એક કહેવાતો વિરોધ વર્તમાનપત્રોમાં મોકલી આપે એની શું કિમ્મત હોઇ શકે. અમો જાહેર જનતાને તેમાં ખાસ કરીને કચ્છી જૈન યુવકોને ખાત્રી આપીએ છીએ કે અમારી સંસ્થા દિનપ્રતિદિન આગળ પ્રગતિ કરી રહેલ છે તેની ઉન્નતિ અયોગ્ય દીક્ષાના હિમાયતી પં. રામવિજયજી તથા આચાર્ય શ્રી સાગરજીના આંધળા ભક્તો સાંખી નહિ શકવાથી અનેક જાતના કાવાદાવા કરી રહ્યા છે તે સામે અમો કચ્છી જૈનોને ચેતવણી આપીએ છીએ.

લી૦ અમો છીએ,<br>
**હીરજી ધના સાવલા.**<br>
**એલ. એચ. લાલન.**<br>
ઓ. સેક્રેટરીઓ.

શ્રી કચ્છી જૈન યુવક સંઘ, ઠે૦ માવા બિલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, માંડવી, મુંબઇ, ૩.

---

**અયોગ્ય દીક્ષા**..................પૃષ્ઠ ૧૬૪ થી.

પ્રગટ કોલાહળ કરી મુકયો છે દીક્ષા આપવાના બહાનાથી છોકરાંઓને ભગાડવા, નસાડવા તથા છુપાવવામાં જે છળ પ્રપંચ તથા અસત્ય સેવવામાં આવે છે તે આજે તો સર્વત્ર જગજાહેર થયું છે. આ પરિસ્થિતિ વચ્ચે ગાયકવાડ સરકાર જે કાયદો ઘડવા માગે છે તેને તો આપણે વધાવી લેવો ઘટે છે. તેની સામે 'ધર્મ જોખમમાં' એવો શંખ ફુંકી કોલાહલ કરી મુકવો એ તો ચાલી રહેલ બધિર સામે આંખ આડા કાન કરવા બરોબર છે. —સાંજ.

## ચર્ચા પત્ર.

## વિરોધ નથી ?

વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ પ્રસિધ્ધ નામ ભગવતી સૂત્રના પદની સંખ્યા સમવાયાંગના મૂળમાં ૮૪ માં સમવાયમાં ૮૪૦૦૦ જણાવી છે. તેમાં એ વિષે આ પ્રમાણે લખ્યું છે કે "**विवाह पन्नत्तीए णं भगवतीए चउरासीइं पयसहस्सा पयग्गेणं।**"

વળી તેજ સૂત્રમાં જ્યાં દ્વાદશાંગીના પરિમાણનો પરિચય આપવામાં આવ્યો છે ત્યાં વ્યાખ્યા પ્રજ્ઞપ્તિના ગ્રંથમાનો પરિચય આપતાં પદોની સંખ્યા પૂર્વ પ્રમાણે જણાવેલી છે.

વ્યાખ્યા પ્રજ્ઞપ્તિના મૂળસૂત્રના અંત ભાગમાં એક ગાથા મૂકેલી છે જ્યાં ૮૪૦૦૦૦ પદો બતાવેલાં છે. ગાથામાં એ વિષે આ પ્રમાણે લખ્યું છે કે "**चुलसीय सय सहस्सा पयाण पवरवर णाणदंसीहिं।**"

શ્રી નંદી સૂત્રમાં જ્યાં દ્વાદશાંગીનો પરિચય આપ્યો છે ત્યાં વ્યાખ્યા પ્રજ્ઞપ્તિમાં ૨૮૮૦૦૦ પદો છે એમ લખેલું છે. આ રીતે ત્રણેય મૂળ આગમોમાં વ્યાખ્યા પ્રજ્ઞપ્તિના પદપરિમાણ બાબત એક વાક્યતા નથી, તેનો નિકાલ શી રીતે આવે ?

હવે એ વિષે ટીકાકાર અભયદેવનો ઉલ્લેખ જોઇએ. વ્યાખ્યા પ્રજ્ઞપ્તિના ૧ લા શતકની શરૂઆતમાં મંગળની ચર્ચા થઇ રહ્યા પછી વ્યાખ્યા પ્રજ્ઞપ્તિના પદની સંખ્યા આપતાં ટીકાકાર '**अष्टा शीति सहस्राधिक लक्षद्वय प्रमाण पदराशे।**' એક વિશેષણ વ્યાખ્યા પ્રજ્ઞપ્તિને આપીને તેના પદો ૨૮૮૦૦૦ જણાવે છે અને આજ ટીકાકાર ભગવતીસૂત્રની પૂર્વોક્ત અંતીમ ગાથાનો અર્થ કરતાં ૮૪ લાખ પદો જણાવે છે એ રીતે એકજ ટીકાકાર એક ઠેકાણે ૨૮૮૦૦૦ પદોની વાત કરે છે અને બીજે ઠેકાણે ૮૪ લાખ પદોની વાત કરે છે, વળી સમવાયાંગ સૂત્રની ટીકામાં આજ ટીકાકાર ૮૪૦૦૦ પદોની વાત કરે છે. આ ત્રણેય જુદી જુદી વાતોમાં વિરોધ નથી ? ટીકાકારે સમવાયાંગ સૂત્રની ટીકામાં 'મતાન્તર' કરીને સંખ્યાભેદનો ખુલાસો આપવા પ્રયત્ન કર્યો છે પણ તે પુરતો સંતોષકારક લાગતો નથી તેથી કોઇ આગમધર ખુલાસો કરશે ?

જિજ્ઞાસુ.

---

**પાલણપુર**—(૧ સ્વ. ચંદુલાલ કોઠારી બાળ મંદિરની મુલાકાતે અમદાવાદ શારદા મંદિરના અધિષ્ઠાત્રી પોતાના બાળ શિષ્ય પરિવાર સાથે આબુની મુસાફરીએ જતાં આવ્યાં હતાં. (૨) શાન્તીલાલ ગુલાબદાસ નામના એક શ્રીમંત જૈન નબીરાએ કહેવાય છે કે, ખાટકી વિગેરેની મદદ મેળવી પોતાના ઘેર બોલાવી તેની પાસે માંગતા રૂપીઆ મળી ગયા છે તેવી પાવતી લખી આપવા ધીરજલાલ જમનાદાસને છરી બતાવી ધમકી આપી અને સંભળાય છે કે સ્વ બચાવમાં ધીરજલાલને વાગ્યું. મામલો પોલીસ કોર્ટે ચઢયો છે. શાન્તીલાલ વિગેરે ચાર જણને પકડવામાં આવ્યા, તેઓએ જામીનપર છુટવા અરજી કરી પણ છોડવામાં આવ્યા નથી. જૈનકોમનું ક્ષાત્ર તેજ વર્ષો પછી જાગ્યું હશે શું ?

## એક ખુલાસો.

તા૦ ૧૫-૩-૩૩ ના 'મુંબઇ સમાચાર'માં મુનિશ્રી વિદ્યા વિજયજી મહારાજના સંબંધમાં એવી હકીકત પ્રગટ થઇ છે કે, વડોદરા સંન્યાસ દીક્ષા નિયામક નિબંધ વિષે તેમનો અભિપ્રાય પૂછતાં તેમણે અભ્યાસ કર્યા વિના અભિપ્રાય ઉચ્ચારવાની ના પાડી હતી.

પરંતુ **આ હકીકત સત્યથી વેગળી** છે. પ્રસ્તુત દીક્ષા નિબંધ સંબંધે તેમનો અભિપ્રાય પૂછ્યોજ નથી. અને પૂછવાની જરૂરજ ન હતી, કારણ કે તેમણે દીક્ષા સંબંધી વિચારો 'સમજીને ઓળખો' નામના પોતાના પુસ્તકમાં જાહેર કરેલાજ છે. જે પુસ્તક સમિતિમાં દાખલ થઇ ગયું છે.

---

પ્રબુદ્ધના કાર્યમાટે નિયુકત થયેલી બોર્ડ નીચે પ્રમાણે:—

તંત્રી: રતીલાલ ચી. કોઠારી.
સહતંત્રી: કેશવલાલ મંગળચંદ શાહ.
વ્યવસ્થાપક: અમીચંદ ખેમચંદ શાહ.
પ્રકાશક: ગોકળદાસ મગનલાલ શાહ.
બોર્ડના સભ્ય શ્રી ચંદ્રકાન્ત સુતરીયા.

---

પ્રાસંગિક પ્રબોધન ચાલુ પાને...૧૬૩ થી.

**ભોજનશાળા.**

સામાન્યત: આજે દરેક જગ્યાએ બેકારીનો ગાઢ અજગર મુઝવી રહ્યો છે. અને એના પંજામાંથી સમાજ અલગ નથીજ, આ ખર્ચાળ યુગમાં ચાલુ ખર્ચાઓ નિભાવવા એ મુશ્કેલી ભર્યું કામ છે. સાધારણ વર્ગની આમાં ખૂબ કફોડી સ્થિતિ છે. નથી તેનાથી કોઇની પાસે હાથ લંબાવાતો. આગાઉ આપણા સમાજમાંથી ગુપ્ત દાનની પ્રથા ચાલતી તે લગભગ નષ્ટ થઇ ગઇ છે. ધનિકોને પોતાની મહેલાતો આગળ બીજાના દુઃખોની ખબર નથી, તેમ તે તો તેમના ગાડી, ઘોડા, વાડી ને બગીચાનીજ પડી છે. આ સંબંધમાં એક સમાજના મુંગા સેવકે ટુંકી યોજના તૈયાર કરી છે. અને બીજા શહેરો જેવા કે પાટણ, અમદાવાદ, સુરત, મહેસાણા વિગેરે સ્થળોએ ચાલે છે. તેવી ઢબ પર પંદરેક હજારના ફંડની શરૂઆત કરી એક ભોજનશાળા ખોલવાનું નક્કી કર્યું છે. આ ભોજનશાળા દ્વારા સાધારણ જનતાને ટેકો મળે બહારગામથી આવનારાઓની અગવડ ઓછી થશે, અને તેના માટે તે ભાઇએ ફંડની શરૂઆત પણ કરી દીધી છે. અત્યારે લગભગ પાંચ હજાર ભરાયા છે. અમને વિશ્વાસ છે કે સમાજ જેમ આ ભાઇને પાલણપુર આગલા ફંડખાતામાં સાથ આપ્યો તેમ આપશે એમ અમે આશા રાખીએ છીએ.

---

## જોઇએ છે ?

પ્રબુધ્ધ માટે વિશ્વાસુ ખબરપત્રીઓ અને સમાચાર આપનારા સેવા ભાવી યુવકો, પોષ્ટેજ આપવામાં આવશે.

લખો,
વ્યવસ્થાપક પ્રબુધ્ધ જૈન.

# સ. મા. ચા. ર.

**હુબલી**-(મારવાડ) મારવાડીભાઇઓ તરફથી એક મંદીરની સ્થાપનાનો મહોત્સવ ફાગણ સુદી ત્રીજના રોજ થયો. તે વખતે શેઠ નરપાર બલાયા ( કચ્છ જખૌ ) તરફથી અંત્યજોને તેમજ ગરીબોને અન્નદાન અપાયેલ. આમ આપણા સામાજિક તહેવારોમાં અંત્યજ સેવાના પગલા માંડવા શ્રી. નરપારભાઇને અભિનંદન.

**વડોદરા**—(૧) ના. ગાયકવાડ સરકારના દિવાન સાહેબે મુનિ રામવિજયને મુલાકાત આપી હતી. શું નીકળ્યું કોથળામાંથી...? (૨) પાટણ નિવાસી શ્રીયુત્ કેશવલાલ મંગળચંદ શાહે, ઘડીયાળી પોળના ઉપાશ્રયમાં અયોગ્ય દીક્ષા પર નિયમની જરૂર એ વિષય પર જાહેર વ્યાખ્યાન આપ્યું હતું જેમા રૂઢી પૂજકોની દલીલો શાસ્ત્રાધારના સબળ પુરાવાઓથી સીધ્ધ કરી આપી હતી.

**મુંબઇ**—રા. રા. નરોત્તમ ભગવાનદાસ શાહ જેઓ ટાઇમ્સ ઓફ ઇન્ડીયામાં વર્ષો સુધી નોકરી કરી હમણું પેન્શન ઉપર રીટાયર થયા તેઓ તથા શ્રી નરોત્તમ ભવાનદાસ શાહ એ બન્ને ભાઇઓએ આજ પર્યંત જૈન સમાજની અનેક મુંગી સેવાઓ બજાવી છે. તે બદલ તેઓને અભિનંદન આપવાનો એક મેળાવડો તેમના મિત્રો તરફથી જૈન સેનેટરી એસોસીએશનમાં શ્રી કે. બી. વકીલના પ્રમુખપણા નીચે તા૦ ૧૨-૩-૩૩ ના રોજ કરવામાં આવ્યો હતો તે વખતે અન્ય વકતાઓએ તેમની સેવાના વખાણ કર્યાં હતા અને ભવિષ્યમાં વાનપ્રસ્થ અવસ્થામાં જૈન કોમની સારી સેવા બજાવશે એવી આશા રાખવામાં આવી હતી. (૨) મહાવીર સ્ટુડન્ટસ યુનીયનનો વાર્ષિક સમાપ્તિનો ઉત્સવ પ્રો. મેકેનઝી (વાઇસ ચેન્સેલર) જેઓ ચાલુ વર્ષના યુનીયનના પ્રમુખ હતા તેઓના પ્રમુખપણા નીચે ૧૧ મી માર્ચના રોજ ઉજવવામાં આવ્યો હતો અને પ્રમુખશ્રીની દેશયાત્રાની સફળ સફર ઇચ્છી હતી.

# કઈ પરિસ્થિતિમાં !

સારોય જૈન સમાજ અસ્તવ્યસ્ત થઇ ગયો છે. પિતા મહાવીર, જહેના પુનરોધ્ધારના પુરોગામી હતા તે સમાજ પ્રતિદિન ઘસાતો જાય છે. વિમળશા, વસ્તુપાળ, તેજપાળ, ભામાશાના વારસો આનમુલ્યા નાયકની જયમ, નાવની કીરતી છોડી મુંઝાતા લાગે છે.

ઇતિર સમાજની સરખામણીએ, સંખ્યા શક્તિને વ્યાપારમાં આપણી પીછે હઠ થતી રહી છે. **સામાજિક બદીઓએ આપણને વિનાશની છેલ્લી પગથારે ધકેલ્યા છે.**

માનવપ્રેમી વિશ્વધર્મ-જ્ઞાતિઓ, પેટાજ્ઞાતિઓ વાડાઓ અને તડોમાં લુપ્ત થયો છે. ધર્મ ધર્મ મટી સંપ્રદાયનાં સડેલાં કલેવરમાં પ્રેત શો ફસડાઇ પડયો છે. કુરૂઢીઓમાં આજનાં જુવાનો ત્રાસ પામતાં રહી રહ્યાં છે. કુસંપથી તડ-ફાટો મોટી થતી જાય છે.

**કોઇક સાગરાનન્દો કે આત્મારામીયાનન્દો, કોઇક રામવિજયો કે હરામવિજયો-ધર્મને નામે નિર્મેળ** યુદ્ધ, ને પાશવી તાંડવ નૃત્ય આદરે છે.

ત્યારે,

આવા કપરા સંજોગોમાં, આખાય સમાજને વ્યવસ્થિત કરવા, નવપલ્લવિત કરવા, સમાજના ગીચુલ્ટભર્યા પ્રશ્નોના અભ્યાસીની જરૂર હતી. જૈન સમાજને 'પ્રબુદ્ધ' કરવા માટે વિશાળ વાંચન ભર્યા, સામાજીક દર્દોના કોઇક નિષ્ણાત વૈદની જરૂર હતી.

**આને બદલે**

પત્રકારિત્વથી અણજાણ, અને અંગત મુશ્કેલીઓ ને વશ થઇ જાહેર જીવનમાંથી હાલ તુરત નિવૃત્તિ ઇચ્છતા, મ્હારા જેવાના હાથમાં 'પ્રબુદ્ધ'નું સુકાન સોંપવામાં આવે એ અજુગતું અને અપ્રાસંગીક ગણાય.

ભાઇ ચંદ્રકાન્ત સુતરીઆએ અંગત કારણોથી એક વર્ષ બાદ રાજીનામું આપ્યું અને કાર્યવાહક સમીતિએ ના ન પાડી શકાય એવા આગ્રહથી **મ્હારે માથે આ ભાર લાદી દીધો.**

**'પ્રબુદ્ધ'નું કાર્ય મ્હારી શક્તિ બ્હારનું** છે એટલે કેટલે અંશે સફળ થવાય એ તો ભાવિ કહેશે. **જતાં જે શ્રધ્ધાથી મિત્રોએ કામ સોંપ્યું છે તે, તેમના સહકારથી, યતકિંચીત પાર પાડવા પરમ શક્તિ બળ પ્રેરે !**

જૈન સમાજના સૌ વિચારકો, સમાજને નવપલ્લવિત કરવાના આ પ્રયાસમાં સહકાર આપશે એવી મારી આશા અસ્થાને નથી એમ હું માની લઉંછું. **રતીલાલ.**

(૩) **શ્રી હરિલાલ શાહને** મહાવીર સ્ટુડન્ટસ યુનીયન તરફથી મહાવીર જૈન વિદ્યાલયના સુપ્રિન્ટેન્ડેન્ટ તરીકે બજાવેલી સુંદર સેવા બદલ માન પત્ર ઉત્સવના સભા પતિ રેવન મેકેન્ઝી સાહેબના હાથે ચાંદીનાકાસ્કેટમાં આપવામાં આવ્યું હતું. પ્રસંગને અનુસરી બીજા વકતાઓએ વિવેચન કર્યા હતા.

**બનારસ**—વિશ્વ વિદ્યાલયમાં પં. સુખલાલજીની જૈન પંડિત તરીકેની નીમણુંકનો ઠરાવ શ્વે. જૈન કોન્ફરન્સની સ્ટેન્ડીંગ કમિટીએ સર્વાનુમતે કર્યો છે.

**અજમેર**માં ભરાનારી શ્વે. સ્થા. કોન્ફરન્સના પ્રમુખપદને શેઠ વેલજી લખમશી નપુની તેમજ મહિલા પરિષદના પ્રમુખપદને શ્રી કેસરબાઇ અમૃતલાલ ઝવેરીની વરણી થઇ છે. (૨) સ્થા. સાધુ સમેલન તા૦ ૫-૪-૩૩ થી શરૂ થશે અને કોન્ફરન્સનું નવમું અધિવેશન તા૦ ૨૨-૨૩-૨૪ એપ્રીલ ભરવા નક્કી થયું છે.

**લંડન**—બેરીસ્ટર ચંપતરાયજી દ્વારા સંચાલિત ઋષભ જૈન લાયબ્રેરીમાં ધાર્મિક વર્ગનો લાભ સારો લેવાય છે.

**આહાણવાડા**—(મારવાડ) પોરવાડ સમેલન તેમજ ચૈત્ર માસની આયંબીલની ઓળીમાં પુષ્કળ માણસો આવનાર હોઇ મોટા પાયાપર તૈયારીઓ થઇ રહી છે.

**જયપુર**—શ્રી અખિલ ભારત ઓસવાળ નવયુવક પરિષદ ભરવા માટેની પ્રાથમિક તૈયારીઓને લગતું નિવેદન તેના મંત્રી શ્રી સિદ્ધરાજ ઢઢ્ઢાએ બહાર પાડયું છે. પત્ર વહેવાર કરનારે ચૌડા રસ્તા જયપુર સીટીના શીરનામે કરવો.

**ગોધરા** મુનિશ્રી વિદ્યાવિજયજી મહારાજનું તા. ૧૨ મીએ ગોધરા આવી પહોંચતા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. તેઓએ ત્યાં બે ભાષણો આપ્યાં હતા. વડોદરાથી પ્રતિનિધિ મંડળ તેમને આમંત્રણ આપવા ગયેલું. તેઓ ભારીયા થઇ ચૈત્રમાં વડોદરા જશે.

આ પત્ર લાલજી હરશી લાલને મહેન્દ્ર પ્રિન્ટીંગ પ્રેસ, ગાયા બિલ્ડીંગ મસજીદ બંદર રોડ, મુંબાઇ, ૩ માં છાપ્યું છે. અને ગોકળદાસ મગનલાલ શાહે 'જૈન યુવક સંઘ' માટે ૨૬-૩૦, ધનજી સ્ટ્રીટ, મુંબઇ-૩, માંથી પ્રગટ કર્યું છે

દાનની દિશા બદલો.

Reg. No. B. 2917
છુટક નકલ ૧ આનો

# પ્રબુદ્ધ જૈન.

સમાજ, ધર્મ અને રાષ્ટ્રીય સેવા બજાવતું નૂતનયયુગનું જૈન સાપ્તાહિક.

તંત્રીઃ રતિલાલ સી. કોઠારી.
સહતંત્રીઃ કેશવલાલ મંગળચંદ શાહ.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું મુખપત્ર.
વાર્ષિક લવાજમ રૂા. ૨-૮-૦

વર્ષ ૨ જું, અંક ૨૨ મો.
શનીવાર તા. ૨૫-૩-૧૯૩૩.

[ના૦ વડોદરા નરેશની ૭૧ મી જન્મ જયંતિ ઉજવવાનો એક ભવ્ય મેળાવડો ગયા શનીવારે સાંજે રોયલ ઓપેરા હાઉસમાં મુંબઇની પચરંગી આલમે કર્યો હતો. જે વખતે તેઓ નામદારને માનપત્ર તેમજ ગૌરવગ્રંથ અર્પણ કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે જુદા જુદા ચાલીશ મંડળો તરફથી (જેમાં શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પણ હતું) તેઓ નામદારને હારતોરા એનાયત કરવામાં આવ્યા હતા. ગુજરાતને ઓળખી સામાજિક સુધારાઓને વેગ આપનાર એ ઉદાર રાજવીના ભાષણમાંથી નીચેની કણીકાઓ અત્રે મુકીએ છીએ.]

## પ્રખર સુધારક



સર સયાજીરાવ ગાયકવાડ.

"કાયદાને વ્યકિતગત સ્વતંત્ર્ય પરના પ્રતિબંધ તરીકે નહિ પણ સમાજની સ્વતંત્રતાના સિધ્ધાંતના સહાયક તરીકે ગણવા જોઇએ."

× × ×

"કેટલાક સામાજિક અને ધાર્મિક રીતરિવાજો, વહેમી માન્યતાઓ અને પુરાણા કાયદાઓ જે પ્રગતિના માર્ગને અવરોધે છે તેને દુર કરવામાં ન આવે ત્યાં સુધી સાચી પ્રગતિ સાધી શકાય તેમ નથી."

× × ×

"મારા આદર્શ અને ભાવના નહિ સમજનારા લોકો મારી અનેકવિધ પ્રવૃત્તિઓનું રહસ્ય વખતે નહિ સમજતા હોય અને લોકકલ્યાણની મેં અખત્યાર કરેલી રાજનીતિનો તેમણે વખતે તેમની ગેરસમજથી અવળો અર્થ કર્યો હશે. પણ મારે જણાવવાનું જરૂરનું છે કે એવા અલ્પજ્ઞ લોકોની ઝાઝી પરવા કર્યા વિના હું મારૂં કાર્ય આગળ ધપાવ્યાજ કરૂં છું ને કરીશ, ને મારી ખાત્રી છે કે યોગ્ય વખતે આવા લોકો પોતેજ કબુલ કરશે કે તેઓ પોતે ગંભીર ભુલ કરતા હતા."

× × ×

"મતમતાંતરના આગ્રહથી પ્રેરાઇ કે પછી ન્યાતના ક્ષુદ્ર અભિમાનથી પ્રેરાઇ જેઓ કુસ્પ્રાની કરે છે તેઓ ખરેખરી જનસેવાની વિશાળ દ્રષ્ટિ ભુલી જાય છે."

× × ×

"ધાર્મિક ઝગડાનો નિકાલ કરનારા અને સમાજની અનિષ્ટ રૂઢીઓ, બંધનો, વહેમો અને બદીઓ ટાળવાના ઉપાય શોધનારા મારી યાદીમાં હોય છે."

× × ×

"અસ્પૃશ્યતા નિવારણના કામે લોકનિંદાની પરવા નહિ કરનારા આગેવાનો તેમજ આધ્યાત્મિક વિદ્યાના અભ્યાસીઓ પણ હું નજરમાં રાખું છું.

પ્રૌઢ અને પરિપકવ વિચાર થયા સિવાય સાધુ અમર સંન્યાસી થવાની વાત ખોટી છે. વિરકિત પણ કોને કહે છે એની જેને કલ્પના પણ નથી હોતી તેવા નાની વયના સાધુ વધારીને એવી લોકોની સંખ્યા વધારાય છે અને તેથી સમાજનું અહિત થાય છે.

—સર સયાજીરાવ.

पुरिसा ! सच्चमेव समभिजाणाहि ।
सच्चस्स आणाए से उवट्ठिए मेहावी मारं तरइ ॥

હે મનુષ્યો ! સત્યને જ બરાબર સમજો. સત્યની આજ્ઞા પર ખડો થનાર બુદ્ધિવાન્ મૃત્યુને તરી જાય છે.

(આચારાંગ સૂત્ર.)


# પ્રબુદ્ધ જૈન.

શનીવાર તા૦ ૨૫-૩-૩૩.


## દાનની દિશા બદલો.

આપણામાં ધર્મભિક્ષા ખૂબ છે. માંડ માંડ પચ્ચીં મેળવી જીવન નિર્વાહનું નાવ હાંકતાં માનવીઓ પણ પૈસો પૈસો મંદિરના ગભારામાં નાખે છે. એ બીચારા એ વિશ્વાસથી નાખે છે કે એ ધર્મ કરે છે. એવી એમની ચોકખી માન્યતા હોય છે અને તેથી એવું ખાઈને, કંગાળીયત ભીષણ ચક્કીમાં પીસાઈ ને પણ એ ગભારામાં પૈસો નાંખવાનાંજ. અને પૈસા પૈસામાંથી—ટીપે ટીપે ભરાયલા એ લક્ષ્મીના સાગરો કયા ધર્મ અર્થે વપરાય છે? કોઈ ને કોની ઉન્નતિ સંધાય છે? કોઈ પુરાં તત્વોથી સંશોધન આદરે અને કોઈ ન પણ પારખું એ લક્ષ્મીનાં પગ ઓળખી શોધી કાઢી એનાં પરિણામ પ્રજાને જણાવે તો આખો સમાજ ચમકી ઉઠે. એક એક પૈસાથી એકઠી થયેલી એ લક્ષ્મી આપણું ઉજળાં કપડાં પહેરી ફરતા આગેવાનોએ સાવ પચાવી દીધી છે. કંગાળ આદમીઓએ ધર્મની લાગણાવના સ્વીકારીને, અતિ જરૂરીઆત છતાં એ પૈસા પરનો હક્ક જતો કરીને, ધર્મભાવે દિધેલા પૈસાના કાંતો જનતાને નિરર્થક એવા દમ ખડકાયા છે અને કાંતો કોઈકના ખિસ્સામાં જઈ પડયા છે.

### વહીવટી ચોપડાં બતાવો.

આ કથન સાવ સાચું છે. નિર્ભેળ લુંટના આ આંકડાઓ આજના મંદિરના માલીકો આપણને બતાવવા નથી ઇચ્છતા, લૂંટાયલી લુંટ માફ કરીએ તો પણ હવેથીય એ હિસાબ બહાર પાડવાનો ચોકખો વિરોધ દર્શાવે છે. પ્રજાને માટે બે રસ્તા ખુલ્લા છે. કાંતો વહીવટી ચોપડાં જોવા માંગવા એટલે કે વર્ષોનો રીપોર્ટ બહાર પાડવા આગ્રહ કરવો અગર તો એ ભંડારોમાં પૈસા નાંખવા નહિ. અને એ પૈસા વાપરવાનાં હોય તો જીવતા દેવોને પીડાતાં બંધુઓને મદદ કરવા પાછળજ ખર્ચવા જોઈએ છે.

### આણંદજી કલ્યાણજીની પેઢી.

એક આણંદજી કલ્યાણજીની પેઢીનોજ દાખલો લ્યો. જૈન શ્વેતામ્બર કોન્ફરંસના ખાસ અધિવેશન વખતે એ પેઢીના વહિવટની વાત ઉપડી હતી તે યાદ આવે છે. શ્રી. મણીલાલ કોઠારી અને શ્રી. અમૃતલાલ શેઠ જેવા આગેવાન રાષ્ટ્રીયવાદી જૈનોને એ પેઢીના વહિવટ અંગે ખૂબ ફરીઆદો છે. સારાય જૈન સમાજને પણ 'આજે પાલીતાણા રાજ્ય સાથેની તકરાર પતાવી લઈએ. પછી અંદર અંદર આપણે સમજી લઈશું' એમ વચગાળેની મુત્સદ્દીગીરી ચલાવી એ વાત એ વેળા દંડી પાડવામાં આવેલી. અને પછી તો રાષ્ટ્રીય જુવાળ ઉપડયો એટલે 'અંદર અંદર સમજવાની' એ વાત ઢાંક પીછોડો ઓઢાડવો શક્ય બન્યો.

આજે કોઈ એનો હિસાબ માંગો. કોઈ તટસ્થ હોશીયાર ઓડીટર પાસે એનો હિસાબ તપાસરાવો. એ પૈસા કોને ત્યાં કેમ રોકાયા છે તે અને કેટલા પાછા જરૂર પડે તો આવી શકે એમ છે તેનું સરવૈયું કાઢો. ધીરાયલા એ પૈસામાંથી મીલોના સંચાઓ પાછળ અને સરંભીનાં ખીપે. પાછળ કેટલા પૈસા રોકાય છે તે શોધી કાઢો અને ધર્મને નામે આપણે દિધેલા પૈસા માટે આપણને પ્રશ્ચાતાપ થશે.

### દાનની દીશા બદલો.

અને એ જોયા પછી આપણને ખાત્રી થશે એ પૈસાના દુરૂપયોગની અને દાનની દીશા આપણે બદલવી જોઈએ એમ લાગ્યા વિના રહેશે નહિ. મુંબઈમાં પારસી, ભાટીઆઓ પૈસા ખર્ચે છે—ગ્નાતિની દ્રષ્ટિએ, ગ્નાતિની ઉન્નતિ કેમ થાય, કેમ કરી આપણો ગ્નાતિભાઈ ભુખે રિબાય નહિ કે ભીખ માંગતો ન ફરે એ દૃષ્ટિએ એ વિચારે છે. સસ્તી ચાલીઓ બંધાવે છે. હોસ્પીટલો બંધાવે છે—કેળવણીનો વિકાસ સાધે છે અને અપંગ અને વિદ્વાનોને અનાજ પૂરૂં પાડે છે. સાચું દાન શું! ચારે બાજુ ભુખથી પીડાતા ભાંડુઓ પડયા હોય, વેતનભરી સુવાવડી બ્હેનને સુવાનું ઠેકાણુંય ન હોય, જૈન જુવાનો ધંધા વિના પેટે પાટા બાંધી ધંધો શોધવા રખડતા હોય ત્યારે આપણું કર્તવ્ય શું? લક્ષ્મીના એ ગંજોમાં કોઈની ઉડાઉગીરી પોષવા પૈસા આપવા કે નામની તકતી રહે એ ખાતર મંદીરો કે ધર્મશાળા બંધાવવાં કે આ જીવતાં ભાંડુઓને મૃત્યુની ખાઈમાંથી હુન્નર ઉદ્યોગ વિકસાવી, ભણવાનાં સાધન પૂરાં પાડી, હોસ્પીટલો બનાવી બચાવવાં?

આપણે આ વિચારી લેવાનુંજ છે. આપણા દાનની દીશા આપણે નક્કી કરી લેવાની છે. કોમનું સાચું દર્દ અને એનું ઔષધ આપણે શોધીજ લેવાનું છે.

---

**તમે જાણો છો?**

કેટલીય શતાબ્દિઓ પહેલાં પુનિત પ્રભાતે જગતનું કલ્યાણ કરવા જન્મેલા પિતા મહાવીરનો

**જન્મોત્સવ દિન નજીક આવે છે.**

વીરના આવા સંતાનોને ફીરકા ભેદ ન હોય!

**એ યાદ રાખીને**

ઉત્સાહ અને ઉલ્લાસ ભર્યા હૈડે દરેક જૈન એકત્રીત થાય, અને એ જળહળતી જ્યોતને સન્મુખ રાખી, ક્રાન્તિકારીના વિકટ પંથે ચાલવાના

**સપથ લેવાનું રખે ચૂકે!**

જૈનોનો એક પણ જાહેર તહેવાર પળાતો નથી. એકત્ર અવાજ રજુ કરી આ પુણ્ય પ્રભાતને જાહેર દિન ગણવાનો ઠરાવ કરી મોકલવાનું ધ્યાનમાં રાખજો.

# અયોગ્ય દીક્ષા પધ્ધતિ એ સામાજિક બદી છે.

(તા૦ ૫-૩-૩૩ ના રોજ મુંબઇમાં મળેલી જાહેર સભામાં શ્રી પરમાનન્દ કાપડીઆએ 'અયોગ્ય દીક્ષા' અંગે જે મંતવ્યો રજુ કર્યાં, તે સમાજ આગળ વિચારાર્થે અમે રજુ કરીએ છીએ. —તંત્રી.)

ગતાંકથી ચાલુ.

કેટલાક તરફથી એમ સુચવવામાં આવે છે કે આ પ્રશ્નની પતાવટ આપણે અંદર અંદર કરવી જોઇએ અને તેને લગતા નિયમો આપણેજ ઘડી કાઢીને પાળવા પળાવવા જોઇએ. આ વિચાર—આ સુચના ખરેખર સુંદર અને આવકારદાયક છે. પણ હું એમ માનું છું કે તે વ્યવહારૂ છે ખરી? અત્યારના જૈન સમાજની અને તેના અગ્રગણ્ય સાધુઓની અત્યંત દશા વિચારતાં અંદર અંદરની સમજુતી અને તેનું પાલન બીલકુલ શક્ય છેજ નહિ અને તેથીજ આ બાબતમાં રાજ્ય તરફથી નિયમો ઘડવાની અને કાયદાકાનુન થવાની ખાસ જરૂર છે. ગામ ગામના સંઘો જુદા છે, તેમાં ક્યા સંઘની ક્યા સંઘ ઉપર આણ વર્તે છે? વળી સંઘની સત્તા કેટલાક સાધુઓ પણ આજ કાલ સ્વીકારવાની ચોકખી ના કહે છે. સાધુ સાધુ અંદર પણ કેટલા કેટલા પક્ષો અને મતભેદો છે? તેમાં કોણ કોનું કહ્યું માને છે? આ બધું જોતાં પણ દીક્ષાને લગતા કાયદા સિવાય આપણા સમાજમાં વ્યવસ્થા જાળવવાનો બીજો ઉપાય છેજ નહિ.

કોઈ વળી એવી દલીલ કરે છે કે તમો તો સ્વતંત્રતાના પક્ષકાર છો અને આતો આપણી વ્યક્તિગત સ્વતંત્રતા ઉપરજ આવતા નિયંત્રણનો બચાવ કરો છો એ અસંગત છે. આનો જવાબ તો એજ છે કે અમે જે સ્વતંત્રતા માગીએ છીએ તે દરેક વ્યક્તિને ફાવે તેમ કરવાની તથા બોલવાની છુટ મળે તેવી સ્વતંત્રતા નહિ પણ અમારી ઉપર જે પારકી અને પરદેશી સત્તા રાજ્ય ચલાવે છે તેને બદલે અમેજ અમારી ઉપર રાજ્ય ચલાવીએ અને અમારૂં નિયમન અમેજ કરીએ. એવી સ્વતંત્રતા માટે લડીએ છીએ. વ્યક્તિને ફાવે તેમ કરવાની છૂટ મળે તો તે સર્વત્ર સ્વચ્છંદતા પ્રવર્તે.. માટે ઉપરની દલીલ પ્રસ્તુત વિષયમાં અર્થ વિનાની છે.

હવે આપણે ત્યાગની ભાવનાનો જરાક વિચાર કરીએ. શાસ્ત્રમાં ત્યાગની આટલી બધી પ્રસંશા કરી છે તે પાછે તે પ્રશંસા ત્યાગની નહિ પણ સમ્યક્ પ્રકારે યયેલી ત્યાગની જો એમજ હોય તો આપઘાત કરનાર પણ ત્યાગજ કરે છે; બીજા કેદીને ફાંસીએ ચડાવે પણ ચોરી, છોકરાં માલ મીલ્કત તેમજ પોતાના દેહનો ત્યાગજ કરે છે; જેમ જે તે જ્યાં ત્યાં ફેંકી દેવું કે જેને તેને દઇ દેવું તે દાન નથી, જેમ મગજમાં નવલ કથાઓ અને ડીટેકટીવની વાતોનો ખુબ કચરો ભરાવો તે કાંઇ જ્ઞાન નથી તેમ મગજમાં ધુન આવી અને ઘર છોડીને ભાગવું તે કાંઇ ત્યાગ નથી. અલબત્ત સાધુ જીવનમાં આધ્યાત્મિક સાધના માટે જેટલી અનુકુળતા છે તેટલી બીજા કોઇ જીવનમાં સંભાવતી નથી એમ છતાં પણ આજે આપણે જેને ત્યાગીઓ ગણીને વંદન કરી રહ્યા છીએ તે સર્વ કાંઇ સાચા ત્યાગી નથી. આપણે જાણીએ છીએ કે બેકાર સ્થિતિ કે નિરાધાર સ્થિતિના કારણે પણ ગૃહસ્થ જીવનની સંકટ મયસ્થિતિ કરતાં દીક્ષાની સ્થિતિમાં વધારે સુખ સગવડ છે. એમ જોઇ સમજીને પણ દીક્ષા લેનારા કેટલાક ભાઇ બહેનો છે, આતો એક સ્થિતિનો ત્યાગ અને અન્ય સ્થિતિનો અંગીકાર શુદ્ધ વૈરાગ્ય પ્રેરિત નથી પણ તેની પાછળ ભૌતિક સુખ સગવડ મેળવવાનીજ કલ્પના રહેલી છે. આ ત્યાગીને આપણે ત્યાગી કેમ કહી શકીએ? વળી આપણાચિત્ત ઉપર એમ જે ઠસાવવામાં આવે છે કે કેવળ સાધુ દશામાંજ સાચો ત્યાગ સંભવે છે અને ગૃહસ્થ જીવનની દશા એટલે તો ભોગ, ભોગ અને ભોગ અને સરવાળે સંસારનું સદાકાળ પરિભ્રમણ—આમ ખરીરીતે વેશપલટામાં નથી રહેલો પણ આન્તર પલટામાં રહેલો છે તેથી આવો આન્તર પલટો પામેલો પુરૂષ યા સ્ત્રી ગૃહસ્થ જીવનને—સંસારી જીવનને—પણ ત્યાગના તેજથી ઓપી શકે છે. ત્યાગ ભાવનાની—વૈરાગ્યની—અનાસક્તિની ગૃહસ્થ જીવનમાં પણ ખુબ ખીલવણી થઇ શકે તેથી દીક્ષાજ્યો અને નહિ તો મુવા પડ્યા છો એવો એક દેશીય ત્યાગધર્મ જૈન જેવો અનેકાંત ધર્મ પ્રરૂપતો હોય એમ હું નથી માનતો.

વળી ત્યાગ અને વૈરાગ્ય વિષે આપણા કેટલાક ભાઇઓમાં એવી કલ્પના ભરેલી છે કે ત્યાગ વૈરાગ્યનો ચિત્તમાં ભાન આવ્યો કે એક ક્ષણભર વિલંબ નહિ કરતાં તરતજ ઘરબાર છોડી ચાલી નીકળવું જોઇએ. આનો અર્થ હું સમજીજ શકતો નથી. શું આવો વૈરાગ્ય તે ખડના ભડકા જેવો છે, પારાના નીશા જેવો છે કે જેમણે વૈરાગ્ય આવે તે ક્ષણે માણસ ઉઠીને ચાલતો થાય? તો પછી તેના માટે કંઇ આશા જેવું રહેતુંજ નથી? અલબત્ત, સ્મશાનવૈરાગ્યનાં અનેક દૃષ્ટાન્તો જોવામાં આવે છે પણ તેવા વૈરાગ્યના હડસેલાથી દીક્ષા લઇ લીધેલા માણસની દશા **અતો ભ્રષ્ટ તતો** ભ્રષ્ટ જેવી થાય છે. સાચો વૈરાગ્યતો લાંબા અનુભવ અને ઉંડા જ્ઞાનમાંથી ઉદ્‌ભવે છે અને આવો વૈરાગ્ય ચિત્તમાં એક વખત ઉદ્‌ભવ પામ્યાબાદ પાકા રંગની માફક કદિ ખસતો નથી. આ વૈરાગ્યથી રંગાયેલા આત્માને કોઇપણ કારણ સંસારમાં લાંબો વખત રોકી શકતુંજ નથી. અને તે સંસારમાં રહે છે તો પણ તેનું જીવન ત્યાગી જેવુંજ બની રહે છે કારણ કે સંયોગવશાત્ તે જે ખાય છે, પીએ છે, કે કાર્ય કરે છે તેમાં તેને જરા પણ રસભાવ હોતોજ નથી.

વળી માણસને વૈરાગ્ય આવ્યો એનો અર્થ એમ નથી થતો કે તેણે જે પોતાની આસપાસ ઉપાધી અને જવાબદારીઓનાં ડુંગરાઓ ઉભા કર્યા હોય છે તે જ્યાં ત્યાં, જેમ તેમ ફેંકી દઇને તરતજ ત્યાગી સાધુ બની બેસવાનો અધિકાર તેને પ્રાપ્ત થાય છે? જેમ નફો ન આપનાર વ્યાપાર કે પેઢી વ્યાપારી શાન્તિથી, સમતાથી ધીરજથી સંકેલી છે તેમ સંસારથી વિરક્ત પામનારે પોતાને આધારે પડેલાંની યોગ્ય વ્યવસ્થા કરી સર્વ કોઇની સંમતિ મેળવી ત્યાગના માર્ગે વિચરવું ઘટે છે. જે આપણી સાથે સ્નેહ બંધને જોડાયેલા હોય તેને એકદમ તરછોડવામાં મને તો સાચો દયા ધર્મજ દેખાતો નથી. ભગવાન મહાવીર જેવાને સંસારમાં ઘડીભર ખોટી થવામાં કાંઇ પણ કારણ ન હોતું છતાં મોટાભાઇના સ્નેહીઅને વશ થઇને એક વર્ષ વિરક્ત ગૃહસ્થની માફક રહ્યા એ દૃષ્ટાંત શું સુચવે છે?

# દીક્ષા શાસ્ત્રનું રહસ્ય.

[ શ્રી૦ ફતેહચંદ બેલાનીએ બહાર પાડેલ ઉપલી પુસ્તિકાની નોંધ શારદા માસીકના માર્ચ માસના અંકમાં તેના તંત્રી શ્રી રાયચુરાએ કરી છે. બહારના પત્રો દીક્ષા અંગે શું મંતવ્યો રજુ કરે છે તે વાંચકોની જાણ માટે નીચે પ્રગટ કરીએ છીએ. —તંત્રી. ]

બાળદીક્ષા પ્રકરણ હાલમાં સર્વનું ઠીક ધ્યાન ખેંચી રહ્યું છે. દીક્ષા એ પરમ પવિત્ર અને નિર્મળ ભૂમિ હોઇ તે મેળવવા માટે પાત્રતા ખૂબ હોવી જોઇએ. ધર્મને બાજુએ મૂકીને નાનાં બાળકોની અજ્ઞાનતાનો લાભ લઇને જ્યારે તેમને ચુપચુપ ભગાડીને દીક્ષા દેવાના પ્રસંગો વધુ પ્રમાણમાં ઉપસ્થિત થવા લાગ્યા, ત્યારે જૈન ધર્મના અભ્યાસીઓને ધર્મના નામે થતાં ધતીંગો ખૂંચવા લાગ્યાં, અને તેમણે ઉહાપોહ કરી, ધર્મના સ્થાને સ્થપાઇ ચુકેલી રૂઢીને યેનકેન પ્રકારેણ નાબુદ કરવાના પ્રયાસો આદર્યાં. શરૂઆતમાં લોકમત કેળવવા માંડ્યો અને ધીમે ધીમે બાળદીક્ષા લેનાર અને દેનારના ઢોંગ ધતીંગ બહાર પાડ્યાં. આ પ્રવૃત્તિ બરાબર થઇ રહી, અને આવા મજબુત પક્ષના અસ્તિત્વથી છાની અપાતી દીક્ષા સામે બાળકોના વાલી વારસો વગેરેને રાહત મળવા લાગી; પરંતુ આ હીલચાલથી લોભી જનોએ સામું પ્રચાર આદર્યું અને સામસામા વિવાદ અને વિખવાદના પ્રસંગો ઉપસ્થિત થવા લાગ્યા.

શ્રીમંત મહારાજા સયાજીરાવ ગાયકવાડ એમના સુધારક વિચારોથી જગત જાણીતું છે. ધર્મની બાબતમાં અયોગ્ય રીતે કદી તે દખલ કરતા નથી, પરંતુ સમાજનું હિત સચવાતું ન હોય, ધર્મના ખરા રહસ્યનું પાલન થવાને બદલે તેનો અનર્થ થતો હોય, જાહેર જનતાને કનડગત કે અન્યાય થતો હોય તો ધર્માંધ માણસોની લાગણીની પરવા કર્યા સિવાય અનેક સુધારા દાખલ કરવા માટે નામદાર ગાયકવાડ સરકાર જગવિખ્યાત છે.

પ્રસ્તુત બાબતમાં એકદમ માથું ન મારવાના ઇરાદાથી ખરી વસ્તુસ્થિતિ ભેગી કરીને ભલામણ કરવા માટે તેઓશ્રીએ રાજ્યના માજી નાયબ દિવાન અને મુખ્ય ન્યાયાધિશના પ્રમુખપણા નીચે ન્યાય ધુરંધરોની એક સમિતિ નીમી, જેણે બન્ને પક્ષોની છૂટથી જુબાનીઓ ભેગી કરીને તેના ઉપર દીક્ષા પ્રતિબંધ નિબંધની જરૂરીઆતની ભલામણ કરી આ સમિતિએ લંબાણથી દરેક મુદ્દાની ચર્ચા અને વિગત આપીને પછી વિગતવાર નિર્ણય આપેલા છે. સદર નિવેદન અતિ મહત્વનું, વિદ્વત્તાભરેલું અને માહિતી પૂર્ણ હોઇ, દાખલા દલીલોથી ભરપૂર છે.

સદર નિવેદન ઉપર દીક્ષાપ્રેમી મહસ્થો અને સાધુઓનો કોપ સ્વાભાવિક રીતે ઉતર્યો અને પરિણામે યંગમેન્સ જૈન સોસાયટીએ તેની સમાલોચના કરી તેનું ખંડન કરવા પ્રયત્ન કરેલો.

આ સમાલોચના સામેની મીમાંસા એટલે પ્રસ્તુત ગ્રંથ.

સદર પુસ્તિકામાં લેખકે બહુ અચ્છી રીતે મીમાંસા કરીને સમાલોચનના રદીઆનો સચોટ જવાબ આપ્યો છે. સમાલોચક સરકારની દખલગીરી ધાર્મિક બાબતમાં ન જોઇએ એવી દલીલ કરીને, બીજા પ્રસંગે જૈનોનું પંચ નીમવાની સરકારને ભલામણ કરે છે. આ વિસંગતપણું ખૂબ સચોટ રીતે પ્રસ્તુત ગ્રંથમાં ઉઘાડું પાડવામાં આવ્યું છે. મહાવીર સ્વામિના દીક્ષા સંબંધના પ્રસંગો વગેરેનાં વર્ણન આપીને, માતાપિતાના સ્વર્ગવાસ સુધી દીક્ષા ન લેવાની પ્રતિજ્ઞા અને પાછળથી વડીલ બંધુની વિશેષ બે વર્ષની મુદતની આજ્ઞાનો પ્રસંગ ખૂબ અસરકારક હોઇ, દીક્ષાના સંબંધમાં ધર્મ સ્થાપકનો હેતુ સમજાવવા માટે બસ છે.

મોટી ઉંમરના માણસો માટે દીક્ષા એ શક્ય હોઇ શકે, પરંતુ કુમળી વયનાં બાળકો જેમણે સંસાર જોયો, જાણ્યો કે અનુભવ્યો નથી તેમને વૈરાગ્ય શાનાં ઉપર ઉપસ્થિત થાય તે અમે સમજી શકતા નથી.

વળી, માતાપિતાની આજ્ઞા સિવાય દીક્ષા લઇ શકાય નહિ એવું ધર્મનું ચોખ્ખું ફરમાન હોવા છતાં, તેને અવગણીને દીક્ષા આપવા માટે દીક્ષા લેવડાવનારને દોડાદોડ શા માટે કરવી પડતી હશે અને છાની દીક્ષાઓ શા માટે અપાતી હશે? અન્ય ધર્મના કુમળી વયનાં બાળકોને વૈરાગ્ય ઉત્પન્ન થતો નથી તો પછી જૈન ધર્મમાંજ નાનાં ભૂલકાંઓને સંસાર અસાર શાથી જણાતો હશે તે અમારી સમજ બહારની વસ્તુ છે. ટુંકામાં આ મીમાંસા દાખલા દલીલોથી ભરપુર હોઇ દીક્ષાના સંબંધમાં પૂર્ણ પ્રકાશ પાડી, સમિતિના કાર્ય અને ઉદ્દેશ, ધર્મના ફરમાન, 'દીક્ષાના તત્વનો દુરૂપયોગ, દીક્ષા પ્રેમીઓનો દુરાગ્રહ અને ધર્મના નામે ચલાવાતી પોલંપોલ બહાર પાડવામાં લેખકને સંપૂર્ણ સફળતા મળી છે—દીક્ષાના પ્રકરણમાં રસ લેનારાઓએ આ પુસ્તિકા વાંચવા સરખી છે.

ત્યાગ એટલે પ્રેમનો તિરસ્કાર નહિ પણ પ્રેમનો વિસ્તાર સાધુનું જીવન એટલે સંસારીથી પણ વધારે સંકીર્ણ જીવન નહિ પણ જગતના સર્વ જીવોને પ્રેમભાવથી સ્પર્શનારું વ્યાપક અને વિસ્તિર્ણ જીવન. સાચો ત્યાગી એવી રીતે સંસારને ત્યાગે કે તેના ત્યાગમાં જરા પણ કર્કશતા કટુતા કે કલુષિતતા ન દેખાય; તેના ત્યાગમાં શુધ્ધ પ્રેમમાં રહેલી મધુરતા-પ્રસન્નતાજ અનુભવાય. જો વૈરાગ્ય એ સંસારનાં ઉંડા અનુભવ અને વિશાળ અવલોકનનું ફળ હોય; જો વૈરાગ્ય સત્ય જ્ઞાનમાંથી સ્વાભાવિક રીતે સ્ફુરતી અને આત્મોન્નતિના માર્ગે લઇ જનારી મનોવૃત્તિ હોય તો તેવા વૈરાગ્યને પામેલા ભવ્ય આત્માએ બાહ્ય ત્યાગ માટે કશી પણ દોડા દોડ કે નાસભાગ કરવાની જરૂર છેજ નહિ. જો તેવા વૈરાગ્ય વાસિત આત્માને સંસારમાં કોઇ રોકી શકતું જ નથી એવી આપણને પ્રતિતી છે તો તેવા માણસે ઘરમાંથી એકદમ ભાગીને ઉપાશ્રયમાં પુરાઇ જવાની ઉતાવળ કરવાને કશું કારણ છેજ નહિ.

(ચાલુ.)

## જોઇએ છે?

પ્રબુદ્ધ માટે વિશ્વાસુ ખબરપત્રીઓ અને સમાચાર આપનારા સેવા ભાવી યુવકો, પોષ્ટેજ આપવામાં આવશે.

લખો,
વ્યવસ્થાપક પ્રબુદ્ધ જૈન.

# ન્યાતની.........બેઠક.

લે-પદ્મકુમાર.

આજનો સમાજ (નાત કે જમાત) એટલે સમયની કિમ્મત આંકવામાં પાંગળું ને અભાનને દંડવામાં શૂરૂં, જ્યાં ધનિકની શેહમાં તણાઈ ન્યાય નીતિને ધરાણે મુકનારૂં એક ટોળું.
—પ્રાસંગિક.

— ગતાંકથી ચાલુ —

"ભાઈઓ, શાંતિ રાખો. એક પછી એક બોલો તો કંઈ સંભળાય પણ ખરૂં." વયોવૃદ્ધના શબ્દોથી બધું પાછું શાંત થયું ને વાત આગળ ચાલી. ફુલચંદશાની પુત્રવધુ સુમરો તાણી એક ખુણેથી કહેવા લાગી.

"મારે તો જુદા રહેવું છે. ન્યાત વચ્ચે મારા સસરાના ઘરની આબરૂ ઉઘાડી પાડવાનું મને આજની નથી લાગતું, બાકી તો બળતા હૃદયે કહું છું કે જેઓ સ્વાર્થવશ પ્રપંચો કરી મુજ સરખી બાળાઓના જીવતર બાળે છે તેમની પાસેથી ભાગ્યેજ સુખપૂર્વક રોટલાની આશા રાખી શકાય. વિધવા એટલે આખાયે ઘરની ગુલામડી, સૌ કોઇ એના પર હુકમ ઉઠાવતું જ આવે. એના નસીબમાં દુધ કે ઘી નજર હોય, સારા કામોમાં એ અપશુકનીયાળી મનાય, વૈતરૂં કરી થાકી જાય ત્યાં એનો ભાવ સરખો પણ ન પુછાય! આટલું છતાંય એને માટે કુળકલંકનો વ્હેમ આ જીવતર પશુ કરતાં પણ આકરૂં નથી?"

"મને મારા માબાપ અને ધણીની આબરૂ વહાલી છે અને જેટલા અણુમાં પ્રાણ હશે ત્યાં સુધી તેમજ રાખીશ; બાકી તમારા સરખા મોટેરાઓ તો જાણે રામનાજ અવતાર હશો એમ જને! ટુંકમાં મારી એટલીજ ન્યાતને વિનંતિ છે કે મારા ભાઈને રકમ સોંપાવો ને ખરચ બંધાવી આપો."

આવી સાદી ને સીધી માંગણી છતાં પટલાઇના એકાદબે દાખલદારો કલ્યાણચંદ, જીવાશા, પેથાશા ને સુરચંદશાના પેટનું પાણી હાલી ઉઠ્યું. બાઈ માણસ થઇ આવી હિંમત કરે એ તેમના મને નેવના પાણી મોભે જાય છે તેમ લાગ્યું! કુલીનતાના પાણી ઓસરતાં જણાયાં! એમના કારભારમાં આ અજરેશ જેવો બનાવ. આજ સુધીમાં તેમના હાથે કેટલાય ઉખાયતાં થઇ ચુકેલા, એટલે હીંમતનો આશરોજ નહિ. આખું તંત્ર સત્તાના જોરે નભતું.

આમ છતાં આજે તેઓ ખામોશી રાખી રહ્યા, નહિ તો જુવાનવર્ગના જબરા જુથ આગળ ફેંકી ઘાણીદાણી થઇ જવાનો શો હકા સંભવ હતો! પણ મીઠું બોલી આગાઉ વાતને ટાળશે ચલાવી, બાઈનો હક સ્વીકાર્યો છતાં પરમેશે સમજાવી કરવા સલાહ આપી કલ્યાણચંદે કલ્યાણનો માર્ગ દાખવ્યો, આપણે તો ન્યાત ચુકાદો આપવા બેઠીજ છે એમ કહી હાથ તો કેસ બોરંબે નાંખ્યો.

એક અવાજ—"આવો ગોળમટોળ જવાબ કંઇ મુદ્દો ખરો?" શેઠે ફેરવી તોળ્યું—"આટલો સમય ગયો ત્યારે પંદર દિન વધારે, કુલીન જ્ઞાતિમાં ચુકાદા તડફડ ન થાય."

**કચરાશાનો કાળ—**

"હું બીજીવાર પરણ્યો ને કન્યા આપનારો મારી ખાનદાની જોય તેમ કર્યું એમાં કેટલાક લફંગાઓનું પેટ દુખ્યું, તેથી મારા સામે વિરોધ જગાવી, છાપાના પાના કાળા કર્યા જો કે મેં તો કામ આટોપી લીધું છે ને તે ગંડકાઓ હાથ ઘસતા રહી ગયા છે, જ્યાં આવી રીતે કોઇ બાબતને તેઓ કનડે નહિ માટે જ્ઞાતિએ તેઓને નસિયત કરવી જોઇએ."

**સુરચંદશા—**"વાત તો દીવા જેવી છે. પુરૂં કરવાની તાકાતવાળો કોઈ પણ લગ્ન કરી શકે છે. આ કચરાશા છે, પણ ઇચ્છા થાય તો આ લલ્લુ ડોસા પણ ઘોડે ચડી જાય. કન્યા આપનાર જોઇએ અને તેમનામાં પાળવાની હામ જોઇએ."

**જીવાશા—**પુરૂષ પ્રધાન ધર્મ છે. તો બીજી બધી બાબતમાં તેની શ્રેષ્ઠતા હોય એમાં શું આશ્ચર્ય? ક્યાં દૂર જવાની જરૂર છે? કલ્યાણજી ભાઇનો વંશ વેલો બીજીથીજ થયો ને, અને આ ટેકરશી બીજી લાવ્યા, તો આજે ઘર ઉઘાડું છે, નહિ તો તાળાજ દેવાત! એવો કુદરતી ન્યાય!"

**લલ્લુશા—**"શેઠ, હવે તો હદ થાય છે! આ જુવાનીઆઓને દાબવાની જરૂર છે. તેઓ મરજી માફક ચિતરે જાય એ કેમ ચલાવાય? જુઓને મારો ભાઇ મેટ્રીક્યુલેટ ને છોકરો મેટ્રીક છે છતાં આવા સુધારક નથી જ. કેવો વિનય, ઝટ કહ્યું કે મતુ મારી આપતાં વાર નહી."

**કીર્તિલાલ—**"આ જાપો વાણી વિલાસ શા પર ચાલે છે? આ બધા મુરબ્બીઓ શેનો ગણગણાટ કરી રહ્યા છે? તેઓ એમ સમજતા લાગે છે કે 'પોતાની બુધ્ધિને ઘરાણે મુકી તેમની મોરલીએ ડોલે ન ચડ્યું.' આવા કાગળતો સ્વાર્થી સાધુઓ ધમ્પા કરશે અને એ વાત જેમને નહિ ગમે તેઓ તેનો વિરોધ પણ કરશે ન્યાત ક્યાં હાથ દેવા જશે?"

**કપુરચંદ—**"હવે બેસી જાવ ડહાપણ ડોળના, મોટાનો જરા વિવેકતો..."

**બુદ્ધિ ઠોઠું—**(મોટા અવાજે) "કરીએ નાસ્તિકને ન્યાત બહાર કરો......"

**યુવક જુથ—**"હે નાદાન, કે પાછી ભસો જાણો છો? ભાઇના પુત હો તો કરી દેખાડો!"

**શેઠ—**"સાંભળો, ભાઇઓ! આમ હોંસાતોંસી ન કરો." એમ કહી ચંદ્રકાન્ત તરફ મુખ કરી બોલ્યા "ચન્દ્રકાન્ત, આમ આવો. તમારા જેવા સમજુ ગ્રહસ્થ પ્રમુખ તરીકે હોય, ત્યાં આપણાજ ન્યાત ભાઇઓની હલકાઇ દેખાય તેવા ઠરાવ થાય તે શું આજની શો? ત્યારે ભાઇમાં ખટાશથી આમ કલ્યાણ થવાનું?"

**ચન્દ્રકાન્ત—**"મુરબ્બી, આપની વાત એક પછી છે. જો પાંસઠવર્ષની વયે આઠ વર્ષની બાળાનો ભવ બાળવા તૈયાર ન થાત તો કોણ વિરોધ કરવા નવરૂં હતું? બાકી સમજાવ્યા છતાં જેના કાન દેવાય ગયા હોય તેને છાપે ચડાવેજ છુટકો, જગત તો વાંચીને જરૂર ખરા ખોટાનો તોલ કરશે. આવી ગણીઓ ગંડતાં ધુમાં પાપે થાય તેમાં શો નવાઇ?"

**શેઠ—**"જો તમો અરસપરસ ન્યાય તોળવા મંડી જશો તો પછી ન્યાતની બેઠક મેળવવાની કંઇ જરૂરજ નહિ રહે. મરજીમાં આવે તેમ સૌ વર્તવા લાગી જશો."

અનુસંધાન.........પૃ. ૧૭૬ મે.

## સ્વીકાર અને સમાલોચના.

**શ્રી પ્રમાણ નયતત્વાલોકઃ**—કર્તા શ્રી વાદિદેવસૂરિ, સંશોધક ન્યાયસાહિત્યતીર્થ મુનિરાજ શ્રી હિમાંશુવિજયજી. પ્રકાશક શ્રીયુત્ દીપચંદ બાંઠીયા. મૂલ્ય ૦-૧૪-૦ ચૌદ આના મળવાનું ઠેકાણું "શ્રી વિજયધર્મસૂરિ ગ્રંથમાળા, મુ. ઉજ્જૈન (માળવા).

જૈન ન્યાયના ગ્રંથોમાં શ્રી વાદિદેવસૂરિ કૃત ઉપરોક્ત ગ્રંથ બહુજ મહત્વનું સ્થાન ભોગવે છે. આ ગ્રંથ કલકત્તા, મુંબઇ અને બીજી અનેક યુનીવર્સીટીના ગ્રેજ્યુએટના કોર્સમાં, ન્યાય પ્રથમામાં અને એજ્યુકેશન બોર્ડમાં દાખલ થયેલ છે. એજ એ ગ્રંથની ઉપયોગિતા સિદ્ધ કરે છે. મુનિરાજશ્રી હિમાંશુવિજયજીએ તેને નુતન દ્રષ્ટિથી એડીટ કરેલ છે, એટલુંજ નહિ પણ નોટ, પાઠાંતર, અનુક્રમણિકા આદિ આપી ગ્રંથ, ગ્રંથકાર અને જૈન ન્યાયના વિષયમાં સારો પ્રકાશ પાડયો છે. સાથે શ્રી રામગોપાલાચાર્ય કૃત બાલબોધિની નામની એક અપ્રસિદ્ધ ટીકા પણ છે કે જે ગ્રંથની શોભામાં ઓર વધારો કરે છે. એકંદરે જૈન ન્યાયમાં રસલેતા દરેક વિદ્વાનો માટે આ ગ્રંથ આશીર્વાદ સમાન છે. મુનિરાજ શ્રી હિમાંશુવિજયજીની આ સાહિત્ય સેવા પ્રારંભિક છે, છતાં તેમણે ઠીક ઉન્નતિ સાધી છે એમ કબુલ્યા સિવાય ચાલી શકે તેમ નથી.

**દીક્ષા શાસ્ત્રનું રહસ્યઃ**—લેખક—ન્યાય-વ્યાકરણતીર્થ ફતેહચંદ બેલાની. પ્રકાશક શ્રી જૈન યુવક સંઘ-ઘડીઆળી પોળ વડોદરા.

વડોદરા સ્ટેટે નીમેલી સંન્યાસ દીક્ષા અંગેની કમીટીના નિવેદન ઉપર શ્રીમતિ ધી યંગ મેન્સ જૈન સોસાયટી તરફથી પ્રકાશીત થયેલ "નિવેદનની સમાલોચના" ઉપર આ નાનકડો નિબંધ ઠીક પ્રકાશ નાંખે છે આખીયે સમાલોચના કોઇ અસદ્-પાયા ઉપર રચાયી હોઇ એમ સાબીત કરવામાં ભાઇ બેલાણીએ આ નિબંધમાં ઠીક સફળતા મેળવી છે.

**સ્થુલીભદ્રની સંસાર નૌકાઃ**—લેખક શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી. પ્રકાશક જૈન સસ્તી વાંચનમાળાના માલીક ભાઇ અચરતલાલ જગજીવન મું. પાલીતાણા (કાઠીયાવાડ) મૂલ્ય રૂા. ૧-૪-૦ સવા રૂપીઓ.

થોડા વર્ષો પહેલાં ભાઇ અચરતલાલે, સમાજ, સાહિત્યમાં કઇરીતે રસ લે તે સંબંધી એક યોજના વિચારી હતી અને તેના પરિણામમાં જૈન સસ્તી વાંચનમાળા અસ્તિત્વમાં આવી હતી. તેનું વાર્ષિક લવાજમ ત્રણ રૂપીઆ રાખવામાં આવ્યું અને એ ત્રણ રૂપીઆમાં એક હજાર ઉપરાંત પાનાનાં પાકા પુંઠના ઐતિહાસિક નવીન પુસ્તકો દર વર્ષે એ આપે છે. ભાઇ અચરતલાલ સારા સારા લેખકો પાસે મહેનતાણું આપી જનતાની અભિરૂચી અનુસાર ઐતિહાસિક પુસ્તકો લખાવે છે. એના પુરાવામાં એ વાંચનમાળાના સંબંધ પુસ્તકો અમારી સમક્ષ સમાલોચના માટે પડયા છે તે છે. ઉપરોક્ત પુસ્તક સંવત ૧૯૮૫ ની સાલમાં અપાયેલ પુષ્પ પહેલું વાંચનમાળાનુ છે. આપણામાં સ્થુલીભદ્રનું સ્થાન અજોડ છે. એક માનવ અનુકૂળ સંયોગોમાં તો યમેતેવી રીતે ઇચ્છાનો નિરોધ કરી શકે છે, પરંતુ પ્રતિકૂળ સંયોગોમાં ઇન્દ્રિયો ઉપર કાબુ મેળવવો એ તો વિરલ છે. જંગલમાં રહીને બ્રહ્મચર્યની સાધનાનો દરેક મનુષ્ય કરી શકે છે પણ વેશ્યાગારમાં રહીને પટરસયુક્ત ભોજન તેમજ કામોદ્દીપક સામગ્રીનો પ્રતિદિન સહકાર હોવા છતાં બ્રહ્મચર્યની સાધના તો સ્થુલિભદ્રજ કરી શકે તે સિવાય બીજા પણ કેટલાક પ્રસંગો પ્રકરણોના રૂપમાં આપી ભાઇ "ચોકસી" એ પુસ્તકને સર્વાંગ સુંદર બનાવવામાં ઠીક જહેમત ઉઠાવી છે. એકંદરે પુસ્તક સંગ્રહવા લાયક છે.

**ચંપકશ્રેષ્ઠી યાને ભાવિની પ્રબળતાઃ**—લેખક મણીલાલ ન્યાલચંદ શાહ પ્રકાશક ઉપરોક્ત જૈન સસ્તી વાંચનમાળા મું. પાલીતાણા કાઠિયાવાડ મૂલ્ય રૂા. ૧-૪-૦ સવા રૂપીઓ સંવત ૧૯૮૫ ની સાલની વાંચનમાળાનું આ બીજું પુસ્તક છે.

સંવત ૧૬૫૩ માં શ્રી પ્રાતિવિમલ ગણીએ સંસ્કૃત પદ્યમાં લખેલ શ્રેષ્ઠિ કથાનકનું આ નોવેલની દ્રષ્ટિથી ભાષાંતર કરાયેલ છે. પાંચ કારણો પૈકી 'ભવિતવ્યતા'ને આમાં પ્રધાન સ્થાન આપવામાં આવ્યું છે. નૈતિક અને ધાર્મિક દ્રષ્ટિએ આ પુસ્તક વાંચવું જરૂરી છે.

**ચિત્રસેન પદ્માવતી**—લેખક નેમચંદ ગીરધરલાલ. પ્રકાશક ઉપરોક્ત વાંચનમાળા પાલીતાણા કાઠિયાવાડ. મૂલ્ય રૂા. ૧-૦-૦ એક રૂપીઓ સંવત ૧૯૮૫ ની સાલની વાંચનમાળાનું આ ત્રીજું પુસ્તક છે.

આ પુસ્તકમાં શિયળનો મહિમા બતાવવામાં આવેલ છે. સાથે મિત્રસ્નેહ, ધર્મપ્રીતિ, શૌર્ય, ધૈર્ય, આપત્તિમાં કસોટી, પતિપ્રેમ, પૂર્વ ભવના સંસ્કારો વગેરે અવગિણ છે. એટલે પુસ્તક સુંદર છે. કથાની દ્રષ્ટિએ પણ અપૂર્વ છે. સસ્તી વાંચનમાળાએ આવા નૈતિક પુસ્તકો બહાર પાડી સમાજની સારી સેવા બજાવી છે. એમ માનવાની ફરજ પડે છે.

## શ્રી. વાણિજ્ય વિદ્યામંદીર.

સાધારણ સ્થિતિના વિદ્યાર્થીઓને વ્યાપારી જ્ઞાન આવશ્યક હોવાથી તેની વ્યવસ્થા એક વર્ષથી શરૂ થઇ છે.

અભ્યાસક્રમ ત્રણ વર્ષનો છે. પ્રથમ વર્ષની ફી રૂા. ૨, બીજા વર્ષની ફી રૂા. ૩, અને ત્રીજા વર્ષની ફી રૂા. ૪, માસિક છે. પ્રથમ વર્ષમાં અંગ્રેજી, પત્રવ્યવહાર, ગુજરાતી, હિન્દી, ગણિત, લેખા, દેશી અને અંગ્રેજી નામું, વ્યાપારના મૂળ તત્વો હિંદનું રાજ્ય બંધારણ, વેપારી ભૂગોળ, અને ટાઇપ રાઇટીંગનું શિક્ષણ આપવામાં આવે છે. બીજા વર્ષમાં ઉપરના વિષયો ઉપરાંત આર્થિક પ્રશ્નો અને જાહેર આવક અને ખર્ચ તથા અર્થશાસ્ત્ર શીખવવાનો પ્રબંધ છે. ત્રીજા વર્ષમાં પણ તેજ વિષયો રહેશે. શાળા છેલ્લી પરીક્ષા લઇ પોતાનું "વાણિજ્ય વિનિત"નું પ્રમાણપત્ર આપશે; તે ઉપરાંત ધી ઇન્ડીયન મરચન્ટસ ચેમ્બર ઓફ કોમર્સની પરીક્ષા આપવા માટે પ્રબંધ કરવાનો ઠરાવો છે. શિક્ષકો તરીકે બે અનુભવી બી. કોમ અને બીજા શિક્ષકોની ગોઠવણ કરવામાં આવી છે. દાખલ થનારની લાયકાત અંગ્રેજી ચોથા ધોરણ પસાર કર્યાની છે. નવા વર્ગો એપ્રીલ ૧ લી થી શરૂ થશે; તા૦ ૨૦ મી એપ્રીલ પછી દાખલ કરવામાં નહિ આવે. દાખલ થવાની અરજી તથા વિશેષ માહિતી માટે મળો યા લખો:—

મંત્રીઓ, **શ્રી વાણિજ્ય વિદ્યા મંદીર,**
પીપળાનોશેર પાઠક (ઉ. ગુ.)

# હિન્દી વિભાગ.

## ભારતવર્ષીય પોરવાલ મહાસમ્મેલન પર સમ્મતિ.

गत ता. १५-१२-३२ के 'प्रबुद्ध जैन' के अंकमें श्रीयुत समाज हितैषी समरथमलजी सींघीने. पोरवाल महासंमेलन होनेके लिये जो निवेदन प्रगट किया है। उसपर निम्नोक्त महाशयो के तर्फसे सुसम्मतियें दी गई है। हर्षका विषय है कि पोरवाल संमेलन अभतिक कभी नहि हुवाथा वो होता हैं इसमें समरथमलजी सींघी जीने जो परिश्रम उठाया है यह धन्यवादके लायक है। नवयुवकोंको विनयपूर्वक प्रार्थना है कि पोरवाल महा संमेलन पर अपनी अपनी सुसंमतिमां प्रगट करे आशा है कि कुरीतीयां मिटानेसे अपनी उन्नति होगी अपनी समाज में कन्याविक्रय; बाललग्न वृद्धलग्न आदि जितने हानी-कारक रिवाज है फिजुल खर्च दिनदिन बढता गया है, उन सबका नाश करनेके लिये संमेलनका अच्छा मौका है और सबको भाग लेनेके लिये सूचित कियाजाता है आपका धीवराज चेलल और दुसरा पचीस जुदे जुदे गांवोके सद्गृस्थो की सही है।

### होली नहीं मनाई गई.

परताबगढ (माळवा) में "जैन श्वे० मित्र मंडल" की तरफ से एक अपिल छपवाकर जनता में वितीर्ण कराई गईथी परिणाम स्वरुप होली के दिनों गाली आदि विभत्स वर्ताव बंद रहा।

### कन्या--विक्रय

परताबगढ (माळवा) यहीं वीसा हुमड जाति में धडाधड कन्या-विक्रय हो रहे है। विशेष परिचय के लिये आगामी अंक देखो।

भरतपुरमें-श्रीमाल और ओसवाल भाईयों में बेटी व्यवहार चालु हो गया। फाल्गुन सुदी २ को एक विवाह आनंद पूर्वक हुवा, दोनो जाति के सज्जनोंने वैवाहिक कार्यों में समाधान पूर्वक भाग लियाथा।

पीपाड शहर-( जोधपुर स्टेट ) के अंदर यही ज्ञातके ओसवालोंमे कर सजन ऐसे अत्याचारी है जो अपनी बहन बेटी को रूपया लेकर बेचते है याने कन्या-विक्रय बढाकर समाजको बिल्कुलही डूबाना चाहते है और उन रूपयोंसे आप माल मलीदा उडाते है। यह समाजके लिये बहुत दुःखकी बात है इसलिये यहांकी जाति का फर्ज है कि ऐसे घोर अत्याचार बंध करवाके समाजको उन्नतिके राह पर पहूंचाये।

आगरा-ता २ फरवरीसे आठ फरवरी तक श्री जन पंच-कल्याण के महोत्सव बडीधामधूमसे मनाया गया इसमें दीगंबर जैन श्रीयुत बिहारीलालजी जैसवाल और उनकी भगिनी श्रीमति लाडोबाईने मिलकर करीब साढेतीन लाख रूपया खर्च किया। सातदिनमें धार्मिक अनुष्ठानके बहाने साढेतीन लाख रूपया स्वाहा होगया इससे समाजको कुछ फल प्राप्त नहि हुवा। यदि इन साढेतीन लाख रूपयोसे जैन समाजमें एक कोलेज स्थापित कियाजाता तो समाजको कितना लाभ मिलता ?

रतलाम-जबलपुरके एक धनिकने यहांकी विधवा की पुत्रीके साथ काफी संपत्तिसे सोदा तयकर शादी करने आयेथे स्थानिक जनताने उनका खुब विरोधकिया पुलिस बुलाई गई और खुब मारपीट हुई और अंतमे पुलीसके सहयोगसे उस बालिकाका लक्ष्मीदेवीपर बलिदान दियागया कहते है कि स्थानिक महाजन विरुध्धमें इनसे उपरवट होकर विधवाने अपनी पुत्रीका ब्या करदीया और महाजनके कितनेक आदमीको तिरस्कार कराया है। समाज सावधान।

अखिल जैनोका दैनिकपत्र- दिगंबर श्वेतांबर और स्थानक-वासी समस्त जैनोकी औरसे 'वीर' नामक एक हिंदी उर्दुका दैनिक पत्र देहलीसे निकालनेकी योजनाकी जा रही है इसके लिये एक लाख रूपये के सेर बेचकर एक लीमीटेड कंपनीद्वारा प्रेस खोला जायगा इसका उद्देश होगाकि राष्ट्रीयता की रक्षा करते हुए जैन मात्रका संगठन और उसके अधिकारोंकी रक्षा करना।

हाला-(सिंध)में मुनिश्री विनय विजयजीके सदुपदेशसे यहांके संघने सर्व संमतिसे निम्नेलिखे हुए ठराव पास कीये। विदेशी खांड कोई भाई न मंगवावे, मृत्युभोज औसर मुक्ता एकदम बंद करदिया जाय विवाहमें गालियां गाना एकदम बंद कर-दियाजाय, विवाहमें जो खर्च होता था उसमें कमी करदिया जाय और इससे जो रकम बचे उसको धारण खातेमे दे दीजाय। सब मुनीराजोंको चाहिये के ऐसे अनुकरणीय उपदेश दे कि जिससे समाजकी उन्नति हो।

कुचेरा-यहांके जैनमंदिरमें रात्रिके समय चोर ५ ताले तोडकर २५०) का माल चुरा ले गये, पुलिस पत्ता लगा रही है अभीतक चोरीका पत्ता नहि मिला है।

मोटर सर्वीस-उदेपुर मेवाड और राणकपुर पंचतीर्थके बीच मोटर सर्वीस चालु की गई है उदेपुरसे सिर्फ छ घंटेमें राणकपुर मोटर पहूंचती है केसरीयाजी और मारवाडकी पंच-तीर्थोंमे यात्रा करनेवाले को यह सुभीता होगया है उदेपुरसे राणकपुरजीका साढेतीन रूपया किराया नियत कियागया है।

बामणवाड-(मारवाड) में पोरवाल संमेलन व चैत्र मासकी आयंबिलकी ओलीपर बहुतसे. आदमी आयगें इसलिये बडी तैयारी चल रही है। आचार्य विजयवल्लभसूरि और अनेक साधुगण वहां उपस्थित होगें समाजकी उन्नति चाहनेवाले सभी भाइयोंको चाहिए कि वे इस अवसर पर बामणवाडाजी पहुंच जाय और मारवाडमें जो कुरूढियां और वहमों ने अपना साम्राज्य जमा रक्खा है उसको उखाडकर फेंकदे और समाजोन्नतिमें आगे बढे।

### आवश्यक सूचना

"प्रबुद्ध" में हिन्दी विभाग रखनेका निश्चय किया गया है इसलिये 'हिन्दी' लेखकों और संवाद दाताओं की आवश्यकता है. समाचार देनेवाले सेवाभावी युवकों को पोष्ट खर्च दिया जायगा।

लेखकोंसे-समाज की उन्नति कैसे हो, कुरूढिया और पोपशाही का नाश कैसे हो आदि जुदे जुदे विषयपर लेख भेजें लेख शुध हिन्दी में कागज के अेक बाजु शाहीसे लिखा हो, नाम प्रगट नहीं करना हो तो लिखना चाहिये।

ग्राहकोंसे-'प्रबुद्ध' का आगामी अंक वी. पी. से भेजा जायगा, जो ग्राहक न रहना चाहते हो वे कृपाकर लिख भेजे वृथा पोष्ट खर्च बचावो।

संपादक.

# સમાચાર.

**સ્થાનિક**—શ્રીમંત મહારાજા સર સયાજીરાવ ગાયકવાડની ૭૧ મી જન્મ-જયંતિ ઉજવવાનો ભવ્ય મેળાવડો ઓપેરા હાઉસમાં થયો હતો. મહારાજાને માનપત્ર અપાયા બાદ લગભગ ચાળીસેક મુંબઈની જુદી જુદી સંસ્થાઓએ હારતોરા અર્પણ કર્યાં હતા. જેમાં મુંબઈ જૈન યુવક સંઘ, તરુણ ભારત જૈન ક્લબ, પાટણ જૈન મંડળ, તથા પાટણ જૈન મંડળ બોર્ડીંગ વગેરે જૈન સંસ્થાઓ પણ હતી. (૨) બોમ્બે ફલાઈંગ ક્લબ લીમીટેડ તરફથી શાન્તાક્રુઝ ખાતે મુંબઈના ગવર્નર સાહેબની હાજરીમાં મેળાવડો થયો હતો. તમાં ૩૦૦૦ ફીટ ઉંચેથી એક છત્રીની મદદથી નીચે ઉતરવું, ઉંધુ એરોપ્લેન ઉડાડવું વગેરે દિલ ધડકાવનારા પ્રયોગો થયા હતા.

**વડોદરા**—રાજ્યસેનાની ટુકડી પડાવ નાંખી પડી છે. નાણાંની ઝોળીઓ જનતા પાસેથી ભરાવી તેનો સદ્વ્યય થાય છે!! (૨) દીક્ષા નિયામક નિબંધ અંગે તા૦ ૨૭-૪-૩૨ ને દિવસે ધારાસભામાં રજુ થશે. (૩) સાગરજી આજ કાલ વડોદરા આવવા વકી છે. (૪) જૈન યુવકસંઘ વડોદરા તરફથી મુનીશ્રી ન્યાયવિજયજીના અધ્યક્ષપણા નીચે પંડિત દરબારીલાલજી ન્યાયતીર્થ અને પં. લાલને દીક્ષાના વિષય પર અજવાળતો પ્રકાશ પાડયો હતો.

**ભોંયણી**—દેરાસરવાળી ધર્મશાળામાં ત્યાંના ઠાકરડાઓની અંદરો અંદરની તકરારમાં એક ઠાકરડાનું મરણ નીપજેલું છે. તે બાબતનો કેસ અમદાવાદ ડી. જજની કોર્ટમાં ચાલે છે.

**સિહોર**—આચાર્ય મોહનસૂરિના નેતૃત્વ નીચે થયેલ ઉપધાન વખતે ભાઈ ચંદુલાલનું ખૂન થયું હતું તેના કેસનો ચુકાદો અપાઈ ગયો છે. આરોપી બાબુ જમનાદાસ જુવાન અને ખાનદાન કુટુંબનો છે તે લક્ષમાં લઈ તેને ૧ વર્ષની સખત જેલ અને રૂપીઆ ૨૦૦ દંડ થયો છે. દંડ ના ભરે તો ત્રણ મહિના વધારે સજા ભોગવે. આરોપી તરફથી અપીલ થવાનું સંભળાય છે.

**નાગપુર**—શેઠ પુનમચંદજી રાંકા જેઓ જેલમાં ઉપવાસ કરે છે તેમની મુશ્કેલીઓ દૂર કરવાની મધ્ય પ્રાંતની સરકારને અરજ કરવા એક જાહેર સભામાં ઠરાવ કરવામાં આવ્યો હતો.

**અંબાલી**—(ગોધરા) એક બાબો બાવો પોતાને એક નકલંકી અવતાર કહેવડાવી- અંધ ભક્તોને છેતરતો એ ધુતારો આશુ ૭ માસથી અડ્ડો જમાવી પડેલો. કોઈને એક વાર વાતચીતમાં ભેદ લાગવાથી મહંત (!) ગુસ્સે થયા. તેમના લાઠી ધારી શિષ્યોએ બે માણસોને સખત ઇજા કરી. પોલીસ સુપ્રીન્ટેન્ડેન્ટે મહંતને ગીરફતાર કર્યો. ગોધરાની કોર્ટમાં કેસ નોંધાયો છે

**આલમને એ વારે**—

—નરેન્દ્ર મંડળની વાર્ષિક બેઠક. ભારે ઉત્સાહથી દિલ્હી ખાતે ના૦ વાયસરોયે ખુલ્લી મૂકી

—શ્વેતપત્ર બહાર પડ્યો ને જનતામાં ગંભીર અસંતોષની લાગણી પ્રસરી છે. સમસ્ત જગતના ખુણે ખુણામાંથી વિરોધનો વંટોળ ઉછળ્યો છે.

—જાપાનને પ્રજાસંઘમાંથી ખસી જવું એવા સરકારના નિર્ણયને જાપાનની પ્રીવી કાઉન્સીલે બહાલી આપી છે.

## હાલના ધર્માધ્યક્ષો

### મહાત્માજીનું મંતવ્ય.

**ત્રીવેંદ્રમ, તા૦ ૨૧ સ્થાનીક વકીલ શ્રી આર. કેમલે મહાત્માજીને પ્રશ્ન પુછયો હતો કે "હાલના ધર્માધ્યક્ષોને તમે માન્ય રાખો છો?"**

**આ પ્રશ્નના જવાબમાં મહાત્માજીએ ઉત્તર આપ્યો કે "હાલના ધર્માધ્યક્ષોની વર્તણુંક પાયમાલીના પંથ તરફ દોરે છે જો તેમ નહિ હોત તો હિંદુ ધર્મને આપણે હાલમાં છે તે કરતાં કાંઇક ઉંચી કક્ષામાં જોઈ શકત."**

ન્યાતની બેઠક............... અનુસંધાન પૃષ્ઠ ૧૭૪ થી

**ચન્દ્રકાન્ત**—તો શા સારૂ આવા મહત્વના પ્રશ્નો માટે માટે કંઈ નિયમ નથી બાંધતા? પુરૂષ અને સ્ત્રી જાતિમાં આત્મા સરખો હોવા છતાં ઉભય માટે ન્યાય તોળવાના કાટલાં કેમ જુદા રખાય છે? લલ્લુ કાકાને ઘોડે ચડવાનું સર્ટીફીકેટ વગર માગે આપી દેવાય, પણ જેણે પતિની સેજ પર પગ સરખો મૂક્યો નથી, એવી બાળા રંડાય એટલે એને માટે બીજો રસ્તોજ ન મળે; તેને શું કામની પીડા નહિ દુઃખ દેતી હોય! વિધવા થઈ એટલે ખેલ ખલાસ, પછી ભલેને પંદર વર્ષનીજ હોય, સંસાર ને દંપતી જીવન શું ચીજ છે તે જાણતી પણ ન હોય! છતાં એના માથા પર ફરજીઆત વૈધવ્યના ખીલા ઠોકી દેવા આપણે તૈયાર! બાકી ઘરમાં એક બાયડી જીવતી હોય પણ છોકરાં ન થતાં હોય તો તરત બીજી કરવાનો આપણને પરવાનો! કદાચ મરી જાય તો કામતૃપ્તિ અર્થે સ્મશાનમાં પણ બોલ બોલવામાં આપણી માણસાઈ! એ સામે કંઈ બંધનજ નહિ! કેવો કાયદો! જરા કહેશો કે આપણો ધર્મ માને છે કે છોકરાં વિના ગતી ન થાય. અને જીવતર તે વિલાસ માણવા માટે કે ધરમ આચરવા અર્થે?

વકિલ, આ તો હજુ પાશેરામાં પહેલી પુણી છે. પહેલો કેસ હતો મરજી વિરોધ, પણ હવે પછી તો એ સામે મોરચા મંડાશે. એ જુવાનીઆઓ લ્હાવા લેવા નીકળશે તે પૂર્વે તો કંઈ કંઈ વીતકો વીતશે, એ સ્થિતિમાંથી ઉગરવું હોય તો ન્યાતે સત્વર એ સંબંધી કાનુન ઘડવાની જરૂર છે. પરણવાની પણ કાંઇ મર્યાદા હોવી ઘટે. નિયમો દેશકાળને અનુરૂપ ઘડાય અને તે પ્રૌઢ યુવાનના સહકારથીજ. ખોટા હાઉ દેખાડવાના દહાડા હવે ગયા.

ચન્દ્રકાન્તના વિવેચને તો સૌ કોઈની આંખ ઉઘાડી મેલી, શાંતિ તો એવી પથરાઈ હતી કે સોયનો અવાજ પણ સંભળાય. પટેલીયાઓ તો ગોંચા કરવા મંડી પડ્યા. જો સોળમી સદી હોત તો આટલું બોલવાજ ન દેત. ક્યારનો એને ન્યાત બહાર હડસેલી દીધો હોત! પણ આ તો વીસમી સદી ને વળી ગાંધી યુગ. બહાર આડંબર ગમે તેટલો રાખે પણ અંતરમાં ઢીલાશ. કાયદાનું નામ સાંભળતાં પાણી છુટે. જુવાનોનો ભરૂસો શો?

**શેઠ**—"નિયમના સંબંધમાં આપણે ફરીથી વિચાર કરીશું. આટલી ચર્ચા ચાલી એ પરથી જુવાનો જરૂર ધડો લેશે ને પુનઃ આવું ન કરે એવી મારી ફરમાસ છે."

—ચાલુ.

આ પત્ર લાલજી હરશી લાલને મહેન્દ્ર પ્રિન્ટીંગ પ્રેસ, ગાયા બિલ્ડીંગ મસજીદ બંદર રોડ, મુંબઈ, ૩ માં છાપ્યું છે. અને મોકલદાસ મગનલાલ શાહે 'જૈન યુવક સંઘ' માટે ૨૬-૩૦, ધનજી સ્ટ્રીટ, મુંબઈ-૩, માંથી પ્રગટ કર્યું છે.

આજના અંકનો વધારો.

# ભાઇ 'પટણી' ને આહ્‌વાહન.

મુંબઇ, તા૦ ૨૫-૩-૧૯૩૩.

વીરશાસન તા. ૧૭ મી માર્ચ ૧૯૩૩ ના પેજ ૩૭૩-૩૭૪ ઉપર "પાટણના જૈનો પ્રત્યે" એ શિર્ષક હેઠળ ભાઈ, પટણીએ, જાહેર હિંમતના અભાવે પોતાની ફોઇએ પાડેલ નામ છુપાવીને "એક પટણી" ના નામે એક લેખ લખી મારા તેમજ પાટણ જૈન યુવક સંઘ ઉપર આક્ષેપો કરવામાં ભાન ભૂલી જઇ પાટણ જૈન યુવક સંઘના કાર્ય કર્તાઓની બદનક્ષી કરવા સુધી જઇ પહોંચ્યા છે. ભાઈ શ્રી પટણીએ ઇરાદા પૂર્વકજ આક્ષેપ કર્યા છે, એમ કહેવા કરતાં દલીલોના અભાવે પોતાના ગુરૂઓ તરફથી વારસામાં મળેલ સિદ્ધાંતોનો અમલ કર્યો છે એમ કહેવામાં જરાએ અતિશયોક્તિ નથી.

ભાઈ પટણી આવેશમાં હદ ઓળંગી ગયા છે તે તેઓના નીચેના વાકય ઉપરથી જોઈ શકાય છે. "આ પ્રમાણે ભેગા કરેલા પૈસાનો ઉપયોગ એક નિર્દોષ સાધુને ભર બજારમાં બેડી પહેરાવીને લઇ જવામાં" આ જાતનો આક્ષેપ કરીને ભાઇ શ્રી પટણી એમ કહેવા માંગે છે કે—"પાટણ જૈન યુવક સંઘના કાર્ય કર્તાઓએ ભેગા કરેલા પૈસાનો ઉપયોગ પાટણ સીટી ફોજદારને લાંચ આપી એક નિર્દોષ સાધુને બેડી પહેરાવવામાં કર્યો હતો, પરંતુ ભાઈ પટણી ભૂલી જાય છે કે આ લખાણની કઇ જાતની અસર થાય છે. આ લખાણથી અમો યુવક સંઘના કાર્ય કર્તા ઉપર પાટણ સીટી ફોજદારને લાંચ આપવાનો આરોપ મૂકાય છે, એટલુંજ નહિ પણ તેથી એ ભાઇ અમારી બદનક્ષી કરી રહ્યા છે અને અમારામાંથી કોઇ પણ ભાઈ પટણી ઉપર કાયદેસર પગલાં ભરે તો ભાઇ પટણીને ભારે થઇ પડે એ સહેજે સમજી શકાય તેમ છે, છતાં ભાઇ પાટણીની ચોક્કસ માન્યતાજ હોય તો વડોદરા રાજ્યના કાયદા મુજબ લાંચ લેનાર અને લાંચ આપનાર ગુન્હેગાર બને છે તો અમારા ઉપર લાંચ આપવા બદલનો આરોપ મુકી ફરીયાદ કરી શકે છે. આશા છે કે ભાઈ પટણી પોતાને ધર્મપ્રેમી અને શાસનપ્રેમી કહેવડાવનારા ટોળાનાજ હોવાથી સદરહુ ટોળાની નીતી અને રીતી મુજબ કોર્ટે જવામાં અને સમાજના પઇસાનો તે રીતે દુર્વ્યય કરવામાં જરાયે બાધ જોતા નથી, એટલે જરૂર હીંમત બહાદુર બની પડદો ચીરી પોતાના અસલ સ્વરૂપમાં પ્રગટ થઈ અમારા ઉપર પાટણ સીટી ફોજદારને લાંચ આપવાની ફરીયાદ કરશે અને અમો અમોને તે બદલના સમન્સ કે પકડ હુકમ મળે તેની રાહ જોવામાં ભૂલ નથીજ કરતા. એ સાબીત કરી આપશે. હું લાચાર છું એટલે મગરૂર છું કે અમારી નીતી તેથી વિરૂદ્ધ હોઇ અમારી ઇરાદા પૂર્વકની કરવામાં આવેલી બદનક્ષી બદલ કોર્ટમાં જઈ શકતો નથી. કારણ અમે એમ માનવાવાળા છીએ કે સમાજ કે ધર્મની સેવા કરવાનું વ્રત લેનાર માટે આ જાતના આક્ષેપો કે તેની બદનક્ષી કરવાના કૃત્યો બને તેમાંજ તેની નિર્મળતા અને સેવાની કસોટી છે અને વધુમાં તેવી ક્ષુલ્લક બાબતમાં સમાજના પઇસાનો ખોટો વ્યય કરાવવો એ એક સાચા સમાજ-સેવક કે ધર્મ સેવકને શરમાવનારૂં હોઇ ભાઇ પટણી વિરૂદ્ધ આ લખાણ બદલ કાંઇ પણ પગલાં લઇ શકતા નથી; પરંતુ ભાઇ પટણી જરૂર અમારા ઉપર ફરીયાદ કરી અમારી કસોટી કરાવવાની અને સત્ય હકીકત પુરવાર કરી આપવાની તક અમને જરૂર આપશે તેવી આશા છે.

ભાઈ પટણી પેરીગ્રાફ ૧ માં ખાસ મ્હને ઉદ્દેશીને લખે છે કે "યુવક સંઘના મંત્રી કેશવલાલ મંગળચંદે દાંભીક રીતે કહ્યું હતું કે અમારો યુવક સંઘ ધર્મની બાબતમાં તેમજ ચાલુ દીક્ષાની બાબતમાં પણ કાંઇ કરવા નથી માગતા, માત્ર તેનો તો ધ્યેય હાલના જૈનોની ઉન્નતિ થાય તેવા પ્રયત્નો કરવાનો છે. અત્યારે આપણે સહુ કોઇ જોઇ શકીએ છીએ કે-પ્રવર્તક શ્રી કાંતિવિજયજી મહારાજ સમક્ષ ઉચ્ચારેલા વચનથી ઉપર્યુક્ત મંત્રીશ્રી તદ્દન વિરૂદ્ધ રીતે વર્ત્યા છે" ભાઇ પટણીમાં સહેજે સમજ શક્તિ હોત તો તેઓ આ પ્રમાણે લખતજ નહિ કારણ પાટણ જૈન યુવક સંઘની સ્થાપના વખતેજ તેના ઉદ્દેશો નક્કી કરવામાં આવેલા હતા અને સદરહુ ઉદ્દેશો યુવક સંઘના સભાસદ થવાના છાપેલા ફોર્મમાં છાપેલા પણ છે અને તેથી ભાઇ પટણીની સોસાયટીના વડી ઓફીસના મંત્રી ભાઇ ચમનલાલ કેશવલાલ કડીયા યુવક સંઘના ઉદ્દેશોમાં ધાર્મિક સુધારણાનો ઉલ્લેખ હોવાથી મારે ઘેર આવી બે થી ત્રણ કલાક સુધી ચર્ચા કરી હતી, એટલે યુવક સંઘની સ્થાપના સાથેજ તેના ઉદ્દેશો નક્કી કરવામાં આવેલા હોઇ અમારા ઉદ્દેશો અનુસાર અમારા ધ્યેયને પુગવા અમારી પ્રવૃત્તિ થયેલી છે, એટલે ભાઈ પટણી! આ વાત તમારી ગેરસમજ ઉત્પન્ન કરનારી છે અને પ્રવર્તક શ્રી કાંતિવિજયજીની રૂબરૂ મે એ પ્રમાણે કહ્યુંજ નહોતું અને મ્હને કહેવાનો હકક પણ શું હતો? છતાં આ સંબંધે પ્રથમે હીન્ડબીલ બાજી ચાલેલી હોવા છતાં કાંઇ પણ સત્ય તારવી શકાયું હોય તેમ બન્યું નથી, માટે આ સંબંધે પરસ્પર લેખો લખીને ખોટી રીતે શક્તિનો અપવ્યય કરવા જેવું છે.

10



ત્રીજી બાબતમાં ભાઇ પટણીનો એ આક્ષેપ છે કે પાટણ જૈન યુવક સંઘનો પંચાંગી સહીત પીસ્તાલીસે આગમો માનવાનો ઢંઢેરો જનતાને છેતરનારો હતો, કારણ તેજ શાસ્ત્રોમાં જણાવ્યા મુજબ થતી દીક્ષાઓને અટકાયત કરનારા ધર્મ વિરોધી કાયદાનો ટેકો આપી પોતાની દાંભીક પ્રવૃત્તિથી જૈન સમાજને છેતરવાનો પ્રયત્ન કર્યો છે. વિગેરે હકીકત લખી વિશેષમાં જણાવે છે કે—"અમોને જણાવતાં અત્યંત હર્ષ થાય છે કે—તેમની આવી ઢંઢેરારૂપી વાતલમાં કોઇ પણ પાટણનો જૈન ફસાયો નથી." ભાઇશ્રી ! આ પણ તમારૂં લખવું સત્યથી કેટલું વેગળું છે, એ લખી બતાવવા કરતાં સાબીત કરી બતાવવામાંજ શોભા છે. પાટણ જૈન યુવક સંઘની ઉપયોગીતા પાટણના જૈનો સ્વિકારે છે કે નહિ ? અને પાટણના જૈનોનો યુવક સંઘ ઉપરનો વિશ્વાસ હજુ કાયમ છે કે નહિ ? એ તમારી ચર્મચક્ષુ ઉપરથી પક્ષપાતરૂપી અસત્યના ચશ્મા ઉતારી નાંખશો તો સહેજે જોઇ શકશો. વડોદરા રાજ્યનો પ્રગટ થએલો સંન્યાસ દીક્ષા નિયામક નિબંધ શાસ્ત્રોક્ત ધોરણ મુજબ ઘડાએલો હોવાથી અમારો ટેકો છે. એટલે શાસ્ત્રોક્ત રીતે થતી દીક્ષાઓ અટકાવવાનો કે અટકાયત કરનાર આ નિબંધ નથીજ, પરંતુ શાસ્ત્રના નામે શાસ્ત્ર વિરૂદ્ધ શિષ્યમોહને ખાતરજ અપાતી દીક્ષાની અટકાયત કરનાર હોવાથી તેવી દીક્ષા અટકાવનાર કાયદાને એકેએક જૈન સહર્ષ વધાવી લે અને ટેકો આપે તે સ્વાભાવિક હોવાથી અમે અમારો ટેકો આપવામાં જરાએ દંભ નથી સેવ્યો એમ હીંમતપૂર્વક કહી શકીએ છીએ. એટલે અમોએ પ્રગટ કરેલો ઢંઢેરો અમારી સત્ય માન્યતાને સુચવનારોજ હતો.

ભાઇ પટણી, આપે જે બાતના ઉપર મુજબ ત્રણ આક્ષેપો કર્યા છે તે સાચાજ છે અને તે પૂરવાર કરી આપવાની આપશ્રીમાં હીંમત હોય તો પાટણના નાગરીકોની જાહેર સભામાં આપને બન્નેને યોગ્ય લાગે તે મધ્યસ્થની રૂબરૂ કે આપણે બન્ને જૈનેત્તર મધ્યસ્થની ચુંટણી કરી સદરહુ ચાર મધ્યસ્થોની રૂબરૂમાં તમે વાદી તરીકે તમારા આક્ષેપો સિદ્ધ કરી આપવા તઇઆર હો તો સેવક પોતાનો બચાવ કરવા તઇઆર છે, એટલુંજ નહિ, પરંતુ તમારા આક્ષેપો હડહડતા જુઠા અને તરકટી છે એમ સિદ્ધ કરી આપવા તઇઆર છે, તો વિનંતિ કે તમોને અનુકૂળ ચૈત્ર માસની કોઇપણ મીતી નકકી કરી જાહેર કરશો તો સેવક તઇયાર છે. આ સાંપડેલી તક નહિ જવા દો અને તમારી દ્રષ્ટિએ દેખાતું સત્ય સિદ્ધ કરી આપવા તઇયાર થશો તેવી આશા છે. તમારે સિદ્ધ કરી આપવાના આક્ષેપો નીચે મુજબ છે.

૧. મેં પ્રવર્તક શ્રી કાંતિવિજયજી રૂબરૂ ધર્મ કે દીક્ષાની બાબતમાં કાંઇ પણ કરવા ના પાડી હતી.

૨ પાટણ જૈન યુવક સંઘના ભેગા કરેલા પૈસાનો પાટણ સીટી ફોજદારને લાંચ આપી એક નિર્દોષ સાધુને બેડી પહેરાવવામાં ઉપયોગ કર્યો હતો.

૩ પંચાંગી સહીત પીસતાલીસ આગમો કે તેને અંગેના શાસ્ત્રો વિરૂદ્ધ સન્યાસ દીક્ષા નિયામક નિબંધ છે.

ઉપર મુજબના તમારા આક્ષેપો તમારે સિધ્ધ કરી આપવાના છે. અને પ્રતિવાદી તરીકે તમારા ઉપર મુજબના આક્ષેપો સત્યથી તદ્દન વેગળા છે એટલુંજ નહિ પરંતુ હડહડતા જુઠા અને સમાજને ઇરાદાપૂર્વક ઉંધે રસ્તે દોરવનારા છે તે ઉપર મુજબની સરતે હું પાટણના નાગરીકોની જાહેર સભા સમક્ષ બન્ને પાર્ટી તરફથી નીમાએલા બન્ને મધ્યસ્થની મધ્યસ્થના નીચે ચૈત્ર માસની કોઇ પણ મીતીએ સાબીત કરી આપવા તઇયાર છું. તો ભાઇ પટણી જરૂર તમારા અસલ નામે આ તક નહિ ગુમાવતા સ્વીકારી લઇ મીતી જાહેર કરશોજ.

પરસ્પર લેખોદ્વારા કોઇ દીવસે સત્ય પ્રગટ થતું નથી અને તેમાં શકિતનો ખોટો વ્યય છે એટલે આ સંબંધે લેખોના જવાબ આપવામાં હું કાંઇ પણ હીત જોતો નથી માટે સત્ય વસ્તુજ હોવાનો દાવો કરનારે તો સત્યતા પૂરવાર કરવા બહાર આવવું એજ આવશ્યક છે એટલે આ સંબંધે હેન્ડબીલબાજી ચલાવવી કે લેખનપટ્ટી ચલાવવી જરૂરી નથી. અસ્તુ.

લી૦ સંઘનો સેવક,

**કેશવલાલ મંગળચંદ શાહ,**

મંત્રી, શ્રી પાટણ જૈન યુવક સંઘ.

શ્રી જૈન ભાસ્કરોદય પ્રેસ, ધનજી સ્ટ્રીટ-મુંબઇ, ૩.